આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૧૫/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૮૨ ● અંક : ૧૦

સળંગ અંક : ૯૮૬

ડિસેમ્બર-૨૦૨૨



## સરસ્વતી વિદ્યામંડળ
## સરસ્વતી નાગરિક સમાજ

# સન્માન–અભિવાદન



# સરસ્વતી વિદ્યામંડળ : સન્માન - અભિવાદન સમારોહ





























email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૮૨

| સળંગ અંક : ૯૮૯ | ડિસેમ્બર-૨૦૨૨ |
|---|---|

| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| વ્યવસ્થા અને સંકલન | કે. ડી. પટેલ |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |



આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.


શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક | ₹ ૧૫૦ | $ ૪૦ | £ ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ ૨,૦૦૦ | $ ૨૦૦ | £ ૧૦૦ |

## અનુક્રમ


| | |
|---|---|
| સ્નેહનો ખોળો | ઋતુ શાહ / ૪ |
| સંપાદકીય : ચૂંટણીમાં રેવડી | જ્યોતીન્દ્ર દવે/ ૫ |
| વાર્તાનું શાસ્ત્ર | ડૉ. ઈશ્વર પરમાર / ૬ |
| એક અદ્‌ભુત વ્યક્તિત્વ | હીરજી નાકરાણી / ૧૦ |
| વર્તમાન પળનું મહત્ત્વ સમજાવનાર | હરેશ ધોળકિયા / ૧૨ |
| વિદ્યા અને અવિદ્યા બંનેની આવશ્યકતા છે | ભદ્રાયુ વછરાજાની / ૧૫ |
| શિક્ષકની ચેતના | ડૉ. અરુણ કક્કડ / ૧૭ |
| કસ્તૂરી : ધ વર્લ્ડ બૂક ડે | હેતલબેન ડી. શાસ્ત્રી / ૨૦ |
| લોકજીવનનો સમૃદ્ધ વારસો ઉખાણાં (વરત) | રવજી ગાબાણી / ૨૧ |
| પરમવીર ચક્ર-ભારતીય સૈન્યનું સર્વોચ્ચ સન્માન | અમિતા પાલખીવાલા / ૨૩ |
| ઊર્જાવાન શિક્ષકો | ડૉ. જે. એમ. નાયક / ૨૯ |
| ઘર ઘર વસાવા જેવી આત્મકથા : 'સત્યના પ્રયોગો' | પ્રા. મહેન્દ્ર જે. પરમાર / ૩૧ |
| કાગડાનું સ્વચ્છતા અભિયાન | માધવી આશરા / ૩૩ |
| બાનું ઘર | ચંદ્રકાન્ત જે. સોની / ૩૫ |
| સ્કૂલનો નાસ્તો | / ૩૭ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૩૯ |
| સરસ્વતી વિદ્યામંડળ : સન્માન-અભિવાદન સમારોહ અહેવાલ | / ૪૧ |



**કાર્યાલય**

**"ઘરશાળા" શૈક્ષણિક માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ**

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


**આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.**

# સ્નેહનો ખોળો

ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના
૩૦૨, યશ ઍક્વા કૉમ્પ્લેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર, વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

વિદ્યાદાનમાં ભણવા આવતાં દરેક બાળક વિશિષ્ટ. દરેકની આગવી વિશેષતા. દરેકની જુદી જુદી શક્તિ. દરેકમાં પ્રેમ અને લાગણીના ફુવારા છૂટે. દરેકમાં અન્ય માટે અપાર પ્રેમ. દરેકમાં કંઈક કરી છૂટવાની ભાવના. દરેકની આંખોમાં સુંદર સ્વપ્ન અને  દયમાં અનુકંપા. દરેક બાળક પર એક સ્વતંત્ર લેખ કરી શકાય તેવું તેમનું વ્યક્તિત્વ. તેમનાં તોફાનો વિશે પણ લખવું હોય તો ઘણું લખી શકાય.

સત્યા અને પાયલ બે નટખટ છોકરીઓ. છ-સાત વર્ષની આ બે છોકરીઓ અધિકારપૂર્વક બધા પાસેથી લાડ મેળવે. આમ તો વિદ્યાદાનમાં ત્રીજા ધોરણથી ભણાવાય છે,પરંતુ ખાસ કેસમાં કોઈ બાળકો આવે તો તેમને ભણાવાય. વિદ્યાદાનના વેન્ચરમાં ક્યાંય નકાર કે નિરાશાનું બોર્ડ નથી.

સત્યા અને પાયલને એક સ્વયંસેવક સાથે ખૂબ બને. બને એનો વાંધો નહીં, એવું તો બીજાં બાળકોમાં પણ થાય. ૫૦૦ જેટલાં બાળકો અને ૧૦૦ જેટલા સ્વયંસેવકો. અનેક બાળકોને કેટલાક સ્વયંસેવકો કે જેઓ શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેની સાથે વધુ ગમે અને બને આ સહજ વાત છે. જોકે, સત્યા અને પાયલની વાત સહજથી વિશેષ છે. આ બન્ને જિદ્દી અને નટખટ, નાનકડી, પતંગિયા જેવી બાળાઓ પોતાને ગમતા સ્વયંસેવકના ખોળામાં બેસીને જ ભણવાનો આગ્રહ રાખે. થોડીવાર માટેની વાત હોય તો ચાલે, પરંતુ ક્યારેક તો એવું પણ બને કે એ સ્વયંસેવક છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓને દોઢ-બે કલાક ભણાવતા હોય અને આ બન્ને છોકરીઓ તેમના ખોળામાં બેઠી હોય.

એક વખત તો ઋતુ શાહે તેમને કડક સૂચના આપીને કહ્યું કે નીચે બેસીને ભણો. તો તેઓ ન માન્યાં. સમજાવટ અને સૂચન કે પછી છેવટે હુકમ કર્યો તો પણ બાળહઠ અને સ્ત્રીહઠ ભેગી થઈ ગઈ એટલે એ છોકરીઓ શિક્ષકના ખોળામાંથી નીચે ન ઊતરી. તેમણે તો એવો પણ આગ્રહ રાખ્યો કે છઠ્ઠા ધોરણના છોકરાઓની સાથે અમને પણ ભણાવો. ના, બીજા કોઈ શિક્ષક ભણાવે તો બિલકુલ ના ચાલે. પોતાને ગમતા શિક્ષક જ ભણાવે.

ક્યારેક બાળકોના પ્રેમ પાસે વિદ્યાદાનના સ્વયંસેવકો પણ હારી જતા હોય છે. એ વાત જુદી છે કે પ્રેમમાં થતી હારને હાર નથી ગણાતી, તે એક જાતની જીત જ હોય છે.

એક શિક્ષક તરીકે મારી નમ્ર અપીલ સહ વિનંતી આ લેખ જરૂર વાંચશો, મજા આવશે.

# સંપાદકીય



જ્યોતીન્દ્રભાઈ દવે

## ચૂંટણીમાં રેવડી

આ સંપાદકીય વાંચશો ત્યારે કદાચ ગુજરાતની ચૂંટણીના પડઘમ બંધ થયા હશે. મતદારો પરિણામની રાહ જોઈ રહ્યા હશે. રાજકીય પક્ષોએ પરિણામોને ખેલદિલીથી સ્વીકાર્યા હશે. દુનિયાની મોટી લોકશાહીમાં ચૂંટણી એ પ્રજાનો ઉત્સવ છે. ચૂંટણી દ્વારા સત્તા પરિવર્તનો પણ પ્રજાએ સાહજિક રીતે સ્વીકાર્યા છે. દેશની લોકશાહી માટે આ એક ગૌરવશાળી સિદ્ધિ છે.

થોડા વર્ષોથી ચૂંટણી પંચની સક્રિયતાને કારણે મુક્ત અને તટસ્થ ચૂંટણીઓ થાય છે તેવો સંતોષ આપણે જરૂર લઈ શકીએ. પરંતુ રાજકીય પક્ષોમાં પ્રજાને ખુશ કરવા માટેના પ્રલોભનો આપવાની ટેવ વધતી જાય છે. દા.ત. મફત વીજળી, મફત શિક્ષણ, મફત અનાજ, કરમાં રાહત, દેવા માફી, સરકારી નોકરીઓ આપવાની જાહેરાત, સરકારી નોકરોના પગાર વધારો અને અન્ય વાજબી-ગેરવાજબી માંગણીઓનો સ્વીકાર વગેરે વગેરે. ટૂંકમાં ચૂંટણી આવવાની સાથે રાજકીય પક્ષો બેજવાબદાર રીતે વચનોની લ્હાણી શરૂ કરે છે અને નાગરિકો સાચી-ખોટી માંગણીઓ સંતોષવાનો અવસર હોય તેવું માને છે. રાજકીય પક્ષો સત્તા મેળવવા દષ્ટિહિન થયા છે અને પ્રજા ટૂંકાગાળાના પ્રલોભનો માટે વિચારહિન થઈ છે.

લોકશાહીમાં ચૂંટણી સમયે પ્રજા તેમની આશા-આકાંક્ષાઓ માટે રાજકીય પક્ષોને જાગૃત કરે તે સ્વાભાવિક છે. રાજકીય પક્ષો પણ તેમના ચૂંટણી ઢંઢેરામાં તેનો પ્રતિભાવ આપી નીતિ વિષયક અથવા તો સર્વજન હિતાય, સર્વજન સુખાય માટેની રૂપરેખા તર્કબદ્ધ પ્રજા સમક્ષ રજૂ કરે તે તંદુરસ્ત લોકશાહીનો અગત્યનો દસ્તાવેજ છે. આ દસ્તાવેજમાં રજૂ કરવામાં આવેલી રૂપરેખા આગામી પાંચ વર્ષમાં સરકાર અગ્રતાના ધોરણે શું કરશે. તેનો રોડમેપ છે. આપણે આ દસ્તાવેજની અગત્યતા ગુમાવી દીધી છે. રાજકીય પક્ષો પાસે વિચારશીલ અને સમર્પિત નેતાઓ નથી. પ્રજા પાસે અભ્યાસુ નાગરિકો નથી જે ચૂંટણી ઢંઢેરા અંગે તંદુરસ્ત ચર્ચા કરી રાજકીય પક્ષોને કઠેડામાં ઊભા રાખી જવાબ માગે... આ નથી માટે રેવડી ચલણમાં આવ્યું છે. જે લોકશાહીની મોટી કમનસીબી છે અને જવાબદાર પ્રજાતંત્રની શરમ છે.

દરેક ચૂંટણી વખતે લોકશાહીના મૂલ્યોને વધુ દઢ કરીએ તેવો સંકલ્પ કરી ગુજરાતના ચૂંટણીપર્વની પૂર્ણાહુતિ કરીએ.

# વાર્તાનું શાસ્ત્ર

## લે. ગિજુભાઈ બધેકા (૧૮૮૫-૧૯૩૯)

**સંક્ષેપક : ઈશ્વર પરમાર**
'મોરપીંછ', સિધ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫
મો. ૯૪૨૭૨૮૪૭૪૨
**Email : morpinchhdwk@gmail.com**

'બાળકોની મૂછાળી મા' તરીકે પ્રસિદ્ધિ પામેલા શ્રી ગિરિજાશંકર ભગવાનજી બધેકા 'ગિજુભાઈ'ના હુલામણા નામથી જ ગુજરાતમાં સર્વત્ર જાણીતા છે. ગુજરાતી સાહિત્યમાં બાલસાહિત્યનો પ્રારંભ ભલેને ઓગણીસમી સદીના પૂર્વાર્ધથી થયેલો હોય, ગિજુભાઈ જ તેના સર્વપ્રથમ સમર્થ પુરસ્કર્તા તરીકે સ્થાન પામ્યા છે."

ડૉ. શ્રદ્ધા ત્રિવેદી

"ઈશ્વરભાઈ મૂળ તો કૉલેજના એટલે કે મોટા વિદ્યાર્થીઓના અધ્યાપક છે. ગુરુ છે. એમનું મુખ્ય કામ છે, પણ એમનો જીવ તો બાળમહિમા ગાવાનો છે. એમની વાર્તાઓ અને બાળઉછેરના લેખો વાંચીએ ત્યારે એમ લાગે કે આ તો સાચા બાલશિક્ષક જ છે. તેઓ ગિજુભાઈના સાચા શિક્ષક હોય એવું લાગ્યા કરે છે..."

તા. ૧-૬-૧૯૯૭ - વિમુબહેન બધેકા

દક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર-૨

**૧. વાર્તાકથનનો ઉદ્દેશ :** જ્યાં સુધી વાર્તાકથનનો ઉદ્દેશ વાર્તા કહેનારના મનમાં સ્પષ્ટ ન હોય ત્યાં સુધી વાર્તા કહેનાર વાર્તાની પસંદગીમાં, તેના ક્રમમાં અને તેના કહેવાની રીતિમાં બહુ જ મુશ્કેલી અનુભવે.

આનંદ : સ્વાભાવિક સ્થિતિમાં મનુષ્યનો સ્વભાવ આનંદ મેળવવાનો છે અથવા દર્દને ભૂલી જવનો છે. આ બંને વૃત્તિથી પ્રેરાઈને માણસ વાર્તા સાંભળે છે. વાર્તા આનંદને માટે સ્વાભાવિક ખોરાક છે તેમજ તે દર્દની દવા પણ છે. નાનાં બાળકો પોતાની કલ્પનાના તરંગોમાં વધારેમાં વધારે ઊંચે ઊડવા માટે, વાસ્તવિકતાની દુનિયાને સમજીને તેમાંથી કલ્પનાના પ્રદેશો ઉઘાડવા માટે, પોતાના અનુભવોને ફરી ફરી વાર વાર્તા દ્વારા તાજા કરવા માટે,પોતાની અપૂર્ણ ઇચ્છાઓ પૂર્ણ કરવા માટે, પોતાની અક્રિય રહેલી લાગણીઓનાં ઝરણાંઓને પૂર્ણ જોશથી વહેવડાવવા માટે અને છેવટે પોતાની આસપાસની અણગમતી દુનિયાને, તેના નાનાં પોતાની મર્યાદામાં આવેલાં દુઃખોને ઘડીભર વિસરી જવા માટે શ્રવણ ચાહે છે. આ ચાહના પાછળ કોઈ ને કોઈ પ્રકારના આનંદની ઝંખના છે.

...વાર્તા એ આનંદનો વિષય છે. જીવનનું સ્વાભાવિક લક્ષણ આનંદ છે.આનંદની ભૂખ એ જીવન જેટલી જ સ્વાભાવિક છે,આ આનંદ આપણે જેટલા નિર્દોષ સાધનોથી દુનિયાને આપી શકીએ તેટલો માણસજાત પર ઉપકાર જ છે.

**(૨) શિક્ષણ :** જ્યાં જ્યાં શિક્ષણની ક્રિયા આનંદરહિત રહી છે ત્યાં ત્યાં આજે નહીં તો કાલે,વર્ષે નહીં તો બે વર્ષે,આ જમાનામાં નહીં તો બીજા જમાનામાં શિક્ષણનું કાર્ય નિષ્ફળ ગયેલું છે.

આજે તો શિક્ષણશાસ્ત્રમાં અગ્રગણ્ય વિચારકો કહી રહ્યા છે અને સિદ્ધ કરવા લાગ્યા છે કે શિક્ષણ અને આનંદ એ એક વસ્તુ છે; અશિક્ષણ અને આનંદનો અભાવ એ એક વસ્તુ છે. આજે 'રમત કરો ત્યારે રમત કરો,ને કામ કરો ત્યારે કામ કરોદ્ગ' ? એ મુદ્રાલેખ બદલાઈને 'રમત કરો ત્યારે કામ કરો ને કામ કરો ત્યારે રમત કરો' એ મુદ્રાલેખ થોડીએક શાળાને બારણે લાગવા માંડ્યો છે. અને એથી એ થોડી શાળાઓને બારણે તો 'બધી રમત કામ છે, બધું કામ રમત છે' એમ મોટા અક્ષરે લખાવા માંડ્યું છે. જો વાર્તા આનંદ આપનારી વસ્તુ સ્વયં સિદ્ધ છે તો વાર્તાને આજે શાળાના શિક્ષણમાં કેટલું બધું સ્થાન મળી જાય એ સ્વાભાવિક છે. આથી જ આજે કેટલાએક દેશોમાં વાર્તા દ્વારા ઘણા ઘણા વિષયો શીખવવાનું શીખવવાનું ચાલે છે. પ્રથમ ઉદ્દેશમાંથી ફલિત થતો આ બીજો ઉદ્દેશ છે.

પ્રત્યેક વિષયશિક્ષણની શરૂઆત વાર્તાના કથનથી થઈ શકે. વાર્તા દ્વારા શિક્ષણ આપવાની રીતિ પુરાણી છે.આ અવતરણથી આ વિચાર સ્પષ્ટ રીતે મૂકી શકાશે :

"હિન્દુસ્તાનમાં પણ યાત્રા માટે નીકળેલા ઋષિમુનિઓ ક્યાંય સત્ર ચાલતું હોય ત્યાં થોડા દહાડા વિશ્રાંતિ કરતા અને અત્યંત ઉત્સાહથી ધાર્મિક વાર્તાઓનો વિનિમય કરતા. બુધ્ધ ભગવાન પણ દરરોજ સાંજે શ્રમણ ભિક્ષુઓને ભેગા કરીને વાર્તા કહેતા. ઈશુ ખ્રિસ્ત ધર્મોપદેશ કરતા ત્યારે વાર્તાઓ દ્વારા જ ઉપદેશ ઠસાવતા." આપણે ત્યાં પણ રાજપુત્રોને ધાર્મિક વાર્તાઓ દ્વારા બધું જ્ઞાન અપાતું. 'પંચતંત્ર'ની પ્રતિજ્ઞાની વાર્તા પણ એવી જ છે. રાજાના ઠોઠ છોકરાઓ કેમે કર્યા ભણતા જ ન હતા તેમને આર્ય વિષ્ણુ શર્માએ વાર્તા દ્વારા છ મહિનાની અંદર ભણાવી-ગણાવીને ડાહ્યા બનાવી દીધા. ઉપનિષદોમાં પણ મોટા મોટા ઋષિઓ વિશ્વનાં રહસ્યો ઉકેલનાર સિદ્ધાંતો વાર્તા દ્વારા પોતાના શિષ્યોના મન પર ઠસાવતા.

(૩) **કલ્પનાશક્તિની ખિલવણી :** વાર્તાકથનનો ત્રીજો ઉદ્દેશ સાંભળનારની કલ્પનાશક્તિ ખીલવવાનો છે. કલ્પના અને ભ્રમણા એ બેમાં તફાવત છે. ભ્રમણાનો અર્થ છે સંદેહ, ભ્રાન્તિ. કલ્પના વસ્તવિકતાની બીજી બાજુ છે અથવા કલ્પના વાસ્તવિકતાનો વિસ્તાર છે. પ્રત્યેક કલ્પના વાસ્તવિકતાના મૂળમાં છે,પણ વાસ્તવિકતામાંથી અમુક વસ્તુ કલ્પનાને પામે છે, અને એમાંજ કલ્પનાશક્તિનું બળ રહેલું છે.

આખરે મનુષ્યનું માનસ મર્યાદિત છે અને તેથી કલ્પનાનો પ્રદેશ મર્યાદિત છે. કલ્પનાનો પ્રદેશ વાસ્તવિકતાના કારણે જ મર્યાદિત છે અને તેથી કલ્પનાનો પ્રદેશ મર્યાદિત છે તે વિચાર કરવાથી સમજી શકાય તેમ છે.

વાર્તાથી કલ્પનાશક્તિ ખીલે છે. એક, બે, ત્રણ, ચાર એમ સંખ્યા શીખવીએ છતાં એવી અનંત સંખ્યા હોઈ શકે એવી સમજણ બાળકમાં ન આવે ત્યાં સુધી તેનામાં ગણિતવિષયક કલ્પના નથી આવતી. એક માણસ મરે છે, બીજો માણસ મરે છે, ત્રીજો માણસ મરે છે, એમ છે માટે બધા માણસ મૃત્યુને આધિન છે એમ સમજી લેવું એ કલ્પનાનો પ્રદેશ છે. વિશિષ્ટ ઉપરથી સામાન્ય પર જવાની શક્તિનું બંધારણ કલ્પનાશક્તિના પ્રાબલ્ય ઉપર છે. આ એક વાત છે.

બીજી વાત એ છે કે વાસ્તવિકતાનાં જુદી જુદી જાતનાં મિશ્રણ કરીને તેને એક નવીન મિશ્રણ તરીકે રજૂ કરવી એ પણ કલ્પનાનો પ્રદેશ છે. અનેક જુદી જુદી વાતે કલ્પના સંસારમાં બનતી અનેક જીવન-ઘટનાના વાસ્તવિકપણાને નવી રચનાથી ગોઠવી દઈ તેને એક વિશિષ્ટ ઘટના બનાવી લેવી એમાં જે રહેલું છે તે વાર્તાની કલ્પના છે. વાર્તા પોતે જ કલ્પનાનું ફળ છે. એ વાસ્તવિકતાથી ભરેલી છે, છતાં એનો પ્રબંધ કલ્પનાને આભારી છે.

આથી વાર્તા દ્વારા કલ્પનાશક્તિ વિકસાવવાનો ઉદ્દેશ માન્ય રાખી શકાય તેમ છે પણ આ ઉદ્દેશ ગૌણ છે એ ભૂલી જવાનું નથી.

(૪) **શુધ્ધ ભાષાનો પરિચય :** શિક્ષણની દૃષ્ટિએ વાર્તાના કથનનો આ સિવાય પણ એક બીજો ઉદ્દેશ છે.એ ઉદ્દેશ વિદ્યાર્થીની ભાષાશુદ્ધિ સાધવાનો છે. શુદ્ધ ભાષાજ્ઞાન માટે શુદ્ધ ભાષાનો પરિચય એ રાજમાર્ગ છે.

વાર્તા દ્વારા તેને સાંભળનાર વાર્તાની ભાષાના પરિચયમાં આવે છે, એટલું જ નહીં, પણ જે શબ્દસમૂહોથી અને જોડકણાંઓથી ભાષા સ્પષ્ટ, જોરદાર અને અસલ બને છે,તે વાર્તાના શ્રવણથી આપોઆપ સાંભળનારના બની જાય છે અને સાંભળનારાનો ભાષા ઉપર ભારે નિર્મલ કાબૂ આવી જાય છે.

વાર્તાનું કથન એક બીજી રીતે પણ ભાષાજ્ઞાનના વિકાસમાં અજબ એવી રીતે મદદગાર બને છે. પત્યેક મનુષ્યના જીવનમાં વારંવાર એવા પ્રસંગો ઉપસ્થિત થાય છે, એવી એવી લાગણીઓના પ્રવાહો વહે છે ને એવા એવા અવનવા અનુભવો થાય છે કે જે વ્યક્ત કરવા માટે તે ભાષાનું પણ શરણ લેવા દોડે છે. બરાબર આવે વખતે તેને જોઈતી ભાષા મળી જાય તો ભાષાનું જ્ઞાન

તેને વિના આયાસે સિદ્ધ થાય છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ અવલોકન કરનારાઓનો અનુભવ આ બાબતમાં વિશાળ હોઈ શકે.

જેમને બાળકોને જોઇતી ભાષા વખતસર આપવાની કળા પ્રાપ્ત થયેલી છે તેઓ તો સમજી શકે છે કે જીવનમાં ભાષાજ્ઞાનની પણ એક ઋતુ આવે છે, ને એ જ ઋતુમાં જો કોઈ કુશળ મનુષ્ય ભાષાના ખાતરને સમયાનુસાર અને આવશ્યકતા અનુસાર આપ્યે જાય તો નિ:સંદેહ ભાષાવૃક્ષ ઘણું જ ફૂલેફાલે.

સામાન્ય રીતે બધા માણસો બાળકોના ભાષા-વિકાસના ક્રમને અનુસરી શકે નહીં; એટલી ફુરસદ, એટલો આગ્રહ અને એટલી આવડત બધા શિક્ષકમાં હોય પણ નહીં. વળી ક્યે વખતે કઈ ભાષા આપવી તેનો વિવેક કરવો એ તો અતિ કઠિન વસ્તુ છે. આવી સ્થિતિમાં વાર્તાકથન સુંદર કામ કરે છે.

જો વાર્તા યોગ્ય ભાષામાં કહેવામાં આવે તો સાંભળનારાઓ એમની જોઈતી ભાષા તરત જ પકડી લે. બાળક ક્યો ભાષાપ્રયોગ પકડે છે એ જ્યાં વાર્તા સમૂહગત થતી હોય તોય ત્યાં જાણી ન શકીએ; પણ જ્યાં વાર્તા વ્યક્તિગત અથવા થોડી વ્યક્તિઓને કહેવાતી હોય ત્યાં તો કહેનારનો અનુભવ ચોખ્ખે ચોખ્ખો છે કે વાર્તાની ભાષા બાળકની ભાષા ઘડવામાં મદદગાર થાય છે ને ભાષાની જરૂરતની પુરવણી કરે છે. આ રીતે ભાષાશિક્ષણની દૃષ્ટિએ વાર્તાનું કથન ઉપયોગી છે.

**(૫) લોકસંસ્કૃતિનો પરિચય :** વાર્તાઓ લોકસંસ્કૃતિનું અંગ છે. લોકસાહિત્યમાં હંમેશાં પ્રજાની સંસ્કૃતિ વહે છે. એ પ્રજાની સંસ્કૃતિનો સુપરિચય આપણે ભાવિ પ્રજાને કરાવવો હોય તો વાર્તાકથન-શ્રવણને આપણે ટકાવી રાખવું જોઈએ, ને એનો મહિમા આપણે સમજવો જોઇએ.

વાર્તાકથનથી સીધેસીધી રીતે એક મોંએથી બીજે મોંએ, એક વ્યક્તિએથી બીજી વ્યક્તિએ. એક સમાજેથી બીજા સમાજે અને એક જમાનેથી બીજા જમાને પ્રજાની સંસ્કૃતિનો સંદેશ જીવંત રહેતો આવ્યો છે.

વાર્તાઓમાં મનુષ્યજીવનનું પરિપૂર્ણ ચિત્ર પડે છે. એ પરિપૂર્ણ ચિત્રનો વારંવાર પરિચય કરવામાં આનંદ હોવાથી માણસને વાર્તા સાંભળવી ગમે છે. એ પરિપૂર્ણ ચિત્રના પરિચયમાં સંસ્કૃતિના આત્માનો પરિચય થાય છે.

આપણાં જૂનાં ધર્મપુસ્તકો, આપણી એક કાળની સંસ્કૃતિ દાખવે છે; આપણા ઐતિહાસિક ગ્રંથો ભૂતકાળની સંસ્કૃતિનું પ્રતિબિંબ આપણી આંખ આગળ ધરે છે; પણ લોકવાર્તાઓ જીવંત સમાજનો પ્રાણ ક્યાં છે ને ક્યાં છે તે આપણને બતાવી આપે છે.

આપણું લોકસાહિત્ય આજે જે સ્થિતિમાં છે તેથી વધારે ઉત્તમ સ્થિતિમાં આપણી સમાજભાવના, શિષ્ટતા અને ઉચ્ચતા નથી એમ જરાક તપાસીને જોતાં આપણને ખુલ્લેખુલ્લું જણાઈ આવશે. જનતાને આ સંસ્કૃતિનો પરિચય વાર્તાના કથનથી આપી શકાય છે.

**(૬) શિસ્તનું સ્વયં શિક્ષણ :** વાર્તા એક જાદુઈ વસ્તુ છે. બાળકો ઉપર તો એનો સજ્જડ પ્રભાવ પડે છે. વાર્તાના અદ્‌ભુત રસથી મુગ્ધ બનેલું બાળક વાર્તા કહેનારને અધીન વર્તે છે. આ અધીનતા દીનતાની નથી પણ સમભાવની છે, પ્રેમભાવની છે. વાર્તા કહેનાર પોતાનું દૃષ્ટિબિંદુ સમજે છે અને તેને રજૂ કરે છે એ કલ્પનાથી, સાંભળનાર કહેનારને ભૂલી જઈ, પોતાના જેવો જ એને કલ્પી લઈ, તેની સાથે એકભાવ અનુભવે છે.

આ એકભાવમાં માબાપો અને બાળકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ એકબીજાના ગાઢ પરિચયમાં આવે છ, એમની વચ્ચેનું ઉંમરનું અને જ્ઞાનનું મહદ અંતર તૂટી જાય છે અને તેઓ એકબીજાનાં બની જતાં વિશ્વાસ, પ્રેમ અને સહાનુભૂતિ એમનામાં આપોઆપ પ્રગટ થાય છે. આ મીઠા સંબંધમાંથી ઘરની કે શાળાની કે સમાજની વ્યવસ્થાના પ્રશ્ન સરળ થઈ જાય છે.

સર્વ વાર્તા કહેનાર માબાપો અને શિક્ષકોનો અનુભવ એવો છે કે વાર્તાનાં કથનમાં રસિયાં બાળકો વ્યવસ્થાના નિયમોને ખૂબ માન આપે છે. વાર્તાનું કથન પોતે જ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

એમનામાં એક પ્રકારની વ્યવસ્થા ઉત્પન્ન કરે છે. એ વ્યવસ્થાની અસર બીજા બધાયે પ્રસંગે ચાલુ રહેવાનો અનુભવ ઘણાને છે.

શાળાનો ઘોંઘાટ વાર્તાના જાદુની એક લાકડી ઊંચી થતાં જ શાંત પડે છે. તોફાન કરતું કે કજિયા કરતું બાળક વાર્તાની વાત નીકળતાં જ આનંદમગ્ન ચહેરે ટાઢુંટમ થઈ જાય છે. વાર્તા કહેનાર પોતાના હાથમાં હંમેશાં એક જાતની એવી ઔષધિ લઈને ફરે છે કે જેના વડે બેચેન, બેસૂરાં, અવ્યવસ્થિત, ઘોંઘાટિયાં, ચીડિયાં અને રિસાયેલાં બાળકો કે મનુષ્યોને તે તરત જ સુવ્યવસ્થિત કરી શકે છે. આ બધા વાર્તાના ફાયદાઓ છે . વાર્તા કહેવાના આ ઉદ્દેશો ગૌણભાવે હરહંમેશ પ્રવર્તે છે.

**(૭) સ્મરણશક્તિની ખિલવણી :** જેમ બાળકની કલ્પનાશક્તિ વાર્તાથી ખીલે છે તેમ બાળકની સ્મરણશક્તિ પણ વાર્તાથી ખીલે છે. સ્મરણશક્તિનો મૂળ પ્રાણ વિચારસંકલનના છે. એક વસ્તુને જોડાયેલી બીજી વસ્તુ સાંભરે, એક અનુભવ સંભારતાં બીજો યાદ આવે, એક પ્રસંગ તાજો કરતાં બીજો પ્રસંગ ડોકિયું કરે, એ સ્મરણશક્તિના વિચારસંકલનના તત્ત્વને કારણે છે. આપણામાં જેટલા પ્રમાણમાં વિચારશક્તિ સંકલનશક્તિ વધારે તેટલા પ્રમાણમાં આપણી સ્મરણશક્તિ વધારે પ્રબળ.

વાર્તાની ગુંથણી એવા પ્રકારની છે કે એમાં વિચારસંકલના સરળ અને સહજ છે. આ સરળતા અને સાહજિકતાને લીધે વાર્તાનો તંતુ સળંગ ચાલ્યો આવે છે અને સ્મરણશક્તિને પોષક અને સહાયક બને છે.

વાર્તાકથનથી સ્મરણશક્તિ ખીલે છે. વાર્તા એક એવું સાધન છે કે જેના વપરાશથી સ્મરણશક્તિને જોઈતી અને નિરોગી કસરત મળે છે. અસંબદ્ધ વાતોને સંઘરવાથી સ્મરણશક્તિ કમી થાય છે. પણ સંબદ્ધ અને યથાર્થ વાતોના શ્રવણથી સ્મરણશક્તિને હિતાવહ કસરત મળે છે. વાર્તામાં સંબદ્ધતા અને યથાર્થતાના ગુણો મોટે ભાગે હોય છે.

**(૮) અભિનયક્ષમતાનો વિકાસ :** આ સંબંધે આગળ વિસ્તારથી લખેલ છે.

**(૯) નિબંધલેખનનું પ્રથમ પગથિયું :** વાર્તાકથન એ મારી માન્યતા પ્રમાણે નિબંધલેખનનું પથમ પગથિયું છે, અને હોવું પણ જોઈએ. નિબંધલેખનમાં જે સુસંકલના જોઈએ છીએ, અને ક્રમપુરઃસરપણું અને સમતોલપણું તેમાં આવશ્યક છે, તે વાર્તામાં હોવાથી વાર્તા શરૂઆતના દિવસોમાં નિબંધલેખનના કામમાં અવશ્ય સ્વીકારવા યોગ્ય છે.

વળી, નિબંધલેખનમાં વિચારની ગોઠવણમાં જે મુશ્કેલીઓ વિદ્યાર્થીને અનુભવવી પડે છે, તે મુશ્કેલીઓ વાર્તાના નિબંધલેખનમાં અનુભવવી પડતી નથી, કારણ કે વાર્તા સ્વયંસુધારક હોવાથી વાર્તાની શૃંખલા તૂટતી નથી અને તેથી વિચારસંકલના અકબંધ ચાલે છે. વાર્તાઓમાં કહેનારની ભૂલ થાય કે સાંભળીને લખનારની ભૂલ થાય તો તુરત જ તે પકડાઈ જાય છે. સંકલન વિના વાર્તા લખનાર કે કહેનાર આગળ ચાલી જ ન શકે.

આ કારણથી વાર્તા, સ્વયંશિક્ષણ આપનારી છે અને એટલા જ માટે વાર્તાકથનથી નિબંધલેખન પર જવું સહેલું છે.

**(૧૦) સફળ ઉપદેશ :** માણસને અનેક રીતે ઊંચે ચડાવવાનો ઉદ્દેશ વાર્તાકથનનો છે ખરો. એ ઉદ્દેશ ગૌણ છે છતાં મહત્ત્વનો છે. પણ એ ઉદ્દેશ ત્યારે જ સરે છે કે જ્યારે આનંદની વસ્તુ તરીકે એને આગળ કરી ઉપદેશનો ઉદ્દેશ ઢાંકી મૂકવામાં આવે.

વાર્તાઓ પ્રેમાળ સહધર્મચારિણીની પેઠે મનને વશ કરીને માનવી સ્વભાવ અને માનવી જીવન વિશે બોધ આપી આપણને ખબર ન પડે તેમ ઊંચે ચડાવે છે. જે ઉપદેશ ઠસાવવામાં નીતિપાઠો નિષ્ફળ નીવડે છે તે વાર્તાઓ સહેલાઈથી ઠસાવી શકે છે.

પ્રાણીઓ ઉપર દયા કરો એમ કહેવા કરતાં એનાં ઉપર પ્રેમ થાય અથવા એની દીન દશા જોઈને દયા ઉત્પન્ન થાય એવી વાર્તાઓ કહીએ એની અસર વધારે સારી થાય છે.

# એક અદ્‌ભુત વ્યક્તિત્વ

**હીરજીભાઈ નાકરાણી**
નિવૃત્ત પ્રિન્સિપાલ, પી.ટી.સી. કૉલેજ,
સુરેન્દ્રનગર.
મો. ૯૧૦૯૦૭૭૦૭૬

જ્યારે ઈન્દ્રનો જય થાય છે ત્યારે જયેન્દ્રનો જન્મ થાય છે. એવા એક બુદ્ધ પુરુષ ડૉ. જયેન્દ્ર શાસ્ત્રીનું શબ્દબદ્ધ રેખાચિત્ર કંડારવાનું સમયવયસ્ક મારા પરમ મિત્ર ડૉ. મોતીભાઈ પટેલની લાગણી સભર પ્રેરણા થકી લખવા પ્રેરાયો છું. જોકે મારો જયેન્દ્ર સાથેનો જીગરી સંબંધ નથી પણ થોડાક કલાકોના સંપર્કથી સાન્નિધ્યથી મને જે ચિત્ર ખડું થયું તેને પ્રગટ કરવાની તક મળતાં હું આનંદ અનુભવું છું.

પહેલાં થોડા પરોક્ષ પરિચયની અછડતી વાત કરી દઉં. જયેન્દ્રભાઈના ગુરુબંધુ શ્રી વિનોદભાઈ દવે અને હું સાથે જી.બી.ટી.સી. માંગરોળમાં સહાધ્યાયી અને છાત્રાલયમાં રૂમ પાર્ટનર પણ હતા (૧૯૬૩-૬૪) સાવ દૂબળી પાતળી કાયા, માથાના વાળનું ઠેકાણું નહીં. ઓળ્યા વગરના જટિયાં સાથે ક્લાસમાં બેસી જતા ઘણીવાર મેં તેમને જોયા છે. જાડાકાચના ચશ્મા નાકની દાંડી પર ચડાવે ત્યારે સામેની વ્યક્તિ તેના મોટા ડોળા જોઈને પ્રથમ નજરે જરૂર ડઘાઈ જાય. જાણે આપણી સામે ડોળા કાઢતા હોય એવી જ આંખમાં અમી છકતા પણ મેં જોયા છે.

આ એજ જયેન્દ્ર; જે વિનોદભાઈનો અનુજ બંધુ હતો. તે વખતે બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં ભણીને તેમણે શાસ્ત્રીની ઉપાધિ મેળવી હતી. તેમણે ગુજરાત યુનિવર્સિટીની કૉલેજમાં પ્રવેશ મેળવવાનો પ્રયત્ન કર્યો, પણ માન્યતાનો પ્રશ્નએ પ્રવેશ અટકી ગયો. છેવટે રાજપીપળાની જી.બી.ટી.સી.માં પ્રવેશ મેળવ્યો. પછી તો તેજસ્વી મેધાએ તેમને પીએચ.ડી. સુધી પહોંચાડી દીધા.

તેમણે વિવિધ સ્કૂલ, કૉલેજોમાં સર્વત્ર કરીને શૈક્ષણિક કારકિર્દી જમાવી દીધી. તેમના મોટાભાઈ વિનોદભાઈ સાથે તેમને ઊભા રાખો તો જયેન્દ્ર કોણ અને વિનોદ કોણ એ બે પ્રતિમા ભૂલ ખવડાવી દે તેવી હતી. સમાન દેહકાઠી, સમાન ચહેરો-મહોરો, સમાન જાડા કાચના ચશ્મા, સુકલકડી કાયામાં ભલે બાહુબળ ઓછું હશે પણ આત્મબળ એટલું જ મજબૂત અને શક્તિસંપન્ન હતું.

જો હું ન ભૂલતો હોઉં તો બંને તમાકુની પડીકીના આદિ હતા. એક કપ ચા અને એક પડીકી તમાકું મોંમાં મૂકતાની સાથે હૈયામાં હુશિયારી આવી જાય. નસેનસમાં કસ આવી જાય. તેમનું બોલવાનું બહુ ઓછું એટલે તેઓ ઓછા બોલામાં ગણાતા હતા. જ્ઞાન-વિજ્ઞાનની ચર્ચામાં પાછા ન પડે. યથાર્થ ચર્ચા તેમને ગમતી પણ ખરી.

તેમની વાણી બળુકી અને મધુરમ. મૃદુભાષી તો ખરાજ એટલે શ્રોતાઓને તેમની વાણી પકડી રાખે. આવો અનુભવ અમને અમારી મૈત્રી પી.ટી.સી. કૉલેજ સુરેન્દ્રનગરના એક વક્તા તરીકે સાંભળ્યા પછી થયો. અમારે ત્યાં બોલાવવા પાછળ પ્રેરણા હતી ડૉ. મોતીભાઈ પટેલની. આ સિવાય ઈશ્વર પરમાર, પી.જી. પટેલ, જયેન્દ્ર પાઠક, અંબાલાલ પટેલ વગેરે અનેક તજજ્ઞોને આમંત્રવા પાછળ પ્રેરણા પણ તેવી જ હતી.

જયેન્દ્રભાઈ ખુલ્લા દિલના માણસ. સમકક્ષ મિત્રો તેમને ગમે પણ ખરા. આવા મિત્રના મિલનમાં ખીલી ઊઠતા. ખરેખર તો તેઓ સરળ, સહજ, ઋજુ સ્વભાવના માણસ હતા. તેઓ જન્મે બ્રાહ્મણ અને કર્મે પણ બ્રાહ્મણ. તેમના સ્વભાવ અને વાણીમાં બ્રહ્મત્વનું તેજ પ્રગટ્યા વગર ન રહેતું. સંસ્કૃત ભાષાના પ્રકાંડ વિદ્વાન અટક દવે, વેદના પણ અભ્યાસી. પ્રાચીન વેદ, ઉપનિષદોના પણ અભ્યાસી.

પુસ્તક પ્રેમ તો એટલો કે મનગમતું પુસ્તક હાથમાં આવી જાય તો પૂરું કર્યે છૂટકો. જે વાંચે તેના તળિયા સુધી, ઊંડાણમાં પહોંચી જનારા ખરા. વળી તત્ત્વજ્ઞાનના

અભ્યાસી એટલે તત્ત્વને ઝડપથી પકડી લેનારા પણ ખરા.

માનવમંદિર : સુરેન્દ્રનગરના પરિસરમાં મૈત્રી પી.ટી.સી. કૉલેજ અને બી.એડ્. કૉલેજ બંને ઉત્તર, દક્ષિણ માત્ર હજારેક ફૂટના અંતરે જ હતી. શ્રી મોતીભાઈને દ્વારકાથી સુરેન્દ્રનગર લાવવામાં મારી લાગણી પણ ખરી, આ લાગણી પરસ્પર હજુય જીવતી રહી છે. એક જ પરિસરમાં અમને બંનેને કામ કરવાનો જે સુવર્ણ અવસર મળ્યો છે તે ભૂલાય તેવો નથી. શ્રી મોતીભાઈ આવ્યા પછી જ્ઞાનનાં અજવાળાં વિશેષ ફેલાયા. શિણમય અને જ્ઞાનમય બળુકું વાતાવરણ સર્જાયું. નવો ઉત્સાહ નવી પ્રેરણા અને નવા નવા શિક્ષણ પ્રયોગો શરૂ થયા.

જયેન્દ્રભાઈના મિત્ર દિનકર શાહ પાસેથી જાણવા મળ્યું કે જયેન્દ્રભાઈ મોટે ભાગે ગુસ્સે ન થાય, મન પર જલદી ગુસ્સો આવવા ન દે. પણ વધારે પડતી નારાજગી ઊભી થાય ત્યારે તપી જતા વાર ન લાગે. ગુસ્સો આવે એટલે મોં પરના ભાવો બદલાઈ જાય, લાંબો સમય તેની અસર પણ રહે. ગુસ્સો શાંત થઈ ગયા પછી જાણે કંઈ બન્યું જ નથી તેવો સૌમ્ય સ્વાભાવિક વ્યવહાર શરૂ થઈ જાય. આ પણ તેમના સ્વભાવની એક વિશેષતા હતી; જે અંતે આનંદદાયક બની જતી.

આ માણસની સામે તેની વાણી માણી શકે અને જાણી શકે તેવા વિદ્યાર્થીને બેસાડી દો એટલે લોહચુંબકની જેમ શ્રોતા, ભાવકને પકડી રાખે, ઝકડી રાખે. એવા તો ખીલી જાય કે જાણે ઘડો સાવ ખાલી કરી નાખે.

જયેન્દ્રભાઈને હું બહુ વખત મળી શક્યો નથી પણ જેટલી વખત મળ્યો છું ત્યારે તેની પ્રસન્ન મુખમુદ્રા જોઈને હું અતિ રાજી થયો છું. કંઈક પોતાપણાનો ભાવ લઈને છૂટો પડ્યો છું.

તેમની મધુર સ્મૃતિના એક શેષ ભાગ રૂપે મારી શ્રદ્ધાંજલિ આપતા કૃતજ્ઞતા અનુભવું છું.


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/-**

**આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

સરસ્વતી વિદ્યામંડળ,
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,
સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.
gharashala@saraswatividyamandal.org
www.saraswatividyamandal.org/publication

# વર્તમાન પળનું મહત્ત્વ સમજાવનાર

**હરેશ ધોળકિયા**
ભુજ-કચ્છ.

વર્તમાન મીડિયાનું મહત્ત્વનું લક્ષણ કયું ?

તેનો સાચો જવાબ છે 'વિવેકનો અભાવ.' એટલે કે કયા સમાચારને મહત્ત્વ આપવાનું છે અને કયા સમાચારોને ઓછું મહત્ત્વ આપવાનું છે તે પસંદગી કરવાની શક્તિનો અભાવ. આપણે રોજ છાપાં વાંચીએ છીએ કે ટી.વી. જોઈએ છીએ, ત્યારે તેમાં જોઈએ છીએ કે જે ક્ષુદ્ર સમાચારો હશે, તે પહેલા પાને હશે અને મહત્ત્વના સમાચારો છેક પાછલાં પાને હશે. તે પણ ઝીણા અક્ષરમાં ! બળાત્કાર, ખૂન, પક્ષપલટો, વહીવટની કે રાજકારણીઓની મૂર્ખાઈઓ - આ બધું પ્રથમ પાને મોટા અક્ષરોમાં હશે. પણ કોઈએ સારું કામ કર્યું હશે યા સિદ્ધિ મેળવી હશે, તો તે પાછળનાં પાનાઓમાં હશે. ટી.વી.માં પણ 'બ્રેકિંગ ન્યૂઝ' એટલે અર્થ વિનાના સનસનાટીવાળા સમાચારો. તે વારંવાર અપાશે, પણ બીરજુ મહારાજનું મૃત્યુ - આવશે જ નહીં.

આના કારણે વાચકના મનમાં ખોટી છાપ રહ્યા કરે છે કે દુનિયામાં હંમેશાં નકારાત્મક ઘટનાઓ જ બન્યાં કરે છે. દુનિયામાં સતત અસ્વસ્થતા જ છે. વિવિધ કોમો ઝઘડા જ કર્યા કરે છે. પણ હકીકતે એવું નથી. નકારાત્મક ઘટનાઓ માત્ર દસ ટકા જ હોય છે. નેવું ટકા લોકો સ્વસ્થ છે. શાંતિથી જીવે છે. સમાજોપયોગી કામ કરે છે, પણ શાંતિથી કરે છે. નાટક નથી કરતા. તેની જાહેરાત નથી કરતા. માટે છાપાનો રસ નથી પડતો. પણ હકીકતે સમાજ સ્વસ્થ રહે છે તે આ નેવું ટકા લોકોના કારણે. વિશ્વમાં અનેક ઉત્તમ લોકો પોતાની શક્તિ મુજબ વિશ્વ શાંતિના અને પ્રગતિના પ્રયાસો કરતા રહે છે.

આવાં એક ઉત્તમ વ્યક્તિત્વે તાજેતરમાં (૨૨ જાન્યુઆરી, ૨૦૨૨) આપણા વચ્ચેથી વિદાય લીધી. મોટા ભાગના લોકો તો સ્થાનિક ઉત્તમ લોકોને પણ નથી ઓળખતા, એટલે વૈશ્વિક વ્યક્તિત્વને તો ઓળખે એવી અપેક્ષા રાખી જ ન શકાય. પણ આ તો વ્યક્તિ એવી હતી કે તેને ઓળખવી જરૂરી છે. વિશ્વશાંતિ અને સ્વસ્થતા પ્રસરાવવામાં તેમનો બહુ મોટો ફાળો હતો. તેમનો પરિચય તો ખૂબ લાંબો છે, પણ અહીં માત્ર ઝાંખી આપવાનો પ્રયાસ છે.

તેમનું નામ 'થીક નાટ હાન.' વિચિત્ર નામ છે. તે વિયેટનામ દેશના હતા. વિદાય લીધી ત્યારે ૯૫ વર્ષનાં હતાં. બૌદ્ધ સાધુ હતા. વિશ્વશાંતિ માટેના પ્રયાસ કરનારાઓમાંના એક હતા. તેમની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ ખુદ સ્વીડનના રાજાએ તેમનું નામ નોબેલ શાંતિ ઈનામ માટે રજૂ કરેલ.

મૂળ નામ ગુએન ડીન લેંગ. તેમના પિતા ફ્રેન્ચો સાથે કામ કરતા. ૧૯૨૬માં જન્મ. ૧૯૪૯માં સાઈગોન ગયા. સોળમા વર્ષે એક આશ્રમમાં પ્રવેશ મેળવ્યો. તેના શિક્ષક ઝેન માસ્ટર હતા. ૧૯૫૧માં ભિખ્ખુ થયા. અહીં તેમણે મહાયાન બૌદ્ધ ધર્મનું શિક્ષણ મેળવ્યું. ૧૯૬૧માં તે અમેરિકામાં કોલંબિયા યુનિવર્સિટીમાં આવેલ પ્રિન્સ્ટન થિયોલોજીકલ સેમિનારીમાં અભ્યાસ કરવા ગયા. અહીં તેમણે વિયેટનામી ભાષા સાથે ફ્રેન્ચ, અંગ્રેજી, સંસ્કૃત, પાલી, ચાઈનીઝ વગેરે ભાષાઓમાં માસ્ટરી મેળવી. ૧૯૬૩માં તે પોતાના દેશમાં પાછા ફર્યા અને શાંતિના પ્રયાસ કરવા માંડ્યા. તે આશ્રમના ગુરુ બન્યા. તેમણે પોતે પણ 'વાન હાન બુદ્ધિસ્ટ યુનિવર્સિટી' સ્થાપી. તેમાં તે બૌદ્ધ મનોવિજ્ઞાન અને પ્રજ્ઞાપારમિતાનું શિક્ષણ આપવા લાગ્યા. આ સાથે ગામડાઓમાં શાંતિનું કામ કરવા તેમણે બૌદ્ધ વિદ્યાર્થીઓ માટે 'સ્કૂલ ઓફ યુથ ફોર સર્વિસ' શરૂ કરી. ફરી તે અમેરિકા ગયા અને ત્યાં કામ કરવા લાગ્યા. ત્યાંથી પાછા દેશ આવવા માગતા હતા ત્યારે તેમની દેશની


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

સરકારે તેમને દેશમાં આવવાનો પ્રતિબંધ ફરમાવ્યો - દેશનિકાલ કર્યાં. એટલે અમેરિકામાં જ રહી ગયા. ત્યારે અમેરિકા વિયેચનામ વચ્ચે યુદ્ધ ચાલતું હતું. હાને તે અટકાવવાના પ્રયાસ કર્યા. પરિણામે તેમનું નોબેલ શાંતિ ઈનામ માટે નામ સૂચવાયું. અલબત્ત, આપ્યું નહીં.

હવે તેમણે બૌદ્ધ ધર્મ બાબતની પ્રવૃત્તિઓ શરૂ કરી. તેમણે એક સંસ્થા સ્થાપી જેમાં તેમણે 'વિપશ્યના' (માઈન્ડફૂલનેસ)ની તાલીમ આપવાની શરૂ કર. આ સાથે ફ્રાન્સમાં તેમણે 'યુનિવર્સલ બૌદ્ધ ચર્ચ' પણ સ્થાપ્યું. પોતાની વાતને સમજાવવા તેમણે આશરે એકસો ત્રીસ પુસ્તકો લખ્યાં. તેમાંથી સો અંગ્રેજીમાં લખ્યાં. આ પુસ્તકોની વિશ્વમાં પાંચ મિલિયન (પચાસ લાખ) નકલો વેચાઈ છે.

૨૦૦૫માં વિયેટનામ સરકારે તેમને દેશમાં પાછા આવવાની રજા આપી. તે પાછા આવ્યા. તેમણે બૌદ્ધ ધર્મનો ઉપદેશ આપ્યો. તેમાં બુદ્ધનું તત્ત્વજ્ઞાન, ઝેન પંથ અને પશ્ચિમના મનોવિજ્ઞાનનું મિશ્રણ છે. પશ્ચિમમાં બૌદ્ધ ધર્મ લાવનાર અને તેનો પ્રચાર કરનાર તે મુખ્ય વ્યક્તિ હતા. તેમના પંથને 'એંગેજ્ડ બુદ્ધિઝમ' કહેવાય છે. પળેપળ બૌદ્ધ તત્ત્વજ્ઞાન કેમ જીવતું એની વાત કરે છે. છેલ્લે તે ફ્રાન્સમાં રહ્યા હતા. ત્યાં તેમણે એક મોનેસ્ટરી સ્થાપી હતી. છતાં તે ચૂપચાપ સક્રિય રીતે બૌદ્ધ ધર્મનું કામ કરતા હતા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૨ના તેમણે વિદાય લીધી.

તેમણે આગળ કહ્યું તેમ, અનેક પુસ્તકો લખ્યાં છે. તેમાં જાણીતાં પુસ્તકોમાં 'ધ મીરેકલ ઓફ માઈન્ડફૂલનેસ', 'હાઉ ટુ લવ', 'નો મેડ, નો લોટસ', 'યુ આર હીયર', 'બીઈંગ પીસ', 'ધ આર્ટ ઓફ લવિંગ', 'ઓલ્ડ પાથ, વ્હાઈટ ક્લાઉડ્ઝ' વગેરે છે. તેમાં પણ પહેલું પુસ્તક તો વિશ્વમાં સ્વીકારાયું છે. આજે પણ લાખો લોકો તે વાંચે છે.

**તેમના વિચારો જાણીએ...**

- 'જાણે તમે પગથી પૃથ્વીને ચુંબન કરતા હો, તેમ ચાલો.'
- 'જ્યારે તમને કોઈ તકલીફ આપે, તો તેનું કારણ એ હોય છે કે તે વ્યક્તિ પોતાની અંદર પીડાતી હોય છે અને તેની આ પીડા બહાર ઢોળાતી હોય છે.'
- 'ક્યારેક તમારો આનંદ તમારા સ્મિતનું કારણ હોય છે, તો ક્યારેક તમારું સ્મિત તમારા આનંદનું કારણ બની શકે છે.'
- 'સુંદર હોવું એટલે સ્વમાં હોવું. બીજા તમને સ્વીકારે તેવી જરૂરત ન અનુભવો. તમે તમને સ્વીકારો તેટલી જ જરૂર છે.'
- 'જવા દેવું' - મુક્તિ આપે છે અને આનંદની એક માત્ર શરત મુક્તિ છે. જો આપણે આપણા  દયમાં ગુસ્સો, ચિંતા કે આસક્તિ કોઈને પણ વળગી રહીએ, તો મુક્ત થઈ શકતા નથી.
- 'લોકોને પોતાની પીડાથી મુક્ત થવું ગમતું નથી. અજ્ઞાનતા ભયથી તેઓ જ્ઞાત પીડા પસંદ કરે છે.'
- 'લાગણીઓ આકાશનાં વાદળ જેમ આવજા કરે છે તેનો ઉપાય જાગૃત શ્વાસ છે.'
- 'તમે જીવંત છો, તેથી બધું શક્ય છે.'
- 'સવારે ઊઠી હું સ્મિત કરું છું. મારા સામે નવા ચોવીસ કલાક છે. હું દરેક પળને પૂર્ણ જીવવા માગું છું અને બધા જીવો પ્રત્યે કરુણાતી જોવા માગું છું.'
- 'સ્મિત કરી શ્વાસ લો અને ધીમા ચાલો.'
- 'ઘણા લોકો માને છે કે ઉત્તેજના એ આનંદ છે. પણ જ્યારે તમે ઉત્તેજિત હો છો, ત્યારે તમે શાં નથી હોતા. સાચો આનંદ શાંતિમાં છે.'
- 'તમે એવી રીતે પ્રેમ કરો કે સામી વ્યક્તિ તમારી હાજરીમાં પોતાને મુક્ત માને.'
- 'અંદર શ્વાસ લઉં છું ત્યારે મારું શરીર-મન શાંત થાય છે. જ્યારે શ્વાસ બહાર કાઢું છું, ત્યારે સ્મિત કરું છું. વર્તમાન પળમાં રહેવાથી મને અનુભૂતિ થાય છે કે કેવળ આ જ પળ છે.'
- 'ચા એવી રીતે પૂજ્યભાવથી અને ધીમેથી પીઓ કે

જાણે તેની ધરી પર જ જગત ચાલતું હોય.'

- 'આપણું જીવન જ આપણો સંદેશ હોય.'
- 'આપણે અહીં અલગ હોવાના ભ્રમમાંથી જાગૃત થવા આવ્યા છીએ.'
- 'જીવન માત્ર આ પળમાં જ શક્ય છે.'
- 'હું મારી જાતને વચન આપું છું કે મને મળી છે તે દિવસની દરેક મિનિટને હું જાગૃતિપૂર્વક માણીશ.'

આવાં તો અનેક ચિંતનીય વિધાનો તેમણે કર્યાં છે. પણ મૂળ વાત એ છે કે તેમણે પોતાના જીવનની પળેપળને જાગૃત રીતે જીવી અને આ પળોનો ઉપયોગ વિશ્વમાં શાંતિ કેમ પ્રસરે તે માટે જ કર્યો.

કરુણતા તો જુઓ : બુદ્ધ આપણા, બૌદ્ધ ધર્મ આપણો ! અને સમજ્યા છે કહેવાતા પારકા લોકો ! શું આપણે આમ જ આપણી મહાનતાને સ્વીકારતા રહેશું ? પારકા સમજાવશે ત્યારે જ ?

થીક હાટ નાનને વંદન અને ભાવભરી વિદાય.

# ઘાયલની ગતિ ઘાયલ જાણે

એક દુકાનની બહાર પાટિયું લગાડેલું હતું. 'અહિયાં ગલૂડિયા વેચતા મળશે.'

એક બાળકે દુકાનમાં પ્રવેશી પૂછ્યું, 'આ ગલૂડિયાની કિંમત શું હોય ?'

'૩૦થી ૫૦ ડોલર.'

બાળકે ખિસ્સામાં હાથ નાખી કહ્યું, 'ઓહ, મારી પાસે તો અઢી ડોલર જ છે, પણ મને ગલૂડિયા બતાવશો ?'

દુકાનદારે સ્મિત વેર્યું. ગલૂડિયાની સંભાળ રાખનાર મહિલા સાથે એને અંદર મોકલ્યો. છોકરો તો પાંચ, રૂના નાના ઢગલા જેવા ગલૂડિયાને દોડાદોડી કરતાં જોઈ નાચી ઊઠ્યો, પણ તેમનું એક ગલૂડિયું લંગડાતું હતું. છોકરાએ પૂછ્યું 'આને શું થયું છે ?'

દુકાનદારે સમજાવ્યું કે આને અમે તેને પ્રાણીઓના ડૉક્ટર પાસે લઈ ગયા હતા. તેને તપાસીને કહ્યું કે તેના થાપના હાડકાં બરાબર નથી. તે હંમેશાં આમ જ લંગડાશે. છોકરો કહે, બસ મારે આજ ગલૂડિયું ખરીદવું છે. દુકાનદારે કહ્યું 'તું એની દયા ખાઈ રહ્યો છે, પણ જો તારે સાચે જ એ લેવું હોય તો હું તને મફત આપી દઈશ...' 'મફત શા માટે ?'

હું એની પૂરી કિંમત આપીશ... આ અઢી ડૉલર અત્યારે અને દર અઠવાડિયે પચાસ - પચાસ સેન્ટ... પૂરી કિંમત ચૂકવ્યા પછી તેને લઈ જઈશ...

દુકાનદાર કહેવા લાગ્યો, 'પણ તું આવું લંગડું ગલૂડિયું શા માટે લે છે ? તે કદી બીજા ગલૂડિયાની જેમ રમી, દોડી કે નાચી કૂદી નહીં શકે...'

છોકરાએ દુકાનદારની આંખોમાં આંખ પરોવી અને પોતાના પેન્ટને ઊંચું ચડાવ્યું. તેનો ડાબો પગ નબળો અને વાંકો હતો અને તેના પર લોઢાના સળિયા વાળો લાંબો બૂટ તેને પહેર્યો હતો. તેને ધીરેથી કહ્યું, 'હું પણ રમી, દોડી કે કૂદી નથી શકતો. અમે બન્ને એકબીજાને સમજી શકીશું, અમને એકબીજાની જરૂર છે !

- ડેન ક્લાર્ક

# વિદ્યા અને અવિદ્યા બંનેની આવશ્યકતા છે.

**ભદ્રાયુ વછરાજાની**
bhadrayu2@gmail.com

**विद्यां ाा विद्यां ा यस्तद्वेदोभयं सह ।**
**अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥**

જે જ્ઞાનની સ્વધર્માચિરણમાં કશી આવશ્યકતા નથી અને જેનાથી બુદ્ધિભેદ થાય એ જ્ઞાનનો ચિત્ત પર બોજ નાખવો ન જોઈએ.

ઈશોપનિષદનો આ અગિયારમો શ્લોક છે, તેમાં સમજાવ્યા મુજબ વિદ્યા બે પ્રકારની છે, 'વિદ્યા' અને 'અવિદ્યા'.

'વિદ્યા' એટલે જ્ઞાન, અધ્યાત્મવિદ્યા, બ્રહ્મવિદ્યાપ.

'અવિદ્યા' એટલે જીવનનિર્વાહ માટેની જરૂરી તમામ ભૌતિકવિદ્યાઓ અને કૌશલ્યો.

જે માણસ 'અવિદ્યા'નું સેવન કરે છે તે ગૃહસ્થજીવનની જવાબદારીઓ અને સામાજિક ફરજો પૂર્ણ કરી સંસારસાગર સારી રીતે પાર કરી શકે છે. સાથોસાથ 'વિદ્યા'નું પણ અભ્યાસપૂર્ણ આચરણ કરીને તે મૃત્યુ પછી અમૃતતત્ત્વ પ્રાપ્ત કરે છે.

આ અગિયારમો મંત્ર એ ૧૯૫૩માં ઋષિવર્ય નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોલી દ્વારા સ્થપાયેલ લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો ધ્યાનમંત્ર છે. 'લોકભારતી'નો મનોરથ 'વિદ્યા' અને 'અવિદ્યા'ના સમન્વિત અનુષ્ઠાન દ્વારા માનવીના આંતરિક તથા બાહ્ય જગતને ઉન્નત અને નિર્મળ બનાવવાનો છે.

આ જ 'ઈશાવાસ્ય ઉપનિષદ'ના ૯માં મંત્રમાં 'જે વિદ્યામાં રમમાણ છે તે જાણે, તેનાથીયે વધારે ગાઢ અંધકારમાં પેસે છે', એમ કહ્યું છે. આ વિધાન ઝટ સમજાતું નથી.

'ઈશાવાસ્યવૃત્તિ' નામની નાનકડી પણ સમૃદ્ધ પુસ્તિકામાં વિનોબાજી બહુ બધી સ્પષ્ટતાઓ કરે છે. તેઓ આરંભમાં જ કહે છે કે, ઈશાવાસ્ય એક નાની-શી ચીજ છે પણ તેના ચિંતનનો સાર ઓછામાં ઓછા શબ્દોમાં 'ઈશાવાસ્યવૃત્તિ'માં આપવાની મેં કોશિશ કરી છે. મારી દ્રષ્ટિએ ઈશાવાસ્ય એ એક પૂર્ણ ઉપનિષદ છે એટલે કે પારમાર્થિક જીવનનો એક આખો નકશો તેમાં ટૂંકાણમાં દોરેલો છે. વેદોનો એ સાર છે અને ગીતાનું બીજ છે. આપણા ગળે આ 'વિદ્યા' અને 'અવિદ્યા' શબ્દોને ઉતારવાનો સફળ પ્રયોગ અહીં કરે છે. તેઓ કહે છે કે, ઈશાવાસ્ય ઉપનિષદના વિદ્યા – અવિદ્યાવાળા મંત્રો કઠણ છે. ત્યાં 'આત્મજ્ઞાન'ને વિદ્યા નથી કહી. લોકો માને છે કે હર હાલતમાં વિદ્યા ઉત્તમ વસ્તુ છે. પરંતુ આત્મજ્ઞાન અને વિદ્યાને અલગ કરીએ તો વિદ્યા ઉત્તમ વસ્તુ સિદ્ધ નહીં થાય. એમ તો મનુષ્ય માટે વિદ્યા અને અવિદ્યા બંને આવશ્યક છે. સમજવા જેવું છે કે દુનિયામાં હજારો પ્રકારનાં શાસ્ત્ર છે અને હજારો જાતનાં જ્ઞાન છે. એ બધું પ્રાપ્ત કરવામાં પડ્યા તો આપણાથી કોઈપણ કામ બનશે નહીં. એટલા માટે એ હજારો વિષયો વિશે અજ્ઞાન જ જોઈએ. દરેક જ્ઞાન પ્રાપ્ત કરવું ઠીક નથી. જે જ્ઞાનની સ્વધર્માચિરણમાં કશી આવશ્યકતા નથી અને જેનાથી બુદ્ધિભેદ થાય એ જ્ઞાનનો ચિત્ત પર બોજ નાખવો ન જોઈએ, એ બાબતમાં વિનોબાજી બહુ જ સ્પષ્ટ છે. તેઓ કહે છે કે, અવિદ્યાને અજ્ઞાન જ રહેવા દો.

અનાવશ્યક જ્ઞાન ન હોય તો ચિત્ત પર બોજ પડતો નથી. એનાથી શરીરની પ્રાણશક્તિ ક્ષીણ થતી નથી અને એનો સદુપયોગ થાય છે. પરંતુ આવશ્યક જ્ઞાન પણ ન

હોય તો મનુષ્ય અંધકારમાં ગરકાવ થઈ જશે. એથી ઊલટું જો આપણે હજારો પ્રકારના જ્ઞાનમાં ગળાડૂબ રહીશું તો એથી અધિક ઘોર અંધકારમાં જઈશું. આજના શિક્ષિતોની આ જ હાલત છે. અર્જુનની આવી જ હાલત થઈ હતી. એથી ભગવાને એને કહ્યું : "તેં શાસ્ત્રો બહુ વાંચી લીધાં છે. તું શ્રુતિ-વિપ્રતિપન્ન-મતિ થઈ ગયેલ છો. તેં ઘણું સાંભળી લીધું. એ શ્રવણથી મુક્ત થઈશ ત્યારે પ્રજ્ઞા સ્થિર થશે." આમ, સમજવાનું એ છે કે વિદ્યા અને અવિદ્યા બન્નેની જરૂર છે.

એક મનુષ્ય પાસે વિદ્યા છે, પણ આત્મજ્ઞાન નથી, તો એ વિદ્યાનો અહંકાર પેદા થશે અને તે મનુષ્ય ઘોર અંધકારમાં પ્રવેશ કરશે. દુનિયામાં ઘણા એવા લોકો જોવા મળે છે, જે વિદ્વાન છે અને વિદ્વત્તાનો અહંકાર પણ ધરાવે છે. અજ્ઞાની મનુષ્ય તો અંધકારમાં છે જ પણ આવા વિદ્વાનો તો અધિક ઘોર અંધકારમાં જાય છે. એક મનુષ્ય ઘણો ઊંચો ચડે અને ત્યાંથી પડે તો એને બહુ તકલીફ થશે. બીજો મનુષ્ય એટલી ઊંચાઈએ ન ચડ્યો હોય અને પડે તો એને પેલાના જેટલી તકલીફ નહીં થાય. માટે વિદ્યા અને અવિદ્યા બંનેથી ભિન્ન જે આત્મજ્ઞાન છે એ તરફ મનુષ્યનું ધ્યાન રહેવું જોઈએ.

વિનોબાજીની નિખાલસ અને ખુલ્લી વાત જાણવા જેવી છે કે, આજ લગી મને એકેય ધર્મગ્રંથ એવો નથી મળ્યો કે એકેય માણસ એવો નથી મળ્યો, જેણે કહ્યું હોય કે અજ્ઞાનની જરૂર છે. એક ઈશાવાસ્ય જ પહેલો ગ્રંથ છે, જે કહે છે કે જેટલી જ્ઞાનની જરૂર છે, તેટલી જ અજ્ઞાનની પણ છે. એકલું જ્ઞાન યા એકલું અજ્ઞાન, બંને અંધકારમાં લઈ જાય છે. એટલા વાસ્તે થોડી જોઈએ વિદ્યા અને થોડી જઈએ અવિદ્યા. જો કે આત્મજ્ઞાન વિદ્યા અને અવિદ્યા બંનેથી પર છે. જરાયે ભ્રમ ન રહે એટલે આટલા ઊંડાણમાં ઈશાવાસ્ય આપણને લઈ જાય છે.'

આજકાલ હર કોઈ જ્ઞાનની પાછળ પડ્યું હોય એમ દેખાય છે. આ શીખે છે, પછી તે શીખે છે, એક પછી બીજું એમ શીખતાં જ જાય છે. બધા જ્ઞાનને લીધે ચિત્ત વહેતું રહે છે. પરિણામે ચિંતન-શક્તિ ક્ષીણ થઈ જાય છે. ગીતામાં કહ્યું છે કે, તું 'શ્રુતિવિપ્રતિપન્ન-મતિ' છે. અનેક વાત સાંભળી સાંભળીને તારી મતિ ગૂંચવાઈ ગઈ છે. અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરીને તું વિદ્વાન બન્યો, પંડિત બન્યો, પણ પરિણામ એ આવ્યું કે ચિત્તમાંથી નિર્ણયશક્તિ જતી રહી. ચિત્ત અનિર્ણયની અવસ્થામાં પડી ગયું.' આપણે પણ વાતવાતમાં કહીએ છીએ કે : Something can be said on both the sides– બંને બાજુ કાંઈક કહી શકાય તેમ છે. "To be or not to be'ની હાલત થાય છે. સમસ્યા જ સમસ્યા નજરે પડે છે. સમસ્યાનું નિવારણ થતું જ નથી. અનંત સમસ્યાઓ ખડી દેખાય છે. બુદ્ધિ ચાલે છે, પણ વિપરીત ચાલે છે. એથી મનુષ્ય નિષ્પ્રાણ, નિર્વીર્ય અને ભ્રાંત બની જાય છે. એથી ઊલટું અજ્ઞાન હોય તે ચિત્ત પર કશો બોજો રહેતો નથી.

ઋષિ અત્યંત નમ્રતાથી કહી રહ્યા છે : " હે પરમાત્મા, હું સત્ય દર્શન ચાહું છું, એને મેં મારો ધર્મ માન્યો છે. હું સત્ય ધર્મનો ઉપાસક. મારા દર્શન માટે તું સત્યને ઉઘાડું કર. મારે સત્યનાં દર્શન કરવાં છે અને સુવર્ણમય પાત્ર વડે, સત્યનું મુખ ઢંકાયેલું છે.' એક પાત્ર ખોલતાં બીજું પાત્ર દેખાય છે, બીજું ખોલતાં ત્રીજું. એ રીતે અંદર ને અંદર ખોલતાં જતાં સત્યનું દર્શન થાય છે. કોબીજના અનેક પડ હોય છે તેમ ચિત્તનાં પણ અનેક સ્તર હોય છે. સૌથી ઉપરના સ્તરમાં બધા મતભેદ, પક્ષભેદ વગેરે આવે છે. એ બધા સ્તરોને હટાવીને અંદર જતાં સત્ય દેખાશે. સંભવ છે, અંદરના કોઈક સ્તરને પણ વિકલ્પનો સ્પર્શ થયો હોય, તે તેને પણ હઠાવવો પડશે. ત્યારે અંદરના ભગવાન સત્યનારાયણનાં દર્શન થશે. એવું સ્મરણીય દર્શન આ ઉપનિષદમાં છે.

પોતાની કઠિન ભૂદાનયાત્રા દરમિયાન બાબા (વિનોબાજી) ઉપનિષદગોષ્ઠી નિયમિત કરતા. એવી જ એક ગોષ્ઠીમાં તેઓએ ઈશાવાસ્ય ઉપનિષદ વિષે રસપ્રદ વાતો કરેલી, તે આત્મસાત કરવા જેવી છે.

# શિક્ષકની ચેતના

**ડો. અરુણ કક્કડ**
બી-૪૦૩, મોતી પેલેસ પ્લસ, પેટ્રોલ પંપ પાસે,
વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ-૩૬૨૦૧૫.
મો. ૯૯૨૫૨૬૦૬૪૮

**વેપારીઓ થકી જગત સુધી પહોંચેલી ભાષા**

વર્નાક્યુલર એટલે દેશીભાષા. પ્રાચીન રોમમાં ગુલામી પ્રથા હતી. અમીર ઉમરાવ લોકો અભણ ગમારલોકોને ગુલામ તરીકે રાખતા. ગુલામના દીકરા-દીકરી પણ જન્મથી જ ગુલામ બનતા. માલિકો લેટિન ભાષા બોલતા પણ ગુલામો દેશી ભાષા બોલતા. લેટિન શબ્દ 'વેર્ના' એટલે ઘરે જન્મેલો ગુલામ. એ જે ભાષા બોલે એ ગામઠી કે તળપદી ભાષા લેટિનમાં વર્નાક્યુલર કહેવાતી હતી. વર્નાક્યુલર શબ્દ ઈંગ્લિશ ભાષામાં ઈ.સ. ૧૭૦૬થી ઉપયોગમાં લેવાતો રહ્યો છે. જેનો અર્થ થાય છે : વતનની ભાષા. મારી માતૃભાષા. દેશી કે ઘરગથ્થુભાષા. બોલચાલની ભાષા લોકો દ્વારા સર્જાય છે. એ કોઈ ભાષાશાસ્ત્રી કે વ્યાકરણવાદીનું સર્જન નથી. સાવ અભણ હોય તેવા જણ પણ એ સર્જી શકે. વિદ્વાનો અને ભાષાવિદ્દો એ લોકબોલીને શીખીને એનું સંવર્ધન કરી શકે. વ્યાકરણ બહુ સખત હતું માટે સંસ્કૃત મરી ગઈ અને વ્યાકરણ લૂઝ હતું માટે અંગ્રેજીભાષા અડધા વિશ્વમાં ફેલાઈ ગઈ.

શ્રી ચંદ્રકાન્ત બક્ષી કહે છે તેમ ગુજરાતીભાષાએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બોલચાલના વિશાળ ફલક પર આવવું હશે તો વ્યાકરણને લચીલું બનાવવું પડશે. નવા શબ્દો સરેઆમ સ્વીકારી લેવા પડશે. ગુજરાતી એ જ માર્ગ ઉપર છે પણ શબ્દોનું બાહુલ્ય જરૂરી છે.

દર વર્ષે ૨૧ ફેબ્રુઆરી વિશ્વભરમાં 'વિશ્વમાતૃભાષા ગૌરવ દિવસ' તરીકે ઊજવાય છે. આજે આપણે પણ આપણી મા઼ભાષા ગુજરાતીની વંદના માટે મળ્યા છીએ. આપણી માતૃભાષા ગુજરાતીના અસ્તિત્વ સામે આજે ઘણા મોટા પડકારો ઊભા થયા છે. તેમાં એક છે : અંગ્રેજી માધ્યમ તરફ ધસારો જોવા મળે છે. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓના વાલીઓ બીજી ભાષા તરીકે પણ માતૃભાષાને બદલે અન્ય વિદેશી ભાષાઓ પસંદ કરાવતા થયા છે. અંગ્રેજી ન આવડે એ બધા ગમાર કહેવાય - એવી માનસિકતાના આપણે ગુલામ છીએ.

અંગ્રેજી ભાષા જાણવી જરૂરી છે, પણ ગુજરાતીના ભોગે નહીં. બંને ભાષાનું સંતુલન જાળવવું જોઈએ. શ્રી પરેશ વ્યાસ કહે છે તેમ, અંગ્રેજી ભાષા તમારી પ્રેમિકા હોઈ શકે પણ ગુજરાતી તો મા છે. મા હોય એટલે પ્રિયતમાને પ્રેમ ના થઈ શકે એવું તો નથી જ પણ સંતુલન જાળવવું જોઈએ. માવડિયા ન બનાય અને વહુ ઘેલાય ન બનાય. શિક્ષણ બુદ્ધિને સતેજ કરવા માટે છે. જ્ઞાન મેળવવા માટે છે. જીવનમાં આવતી સમસ્યાઓના સમાધાન બતાવી શકે તે માટે છે. તેને બદલે માત્ર પ્રભાવિત કરવા અંગ્રેજીનો ઉપયોગ થાય છે. અન્ય દેશમાંથી જ્ઞાન મેળવવા, પોતાના વિચારો-સંશોધનો અને અન્ય દેશોમાં પહોંચાડવા અંગ્રેજીનું જ્ઞાન જરૂરી છે.

અંગ્રેજી ભાષાના મોહના કારણે આપણે ન હિન્દુસ્તાની કે ન પશ્ચિમી એવી સ્કૂલો ખૂલી ગઈ છે. શિક્ષણનું વ્યાપારીકરણ થઈ ગયું છે. લોકોને એવું સમજાવવામાં આવ્યું છે કે, આજની પરિસ્થિતિમાં મજબૂત રીતે ટકી રહેવા માટે અંગ્રેજી પર પ્રભુત્વ મેળવવું પડશે. અંગ્રેજીનો કોઈ વિકલ્પ જ નથી. અંગ્રેજી ભાષા પ્રત્યે આવી ગુલામી તો અંગ્રેજો અહીં હતા ત્યારે પણ ન હતી. અત્યારે અંગ્રેજી ભાષામાં બોલવા-ભણવામાં ગુરુતાગ્રંથિ પ્રગટે છે અને માતૃભાષાને કારણે લઘુતાગ્રંથિ જન્મે છે ! માતૃભાષાથી ગૌરવ પ્રગટતું નથી. અંગ્રેજી ભાષાની સાથે પશ્ચિમી સંસ્કૃતિ અને સંસ્કારે પગપેસારો કર્યો છે અને પશ્ચિમનું બધું જ કંઈ સારું નથી. માતૃભાષા પ્રત્યે

ગૌરવભાવ ન હોવાથી પરંપરાગત જીવન પદ્ધતિ લુપ્ત થઈ જાય છે. પશ્ચિમની જીવનરીતિનું અંધ અનુકરણ અંગ્રેજીયતના પ્રભાવનું કારણ છે.

છેક ઈ.સ. ૧૯૦૯માં શ્રી અંબાલાલ સાકરભાઈએ કહેલું કે 'અંગ્રેજી વિષય સિવાયનું સર્વજ્ઞાન ગુજરાતી ભાષામાં આપવું જોઈએ. જગતમાં કોઈ પણ સ્થળે સામાન્યજ્ઞાન પરભાષામાં આપવાનું આપણા દેશના જેવું વિપરીત શિક્ષણકાર્ય નહીં હોય.' અંગ્રેજી સિવાયના બધા વિષયો માતૃભાષામાં શીખવવામાં આવે તો વિદ્યાર્થીઓને પડતો શ્રમ ઓછો થઈ જાય. પ્રાથમિકકક્ષા સુધી તો આ જ માર્ગ ઉત્તમ છે. શ્રી કુમારપાળ દેસાઈએ કહ્યું છે તેમ માતૃભાષાના શિક્ષણની અવજ્ઞા થતી ચાલી. પહેલા કોમર્સ અને સાયન્સના પ્રથમ વર્ષમાંથી ગુજરાતીને વિદાય આપી. એ પછી આર્ટ્સમાંથી પણ એને વિદાય મળી અને હવે તો આર્ટ્સમાં એક વિષય તરીકે પણ ગુજરાતી બંધ થવામાં છે. યહૂદીઓની માતૃભાષા હિબ્રૂએ તે આખી પ્રજાને એક તાંતણે બાંધી રાખી. ઈ.સ. ૧૯૪૮માં ઈઝરાયેલની રચના થતાં જ 'હિબ્રૂ યુનિવર્સિટી ઑફ જેરુસલેમ'ની સ્થાપના થઈ. પ્રજાનો જોમ અને જુસ્સો વધ્યો. કેવળ ગુજરાતી ભાષાનો જ અભ્યાસ કરાવનાર એક યુનિવર્સિટી ગુજરાતમાં બને ? પ્રશ્ન છે !

સંસ્કૃત, ગ્રીક, લૅટિન, અરબી વગેરે બધી જૂની ભાષાઓ કાવ્યભાષાઓ  છે. વિજ્ઞાનભાષાઓ નથી. સાહિત્ય, કળા અને કાવ્ય માટે એ ભાષાઓ ઉત્તમ છે. પણ વિજ્ઞાનમાં ચોક્સ ભાષા જોઈએ. જૂની ભાષા ન ચાલે. વિજ્ઞાને નવી ભાષા પેદા કરવી પડે, જેમકે અંગ્રેજી. ગુજરાતી પણ નવા સ્વરૂપે વિકસાતી રહે તો જ વિજ્ઞાનભાષા તરીકે ટકે. જે ભાષા શબ્દને છોડીને સિમ્બોલને લઈ શકે તે વિજ્ઞાનની ભાષા બની શકે. ગુજરાતીના જૂના લેખકોમાંના અગ્રણીઓ બધા જ લગભગ અંગ્રેજીમાં નિપુણ હતા અને વ્યવસ્થિત વાંચતા રહેતા હતા અને સરસ અંગ્રેજી લખી પણ શકતા હતા. ગાંધીજીની અંગ્રેજી ભાષા ઉત્તમ. ગુજરાતીની જેમ જ અંગ્રેજી ભાષાના એ સમર્થ જાણકાર. વેવેલગો ગયા અને નવા વાઈસરૉય માઉન્ટ બેટન આવ્યા ત્યારે એમણે માઉન્ટ બેટનને શીખામણ આપી કે ગાંધી જોડે વાત કરવી હોય એટલી કરવી પણ જે ચર્ચા થાય એનો સાર લખવાનું કામ ગાંધીને કોઈ દિવસ આપવું નહીં. કારણ કે એક કોમા આમથી તેમ ફેરવશે તો વાતનો આખો અર્થ બદલી નાખશે ! ગાંધીજીની અંગ્રેજી ભાષા બાઈબલની ભાષા જેવી છે. માતૃભાષાના પાયા પર તમે અનેક ભાષાઓ શીખી શકો. અંગ્રેજી પર પણ પ્રભુત્વ મેળવી શકો. પણ પાયામાં માતૃભાષા હોવી જોઈએ.

અંગ્રેજી ભાષા માટેની ઘેલછા ઓછી કરવાની જરૂર છે. જ્ઞાનપ્રાપ્તિ અને સમજના વિકાસ માટે માતૃભાષા જરૂરી છે. પારિવારિક વાતાવણ પણ માતૃભાષા પ્રત્યે ગૌરવ રાખનાર હોવું જોઈએ. જો એમ નહીં બને તો નવી પેઢીની અભિવ્યક્તિ ક્ષમતા ક્ષીણ થઈ જશે.

અંગ્રેજી આંતરરાષ્ટ્રીય વ્યવહારની ભાષા બની હોવાથી તેનો પરિચય ખૂબ જ જરૂરી છે. પરંતુ આપણી પરંપરા, સંસ્કાર, ઈતિહાસ વગેરે શીખવા માટે તો માતૃભાષાનો જ ઉપયોગ થવો જોઈએ. માટે માતૃભાષા પ્રત્યે દીનભાવ કે હીનભાવ સેવાભાવને બદલે ગૌરવભાવ સેવવો જોઈએ. માતૃભાષાના વિકાસ બાબતે સક્રિય બનવાનું છે. માતૃભાષામાં સર્જનાત્મકતાનું સિંચન થવું જોઈએ. સર્જનાત્મકતા ભાષાની સમૃદ્ધિમાં વધારો કરે છે. માૃભાષામાં સર્જનશીલતા અને સંશોધનશીલતા વધારે હોય છે. જ્યારે અન્ય ભાષામાં અનુકરણશીલતા વધારે હોય છે. માતૃભાષાની ઉપેક્ષા કરવામાં આવે તો આંતરસત્ત્વનું પ્રાગટ્ય થતું અટકી જાય. માતૃભાષાને સર્જકતાનું માધ્યમ બનાવવું જોઈએ. બે વ્યક્તિ વચ્ચેના સંવાદમાં ભાષા મહત્ત્વની બને છે. મૂલ્યો અને સાંસ્કૃતિક વારસો બીજી પેઢીને આપવા માટે માતૃભાષા જ સહાયક બને છે. જો નવી પેઢીને માતૃભાષા પ્રત્યે ગૌરવભાવ નહીં હોય તો એ કઈ રીતે શક્ય બનશે ? જેની માતૃભાષા ક્ષીણ થાય તે પ્રજા ક્ષીણ થાય. મૂળિયાને લૂણો લાગે. જીવનમૂલ્યો,


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

કોઠાસૂઝ, સંસ્કારો, ઈતિહાસ - બધાને લૂણો લાગે. માતૃભાષાને ક્ષય લાગુ પડે તો પુષ્ટિવર્ધક જીવનમૂલ્યોનો હ્રાસ થાય. હજાર વર્ષની આપણી માતૃભાષાને ક્ષય લાગુ ન પડે તે માટે તેના પુષ્ટિવર્ધનના પ્રયત્નો કરવા જોઈએ.

સાહિત્યનું અસ્તિત્વ હંમેશાં ભાષા હોય છે. વ્યવહારભાષા જનમાર્ગ છે. ધોરમાર્ગ છે. ભાષા તેના બોલનારને કારણે મહાન બને છે. ભાષાનો સબળ ઉપયોગ કરવાનો છે. ભાષાને અસરકારક રીતે લખવા બોલવાથી તે અસરકારક બને છે. બોલનાર જ્યારે પૂરી જાણકારી વગર બોલે છે ત્યારે એ આત્મશ્રદ્ધા વગર બોલે છે. તેથી ભાષામાં ખોખલાપણું વરતાય છે. દયની સચ્ચાઈથી બોલાયેલી વાતને યોગ્ય શબ્દો મળી રહે છે. આપણા ન્યૂરોલોજિકલ તંત્રમાં (જ્ઞાનતંતુઓની વ્યવસ્થામાં) આપણને પ્રથમ ભાષાનું એક સંસ્થાન જન્મજાત પ્રાપ્ત થાય છે. ડૉ. દિનુભાઈ શાહના મતે 'જેને આપણે માતૃભાષા કહીએ છીએ એ આપણી પ્રથમ ભાષા છે.' આ જન્મજાત પ્રાથમિક સંસ્થાન સામે બીજી ભાષાઓ શીખવાની વ્યવસ્થા પણ આપણા જ્ઞાનતંતુઓના ન્યૂરોલોજિકલ તંત્રમાં નીતિત હોય છે. એને ક્લોનિંગની વ્યવસ્થા કહે છે. એટલે બીજી ભાષાઓ આપણી જન્મગત પ્રાપ્ત ભાષાઓના વિરોધમાં અસ્તિત્વ ધરાવતી નથી. આપણી બાયોલોજિકલ સિસ્ટમના એક ભાગરૂપે જે વ્યવસ્થા છે તેને કારણે દરેક ભાષક પોતાની માતૃભાષાની ઈતર એવી ભાષા જરૂરત, અભ્યાસ, સહવાસ અને બોલચાલના વ્યવહારને કારણે શીખી જ જાય છે. ભાષકનું ક્લોનિંગ તંત્ર પોતાની દરરોજની આવશ્યકતાને પ્રમાણે ગ્રહિષ્ણુ બની જાય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીની પરિભાષાઓના સંદર્ભે ગુજરાતી ભાષાનો વિચાર થવો જોઈએ.

ડૉ. વર્ગીસ કુરિયને નોંધ્યું છે કે; ગુજરાતી વ્યાપારી તો એક આંતરરાષ્ટ્રીય વ્યક્તિ છે. કેવળ ભારતમાં જ તેઓ વેપાર કરે છે એટલું નથી, પણ તેમની આ પ્રવૃત્ત સમગ્ર દુનિયામાં પ્રવર્તે છે. ગુજરાતીઓ થકી જ ગુજરાતી ભાષા વિશ્વવ્યાપી બની છે. પ્રાચીન શારદા લિપિમાંથી ઊતરી આવેલી ટાકરી લિપિ મુખ્ય છે. ટાકરીનું નામ 'ઠક્કુરી' ઉપરથી આવ્યું છે. રાજવી ઠક્કુરો અને ટાંક (લવાણા) જાતિનાં વેપારીઓની લિપિને ટાકરી લિપિ કહે છે. પંજાબ, રાજસ્થાન વેગેરેમાં મહાજનલિપિ હતી. પંજાબની લંડા નામની મહાજનલિપિમાંથી જ ગુરુમુખીલિપિ વિકસી છે. ગુજરાતી ભાષાની વિદ્વાનો ગમે તેટલી ચિંતા કરે 'શું શા પૈસા ચાર'વાળી આ ભાષાની લિપિ રાબેતા મુજબ પંડિતો થકી નહીં પણ વેપારીઓ થકી જગત સુધી પહોંચી છે. એટલે બ્રાહ્મણોની (દેવ)નાગરી પરથી આવેલી ગુજરાતી લિપિને અંગ્રેજો 'બનિયા સ્ક્રિપ્ટ' (વેપારીઓની લિપિ) કહેતા. ગુજરાતી વેપારી ભીમજી પારેખને ગુજરાતી લિપિ છાપવાનું મન થયું અને અંગ્રેજી ટેક્નિશિયન પાસેથી ગુજરાતી બીબા બનાવડાવ્યા. શ્રી જય વસાવડાને મતે ગુજરાતી 'પંડિતો થકી નહીં પણ વેપારીઓ થકી' જગત સુધી પહોંચી છે.

## કસ્તૂરી : 'ધ વર્લ્ડ બૂક ડે'

અનુભવોને વાચા આપતા, વાસ્તવિક અને કાલ્પનિક એમ બંને પ્રકારના વિશ્વનું માનસિક ચિત્ર રજૂ કરવાની માનવીય ક્ષમતાને લાંબા સમયથી પુસ્તકો અંકિત કરી રહ્યાં છે.

પુસ્તકો, વાચકોને તેમના પ્રચલનનો ઉપયોગ કર્યા વિના મુસાફરી કરવાની મંજૂરી આપે છે ! પુસ્તકો આપણને કલ્પનાની પંખો આપે છે. પુસ્તકો જ્ઞાન, આનંદ, શાણપણ અને તેથી ઘણું વધુ આપે છે. પુસ્તકો તમારા જીવનમાં પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે. બાળકો સાથે વાર્તાઓ વાંચવા અને વહેંચવા માટે દિવસમાં માત્ર ૧૦ મિનિટ ખર્ચવાથી તેમની ભાવિ સફળતા મેળવવાની સંભાવનામાં મહત્ત્વનો ફેર પડી શકે છે અને તેમાં સામેલ થયેલાં તમામ લોકો માટે આનંદની બાબત બની શકે છે.

"હું માનું છું કે, જ્યારે તમે કોઈ પુસ્તક વાંચો છો ત્યારે કંઈક ખૂબ જ જાદુઈ બની શકે છે."

**-જે.કે.રાઓલિંગ (બ્રિટિશ લેખિકા)**

# કસ્તૂરી : 'ધ વર્લ્ડ બૂક ડે'

**હેતલબેન ડી. શાસ્ત્રી**
આચાર્યા, જે.એન. બાલિકા વિદ્યાલય,
સરસપુર, અમદાવાદ.

"હું આનંદ માટે વાંચું છું અને તે જ ક્ષણ છે જ્યારે હું સૌથી વધુ શીખું છું."
- માર્ગરિટ એટવૂડ (કેનેડિયન સાહિત્યકાર)

૨૩ એપ્રિલ, 'વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ' અથવા 'આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ' તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસ વાંચન અને કોપીરાઈટને પ્રોત્સાહન આપવા માટે યુનેસ્કો દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે. પ્રથમ 'વિશ્વ પુસ્તક દિવસ' ૧૯૯૫માં ૨૩ એપ્રિલના રોજ ઊજવવામાં આવ્યો હતો. યુનેસ્કો, પુસ્તક ઉદ્યોગનાં ક્ષેત્રોની સલાહકાર સમિતિ સાથે મળીને એક વર્ષ માટે 'વર્લ્ડ બૂક કેપિટલ' (શહેર) પસંદ કરે છે. પસંદ કરેલ 'વર્લ્ડ બૂક શહેર', પુસ્તકો અને વાંચનને પ્રોત્સાહિત કરવા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરે છે.

૨૩ એપ્રિલ પસંદ કરવા પાછળ ઘણા મહાન પશ્ચિમી સાહિત્યકારોની જન્મતિથિ તથા મરણતિથિ રહેલી છે. જેમકે વિલિયમ શેક્સપિયર (ઈંગ્લેન્ડ, મૃત્યુ તિથિ ૨૩ એપ્રિલ), ઈન્કા ગાર્સિલાસો-દ-લા-વેગા (પેરૂ, મૃત્યુ તિથિ ૨૩ એપ્રિલ), જોસેફ પ્લા (સ્પેન, મૃત્યુ તિથિ-૨૩ એપ્રિલ), મેન્યુઅલ મેજીઆ વલ્લેજો (કોલંબિયા, જન્મ તિથિ ૨૩ એપ્રિલ), મોરિસ ડુઓન( ફ્રાન્સ, જન્મ તિથિ ૨૩ એપ્રિલ), હૉલડોર્ક લેક્સનેસ (આઈસલેન્ડ, ૨૩ એપ્રિલ) જેવાં મહાનુભાવોને શ્રદ્ધાંજલિ આપવા માટે પણ આ દિવસની પસંદગી કુદરતી રીતે ૧૯૯૫માં પેરિસમાં આયોજિત યુનેસ્કોની જનરલ કોન્ફરન્સમાં કરવામાં આવી. વિશ્વના ૧૦૦ કરતા વધુ દેશોમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તમામ વયના લોકોમાં વાંચનની સંસ્કૃતિને સમદ્ધ કરવી, યુનેસ્કોનો ધ્યેય રહેલો છે.

૨૦૦૧માં સ્પેનની રાજધાની મેડ્રિડ, પ્રથમ વર્લ્ડ બૂક શહેર બન્યું. ૨૦૦૩માં ભારતના શહેરોમાંથી ન્યુ દિલ્હી, વર્લ્ડ બૂક શહેર બન્યું હતું. ૨૦૨૨માં મેક્સિકોના ગ્વાડાલજારાને વર્લ્ક બૂક શહેર ઘોષિત કરવામાં આવ્યું છે. ૨૦૨૨ની થીમ છે, 'Read, so you never feel low.'

પુસ્તકો અને કૃતિહકનો સાથે રાખીને યુનેસ્કો સર્જનાત્મકતા, વિવિધતા અને જ્ઞાનની સમાનતા માટેના એવા સીમાડા આગળ ઊભા રહીને તમામ સાથે કામ કરે છે. જેમાં શહેરોને શોધે છે, તેના સાહિત્ય વર્તમાળને સાક્ષરતાના ફેલાવા સાથે સાંકળે છે. અહીંના શૈક્ષણિક સંસાધનો અને વૈજ્ઞાનિક જ્ઞાન દ્વારા શીખવાની ગતિશીલતાને આગળ વધારવા માટેના દ્વાર ખોલે છે. વિશ્વનાં પુસ્તકો અને લેખકોની ઉજવણીના આ દિવસે લેખકો, શિક્ષકો, ગ્રંથપાલો, જાહેર અને ખાનગી સંસ્થાઓ, માનવતાવાદી એન.જી.ઓ., સમૂહ માધ્યમો, તમામની સક્રિય સંડોવણીથી સાથે મળીને કાર્ય કરવાની પ્રેરણા મળે છે. 'વિશ્વ પુસ્તક દિવસ' સંબંધિત તમામ લાખો લોકોને એક મંચ પૂરો પાડે છે. વાંચનની ટેવ બાળકને કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાની એવી મુસાફરી કરાવે છે, જેમાં ઘણી વાર તે પોતાની જાતને તેના ભૌતિક વિશ્વના સમય અને ક્ષેત્રની પેલે પાર પહોંચાડે છે. વિવિધ પૃષ્ઠભૂમિમાંથી આવતાં અસંખ્ય બાળકો આનંદ માટે જીવનપર્યંત વાંચવાની ટેવ વિકસાવે, તેવા ઉદેશ સાથે બાળકનાં જીવનને બદલવાની તકોમાં સુધારો લાવવાની ઘટનાને સખાવત હેતુ તરીકે ઊજવવાની છે. ખરું જોતાં અત્યારના અનિશ્ચિતતાના સમયમાં પુસ્તકોને વળગવાની પહેલાં કરતાં વધુ જરૂર છે. પુસ્તકો સમકાલીન પડકારોને સંબોધવા, રાજકીય અને આર્થિક વાસ્તવિકતાની લડાઈ સમજવા માટે એક બળ છે. માનવજાતના વિવિધ

**અનુસંધાન પૃષ્ઠ ૧૯ ઉપર**

# લોકજીવનનો સમૃદ્ધ વારસો

# ઉખાણાં (વરત)

રવજી ગાબાણી
ગાંધીનગર.

સૌરાષ્ટ્રના ગ્રામ્યજીવનમાં જેમણે બાળપણ વિતાવ્યું હોય એના માટે વરત શબ્દ અજાણ્યો નહીં હોય. વરત એટલે એક પ્રકારનાં ઉખાણાં. વરત લોકજીવનની રોજિંદી ભાષાનો સમૃદ્ધ ભાષાવૈભવ હતો. ત્રણ - ચાર દાયકા પહેલાં બાળપણમાં વરત એટલે કે ઉખાણાં પૂછવા એક પ્રકારની રમતનો ભાગ ગણાતો. ઉખાણાં (વરત) બે પ્રકારે પૂછવામાં આવતાં. એકમાં સવાલ નાનો હોય અને જવાબ મોટો હોય. અને બીજામાં સવાલ મોટો હોય અને જવાબ નાનો હોય.

ધીમે-ધીમે પેઢીઓ બદલાતા રમતો બદલાતી ગઈ. રમતોના પ્રકાર અને એની સ્ટાઈલ બદલાતા ઉખાણાં (વરત) પૂછી આનંદ મેળવવાની રીત બદલાઈ. છોકરીઓ વ્રત કે જાગરણના સમયે ઉખાણાં પૂછીને કે અન્ય રમત રમીને આનંદ લૂંટતી. વરત પૂછવામાં અને જવાબ આપવામાં પાવરધા છોકરા-છોકરીની પોતાનાં ગ્રુપમાં રીતસર એન્ટ્રી પડતી. ઉખાણાં પૂછવા અને સાચા જવાબ આપવા હોશિયારી ગણાતી. વડીલો પાસેથી આવા ઉખાણાં પેઢીદર પેઢી સચવાઈને નવી પેઢી સુધી પહોંચતા હતા. અગાઉની પેઢીના લોકોને આવા અનેક વરત જીભના ટેરવે હતા. આજે બહુ ઓછા લોકોને આવા ઉખાણાં કે વરત આવડતા હશે કે મોઢે હશે. નાના બાળકો, કિશોર-કિશોરીઓ માટે આ ઉખાણાં ઈન્ડોર ગેમની ગરજ સારતાં હતાં. એ આપણા લોકજીવનનો સમૃદ્ધ વારસો હતાં.

આવો,ઉખાણાંની દુનિયામાં જરાક ડોકિયું કરીએ. કેટલાંક સરળ ઉખાણાં જવાબ સાથે જોઈએ તો-

૧. વન વગડામાં રાતા ખીલાં-ગાજર
૨. ઘેર-ઘેર ડોસા દાટ્યા- ઉંબર
૩. કાળી છીપર નીચે ચાર ચોર - ભેંસના આંચળ
૪. ઘરમાં ઘર, માલીપા પાણી - નાળિયેર
૫. ઝીણકી છોકરી રાજાની પાઘડી ઉતારે - જૂ
૬. રાજા મરે ને પ્રધાન ગાદીએ બેસે - સૂરજ અને ચંદ્ર
૭. ધોળો ડોહો, લીલી મૂંછ, ન આવડે તો બાપને પૂછ - મૂળો
૮. સો આંબા સો આંબલી બસ્સો બીજા ઝાડ, કોર વિનાનું પાંદડું રાજા કરે વિચાર - ડુંગળી

કેટલાંક લાંબા,કસોટી કરાવે એવા ઉખાણાં જોઈએ તો -

૧. વહેંત જેટલું વરખડું, ઢાલ જેવડાં ફૂલ, કાચા કેળા ઊતરે, પાકે પછી મૂલ - કુંભારનો ચાકડો અને માટીનાં વાસણો
૨. છ પગ ચાળવે, બે પગ દૂઝે, પેટ વચાળે પૂંછડી, એનું કંઈ સૂઝે? - ત્રાજવા
૩. ખાટ ખટકે કડાં, ખાટે બેઠાં બે જણ,ભાંગે સોપારીને ચાવે પાન, બે જણાને બાવીસ કાન - રાવણ અને મંદોદરી
૪. ગઢ ભીંજાય ગઢ કાંગરા હાથી છબછબ નહાય, ચકલાની તો ચાંચ ન ડૂબે, મનુષ્ય તરસ્યો જાય. - ઝાકળ (ઝરમર વરસાદ)
૫. નવધારું લાકડું, ઘીના નામે નામ, ચતુર હોય એ પારખે, મૂરખ કરે વિચાર - ઘીસોડું (તૂરિયું)
૬. આઠ પગને અવળો હાલે, માથા વગરનો તોયે ચાલે - કરચલો

શહેરનાં બાળકો માટે અઘરાં કહી શકાય એવાં કેટલાંક ઉખાણાં ઉપર થોડી નજર કરીએ.

શહેરના બાળકોએ ચૂલો, દેતવા, રાખના ઢગલા, વલોણું, પીંજારા, હોકા, કોઠી જેવી વસ્તુ જોઈ નથી કે એના નામ પણ સાંભળ્યાં નથી એટલે એને આ ઉખાણાં સમજવામાં અઘરાં પડશે, પણ એકવાર સમજ પડ્યાં પછી ભારે રમૂજ સાથે આનંદ આવશે.

૧. આકાશમાં ઉપજે નહીં, જમીનમાં નીપજે નહીં, પાણીમાં ડૂબે નહીં, હવામાં ઊડે નહીં - માખણ
૨. પેલા પરથમ પોતે જનમ્યાં, પછી એની માઈ, ધામેધૂમે બાપા જનમ્યાં, પછી જનમ્યાં ભાઈ - દૂધ, છાશ, માખણ, ઘી

૩. અમે આવતા'તા, તમે જાતા'તા, ધમધમ ઘૂઘરા વાગતા'તા તમે જાગતા'તા !? - વલોણું (વલોણા દ્વારા ઊભાં-ઊભાં છાસ વલોવાતી જોઈ હોય એને જ આ ઉખાણું સમજાય)
૪. ફળ નહીં, ફૂલ નહીં, તોય ઊતરે સૂંડો સૂંડો - રાખ
૫. ચકમક ચીપિયો, ચોરના હાથમાં છરી, વાંઢા હોય વાત કરે, ઈ જુવાનડી ખરી-ચૂલો (ચૂલાને વાંઢો માનવામાં આવે છે.)
૬. રાતી પેટી ભોંમાં દાટી, કામ પડ્યું તો બારી કાઢી - દેવતા (પહેલાના સમયમાં બાકસ કે લાઈટરનો ઉપયોગ ભાગ્યે જ થતો હતો એટલે ફરીવાર અગ્નિ પ્રગટાવા માટે દેવતાને રાખથી ઢાંકી દેવામાં આવતા. જ્યારે જરૂર પડે ત્યારે દેવતાથી અગ્નિ પ્રગટાવવામાં આવતો. કોઈ ઘેર જ્યારે દેવતા ઓલવાઈ ગયા હોય ત્યારે બીજા ઘેર દેવતા લેવા જવું પડતું. આ લખનારને દેવતા લેવાનો જાત અનુભવ છે.)
૭. ગોઠણ જેવડી ગાય, નીરે એટલું ખાય- અનાજ દળવાની જૂની ઘંટી
૮. બાપ બેસવા શીખ્યો અને છોકરો ચાલવા શીખ્યો - ગોળો (માટલું) અને કળશ્યો(લોટો)
૯. બટુકડી છોકરી, બટુકડા નામ, કડયે બાંધે કંદોરોને ઝટ કરે કામ - સાવરણી
૧૦. ગામ બળેને નદી પડકારા કરે - હોકો (હુક્કો)
૧૧. આઠ છે લાકડા નવ છે જાળી, આ વરત નો વરતે એની મા છે કાળી- ખાટલો
૧૨. કાળું ને કદરામણું, ખાતા લાગે ભુંડું, આ વરત નો વરતે એના માથે ઊંધું કૂંડું - અફીણ
૧૩. હમ ભી બેલા, તુમ ભી બેલા, સબ હે બેલંબેલા, લાકડાં વિનાનું ઝાડવું, હમ ગુરુ તુમ ચેલા — કેળ (કેળના છોડને લાકડું ન હોય)
૧૪. કાળી ગાય, કંટોલા ખાય, ભમ્મ બોલે ને નખ્ખોદ જાય - બંદૂક
૧૫. પોલું લાકડું પલકે, ગામ જોવા હલકે - ઢોલ
૧૬. કટકની છોકરીને તેજબાઈ નામ, પે'રે પટોળાને ભાંગે ગામ - મ્યાન સાથેની તલવાર
૧૭. નગરમાં ઉઘાડી ફરે, વનમાં પેરે ચીર, એવી વસ્તુ લાવજે મારી સગી નણંદના વીર - સોપારી
૧૮. પીયુ જજો પરદેશ, લાવજો હળદરને હીંગ, લાવજો વસ્તુ એવી, જેને એક માથુંને ચાર શીંગ - લવીંગ

ઉપરના સઘળા ઉખાણાં તર્કબદ્ધ હતા. હવે કેટલાંક એવાં ઉખાણાં જોઈએ કે જે માત્ર શબ્દ રમત હોય.

૧. લંકાથી લોટ લાવી દ્યો.( જવાબ - રાતા બગલા રણે ચડ્યાં, રણ દેખીને પાછા પડયાં, એક બગલાનો ભાંગ્યો હોઠ, લંકાથી એમ આવ્યો લોટ.)
૨. ખિસકોલીને રોવડાવી દ્યો/આણું વળાવી દ્યો. (જવાબ- અંગ દોરા, તંગ દોરા, તંગના દોરા તાજા. હાથી ઉપર ગઢ ચણાવું, રમતા આવે રાજા, રાજાના હાથમાં મોતી, ખિસકોલી આવે રોતી, રાજાના હાથમાં છાણું, ખિસકોલી વળે આણું.)
૩. પટેલને પીપરે ચડાવી દ્યો. (જવાબ - આવતાં વાઢું ઝીંઝવણી, જાતાં વાઢું સોય (એક પ્રકારનું ઘાસ), સો-સો મગર્યુના માથાં વાઢું, કેડ કેડ સમાણું લોય (લોહી), લોહી પડ્યું છીપરે ને પટેલ ચડ્યા પીપરે.)
૪. સીતાને ચોટલો વાળી દ્યો. (જવાબ - પંદર પગથિયાં ચડતાં, પંદર પગથિયાં ઉતરતાં, આડો આવ્યો ઓટલો, સીતાએ વાળ્યો ચોટલો.)

આમ ઉપર મુજબની શબ્દરમતો પણ મનોરંજન અને હોશિયારી બતાવવાના બેવડા પ્રયોજનથી ચલણમાં હતી. આવી કહેવતો જ્ઞાન સાથે ગમ્મત કરાવતી. જૂના જમાનાના લોકોની કોઠાસૂઝના દર્શન પણ આ કહેવતોમાં આપણને થતાં હતાં. સમય બદલાતા બધું બદલાયું. પરિણામ સ્વરૂપ જૂના, દેશી, મનોરંજક ઉખાણાં (વરત)ની દુનિયા આજે નામશેષ થઈ ગઈ છે. નવી પેઢીનાં બાળકો સામે આવાં ઉખાણાં લાવવામાં આવે તો એને પણ મજા પડે એવા સુંદર ઉખાણાંનો ખજાનો આપણાં વડીલો પાસે મોઢામોઢ સંગ્રહાયેલો પડ્યો છે. એને સાચવી લેવાની ખૂબ જરૂર છે.

•


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

**પાલખીવાલા અમિતા મનુભાઈ** ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય, અમદાવાદ.

## મેજર રામાસ્વામી પરમેશ્વરન્

*મહાર રેજિમેન્ટ, આઠમી બટાલિયન.*
*જન્મ : ૧૩ સપ્ટેમ્બર, ૧૯૪૬*
*મૃત્યુ : ૨૫ નવેમ્બર, ૧૯૮૭*
*(શ્રીલંકા ગૃહયુદ્ધ, 'ઓપરેશન પવન')*

*'નથી કોઈ પરવા દહન કે દફનની,*
*નથી કોઈ પરવા કબર કે કફનની,*
*નથી કોઈ પરવા બદનના જતનની,*
*એને ફક્ત પરવા છે વહાલા વતનની.'*

જેના માટે રાષ્ટ્રધર્મથી મહાન બીજો કોઈ ધર્મ નથી એવા રામાસ્વામીએ આતંકવાદની બંદૂકની ગોળીથી ઈતિહાસ લખી દીધો અને આ ઈતિહાસને લેખન દ્વારા પુનઃજીવિત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. એ શુભ દિવસ કે જ્યારે ૧૩ સપ્ટેમ્બર, ૧૯૪૬ના રોજ ભારતમાતાના આ વીર પુત્રએ ધરતી પર જન્મ લીધો હતો. આપણે તેની બહાદુરીનો અને પરાક્રમનો ઉત્સવ મનાવીએ. પરમવીર ચક્ર રામાસ્વામીની એ અમર કથા છે કે જેને પુસ્તકાલયોનાં કબાટમાં દબાઈને પડેલી રાખવાના બદલે એની ધૂળ ખંખેરીને આપણે માથા પર લગાવીએ અને આપણા ગૌરવશાળી ઈતિહાસ પર અભિમાન કરીએ ને સોગંદ ખાઈએ કે માતૃ-ભૂમિને જ્યારે જ્યારે પણ જરૂર પડશે ત્યારે રામાસ્વામીની જેમ આપણે પણ આપણું જીવન કુરબાન કરી દઈશું.

આ પુણ્યભૂમિ જ્યાં રામાસ્વામી હંમેશાં હંમેશાં માટે શૌર્યનિદ્રામાં સૂઈ ગયા છે, તેમની હિમાલય જેવી બહાદુરીની ગાથા સંભાળવવા માટે આજે આ કલમ ઉપડી છે.

મેજર રામાસ્વામી પરમેશ્વરન્, સર્વિસ બ્રાન્ચ ઈન્ડિયન આર્મી, ૮મી બટાલિયન મહાર રેજિમેન્ટ સર્વિસ નંબર IC-32907. મહારાષ્ટ્ર-મુંબઈમાં જેમનો જન્મ થયો અને શિક્ષણ પણ મુંબઈમાં જ થયું. ૧૯૭૧ના પાકિસ્તાન સામેનાં યુદ્ધમાં ભારતીય સૈનિકોની હિંમત અને બલિદાનથી પ્રભાવિત થઈને તેઓ આ જ વર્ષમાં ચેન્નાઈમાં ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમી (OTA)માં જોડાયા અને ઈ.સ. ૧૯૭૨માં તો પોતાની ટ્રેનિંગ પૂરી કરી પાસ પણ થઈ ગયા અને આર્મીમાં જોડાયા અને કમિશન્ડ ઓફિસર થયા. (કમિશન્ડ ઓફિસર એટલે માન્યતા પ્રાપ્ત અધિકારી જેમને કોઈપણ સમયે બોલાવી શકાય છે) અને ઈન્ડિયન આર્મીની ૧૫મી મહાર રેજિમેન્ટમાં ૧૬ જાન્યુઆરી ૧૯૭૨ના રોજ સેવા આયોગની મંજૂરી પછી સતત આઠ વર્ષ સુધી કમિશન્ડ તરીકે પોતાની સેવાઓ આપી. ત્યારબાદ ૧૨ ઑક્ટોબર, ૧૯૭૯માં તેમને કેપ્ટન તરીકે બઢતી આપવામાં આવી. ૧૯૮૧માં કવિયત્રી અને લેખિકા ઉમા સાથે દામ્પત્ય જીવન શરૂ કર્યું. ૧૯૮૩માં ૫ મહાર બટાલિયનમાં તેમની બદલી કરવામાં આવી. તેઓ જ્યારે ૧૫ અને ૫ મહાર બટાલિયનમાં સેવા આપી રહ્યા હતા ત્યારે ઉત્તર-પૂર્વના પ્રદેશોમાં જવાબી કાર્યવાહીમાં ઘણાં ઑપરેશન કર્યા અને ૩૧ જુલાઈ, ૧૯૮૪ના રોજ તેઓ મેજર બન્યા. અને જ્યારે 'ઑપરેશન પવન'નો

પ્રારંભ થાય ત્યારે તામીલી ભાષા પરના પ્રભુત્વ અને હિંમતને કારણે તેઓ ૮ મહારની આલ્ફા કંપની કે જે ભારતે IPKF (Indian Peace Keeping Force) તરીકે શ્રીલંકા ગયું હતું. આ એવું પ્રથમ યુનિટ હતું કે જે IPKF તરીકે શ્રીલંકા ગયું હતું. આ યુનિટને શ્રીલંકા શા માટે મોકલવામાં આવ્યું એનો ઈતિહાસ જોવાની સાથે શ્રીલંકા પર પણ એક નજર નાખી લઈએ.

૧૯૪૮ પહેલાં શ્રીલંકા બ્રિટીશર્સના કબજામાં હતું. એ વખતે તેનું બ્રિટીશ કોલોનિયન નામ સિલોન (Ceylon) હતું. (કોલોનિયન એટલે કોઈ દેશ પોતાના મુખ્ય દેશ સિવાય કોઈ બીજા દેશની જમીન પર અથવા બીજા દેશમાં પોતાનું રાજ્ય રાખે અથવા પોતાના અધિકાર ક્ષેત્રમાં ચીજો રાખે કે પોતાની કોલોની વસાવે તો તેને કોલોનિયન એટલે કે ઉપનિવેશિક કહે છે.) એ સમયે અહીં બે લોકો હતા. એક તામિલ અને બીજા સિંહાલી. તામિલ લોકો લઘુમતીમાં હતા. શ્રીલંકામાં તેમની વસતી ૨ કરોડ સત્તાવીસ લાખ જેટલી હોવાનું મનાય છે અને આ તામિલો મોટે ભાગે શ્રીલંકાની ઉત્તર અને પશ્ચિમે વસ્યા છે. જ્યારે સિંહાલી લોકો બહુમતીમાં હતા. પણ તામિલીયન લોકો ઘણાં સમૃદ્ધ અને અમીર હતાં. તે સમયે ૮૦% કૉલેજના વિદ્યાર્થીઓ તામિલિયન્સ હતા અને ૨૦% સિંહાલી હતા. મોટા ભાગની સરકારી નોકરી પર ઊંચા હોદ્દાઓ પર તામિલિયન્સ હતા. એન્જિનિયર્સ, વૈજ્ઞાનિક, ડૉક્ટર્સ વગેરે પણ તામિલિયન્સ વધુ હતા. હવે બ્રિટીશર્સની પકડમાંથી છૂટીને દેશ આઝાદ થયો ત્યારે સિંહાલી લોકો આટલા મોટા હોદ્દા પર કેવી રીતે રહી શકે ? આવી વિચારસરણીએ વંશીય ભેદભાવ, વંશવેલી નફરત અને વિભાજનની નીતિઓને જન્મ આપ્યો. આથી જ દેશમાં તેમણે જે કંઈ પણ કાયદા ઘડ્યા તે તામિલિયનોની વિરુદ્ધમાં ઘડ્યા.તેમાં પણ ૧૯૮૧માં તામિલિયનો દ્વારા જાફના પબ્લિક લાઈબ્રેરીને સળગાવી દેવાતા સિંહાલીઓએ શ્રીલંકન તામિલો સામે જુલમ ચાલુ રાખ્યો હતો. તામિલિયનોના તમામ હક્કો છીનવી લેવા માટે સિંહાલીઓએ તેમની વિરુદ્ધ શીત યુદ્ધ (Cold War) છેડી દીધું હતું. કૉલેજોમાં પણ તેમનો પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો. યેનકેન પ્રકારે તેમના ઉપર દમન થતું. આથી મોટાભાગના તામિલોને લાગતું હતું કે ત્યાંની સિંહાલી સરકાર એમના પ્રત્યે ભેદભાવ રાખે છે. આ અસંતોષમાંથી LTTEની સ્થાપના થઈ. (The Liberation Tigers of Tamil Eelam) અને આ ગ્રુપે શ્રીલંકામાં તામિલોના અલગ રાજ્યની માંગણી કરીને ૮૦% ના દાયકાથી શરૂઆતમાં આંદોલન શરૂ કર્યું હતું. આ આંદોલનની આગેવાની LTTE જેને તામિલ ટાઈગર્સ તરીકે પણ ઓળખવામાં આવે છે તેણે લીધી. જેનો વડો વેલુપીલ્લઈ પ્રભાકરણ હતો. આ માટે તેણે શ્રીલંકાની ઉત્તરીય ક્ષેત્રમાં આવેલા જાફનાને પોતાનું મુખ્ય કેન્દ્ર બનાવ્યું હતું. આમ બહુ ખતરનાક રીતે LTTE નો ઉદય થયો. જો કે પાછળથી યુરોપિયન યુનિયન, કેનેડા, યુનાઈટેડ સ્ટેટસ અને ભારત સહિત વિશ્વ આખાએ LTTE ને આતંકવાદી સંગઠન જાહેર કર્યું હતું. LTTE દ્વારા આંતરરાષ્ટ્રીય સંઘર્ષને સંપૂર્ણ પાયે રાષ્ટ્રવાદી બળવો વધારવાનું શરૂ થયું જેણે શ્રીલંકાના ગૃહયુદ્ધની શરૂઆત કરી. નવી પેઢીને કદાચ ખબર પણ નહીં હોય કે એંસી અને નેવુંના દાયકામાં શ્રીલંકામાં બહુમતી સિંહાલીઓ અને લઘુમતી તામિલો વચ્ચે ચાલેલા ગૃહયુદ્ધની અસરો ભારતનાં રાજકારણ પર કેટલી ઘેરી થઈ હતી !

પચ્ચીસ વર્ષ સુધી ચાલેલા આ ગૃહયુદ્ધમાં આશરે એક લાખ લોકો માર્યા ગયા હતા. જેમાંથી મોટાભાગના નાગરિકો હતા. LTTE એ શરૂઆતના તબક્કે શ્રીલંકાના ઘણા વિસ્તારો કબજે કર્યા હતા. જેને પાછા મેળવવા માટે શ્રીલંકાએ બળપ્રયોગ કર્યો હતો.

LTTE અને શ્રીલંકાના સુરક્ષાદળો વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી ભારત પણ ચિંતિત હતું. તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ શ્રીલંકા સાથે શાંતિકરાર કર્યા હતા, પરંતુ LTTE ને આ કરારની શરતો માન્ય નહોતી. આ કરારનો અમલ કરાવવા રાજીવ ગાંધીએ ૧૯૮૭થી ૧૯૯૦ દરમિયાન ભારતીય લશ્કરને શ્રીલંકા મોકલ્યું હતું. એ વખતે શ્રીલંકાના સુરક્ષાદળોની મદદે ગયેલા ભારતીય

લશ્કરને 'ઈન્ડિયન પીસ કિપિંગ ફોર્સ' (IPKF) નામ આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં એમ લાગતું હતું કે IPKF શ્રીલંકાની અંદરના મામલે દખલ નહીં કરે. જો કે થોડા મહિનાઓમાં જ IPKF અને LTTE વચ્ચે ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું હતું. LTTEનો વડો પ્રભાકરણ ખૂબ જ ઝનૂની અને બુદ્ધિશાળી હતો. એના લશ્કરમાં ૧૫-૧૭ વર્ષની તામિલિયન યુવતીઓ પણ સામેલ હતી. LTTEના દરેક સભ્યો ગળામાં પોટેશિયમ સાઈનાઈડ ઝેર ભરેલી કેપ્સૂલ લટકાવી રાખતા હતા. સુરક્ષાદળોને હાથે પકડાવાનું આવે ત્યારે તેઓ આ કેપ્સૂલ ગોળી લઈને આત્મહત્યા કરી લેતાં હતાં. કોઈપણ દેશના લશ્કર પાસે જેવી સુવિધાઓ હોય એમાંની ઘણીખરી સુવિધા LTTE પાસે હતી. સામાન્ય રીતે એમ મનાય છે કે શરીર પર બોમ્બ બાંધીને વિસ્ફોટક દ્વારા દુશ્મનો પર હુમલો કરનાર સ્યૂસાઈડ બોમ્બરોની શરૂઆત ઈસ્લામિક આતંકવાદથી થઈ હતી. જોકે, હકીકત એ છે કે LTTE એ સ્યૂસાઈડ બોમ્બરોને જન્મ આપ્યો હતો.

તામિલ ટાઈગર્સના આવા કંઈક કંઈક કરતૂતોની ફાઈલ ઉપર શ્રીલંકામાં બેઠેલી ભારતીય બટાલિયનમાં કેપ્ટન ડી. આર. શર્મા એમની કેબિનમાં બેસીને નજર નાખી રહ્યા હતા. ત્યારે તારીખ હતી ૨૪ નવેમ્બર, ૧૯૮૭ અને સમય હતો સંધ્યાનો સાડા છ વાગ્યાનો. ઊંચે ઊંચે ઉછળતા આરબ સાગરનાં મોજાંઓ પણ ડોક તાણીને કંઈક શોધવા મથી રહ્યા હતા. ત્યાં જ કેપ્ટન શર્માનો ફોન રણકી ઊઠ્યો અને ફોન ઉપાડતા જ એમના કાને જે શબ્દો પડ્યા કે, 'સર, કાંતારોદાઈનાં એક મકાનમાં હથિયારોનો બહુ મોટો જથ્થો ઉતારવામાં આવ્યો છે.' કાંતારોદાઈ એ શ્રીલંકાના જાફના શહેરના એક પરા વિસ્તારમાં આવેલું નાનું ગામડું અને પુરાતત્ત્વ વિભાગ માટે એક જગ્યા છે.

કેપ્ટન શર્મા તરત જ ઊભા થઈ ગયા અને થોડી જ વારમાં ૨૦ જવાનોની ટુકડી લઈને સૂચિત સ્થળ પર પહોંચી ગયા. પણ વીર જવાનોની ટુકડીના ત્યાં પગ મૂકતાની સાથે જ ત્યાં જ બાજુમાં આવેલા એક મંદિરમાંથી ગોળીઓનો વરસાદ વરસી પડ્યો. અસંખ્ય આતંકીઓની સામે માત્ર વીસ જવાનોની ટુકડીની શહીદી કરતાં આતંકીઓ છટકી જવાના ભયે કેપ્ટન શર્માએ એક ભયંકર યુદ્ધના અંદેશાથી તાત્કાલિક ઉડુનવિલ વિસ્તારમાં તૈનાત ભારતીય બટાલિયનને ત્યાં પહોંચવા માટે સંદેશો મોકલ્યો.

સંદેશો મળતાં જ મહાર બટાલિયનની 'એ' કંપનીના કમાન્ડર મેજર રામાસ્વામી પરમેશ્વરન્ સાવધાન થઈ ગયા. રાતના સાડા આઠ થયા હતા. છતાં પણ પરિસ્થિતિનો તાગ મેળવીને ત્યારે ને ત્યારે જ શ્રીલંકા નીકળી જવાના નિર્ણય સાથે જવાનોને યુદ્ધ માટે તૈયાર થઈ જવા હુકમ કર્યો અને એક કલાકમાં તો તેઓ પોતાની ટુકડી સાથે કાંતારોદાઈમાં છુપાયેલા LTTEના આતંકવાદીઓ સામે જંગ ખેલવા નીકળી પડ્યા હતા. અને આ જ સફર દરમિયાન એમની નજર સામે LTTEના આતંકવાદીઓ, સિંહાલીઓ, ભારતની શાંતિ સેના અને આખેઆખી ઘટના તરવરી રહી હતી.

આગળ વાત કરી તેમ શ્રીલંકામાં નિર્દયી LTTE અને ત્યાંની પોલીસ, સરકાર અને સ્થાનિક રાજકારણીઓ વચ્ચે વર્ષોથી ચાલ્યા આવતા વિખવાદ અને લડાઈને કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યો હતો. ૧૯૮૭માં LTTEના 'તમિલ ઈલમ' સ્થાપવાના પ્રયાસને કચડી નાખતા બળવાખોરો છંછેડાઈ ગયા અને ગેરીલા પદ્ધતિથી તેમણે લડાઈ શરૂ કરી દીધી. ચારે તરફ મારાંકાપી, બળાત્કાર, આગજની અને તોડફોડના આતંકથી ત્રાસેલા લોકો શરણાર્થી બનીને ભારતના તામિલનાડુમાં આવવા લાગ્યા. આ મુદ્દે ૨૯ જુલાઈ, ૧૯૮૭ના રોજ ભારત અને શ્રીલંકા વચ્ચે એક સંધિ કરવામાં આવી. સંધિ અંતર્ગત ૩ ઑગસ્ટ, ૧૯૮૭ના રોજ ભારતની શાંતિસેનાને બે જવાબદારી સોંપી શ્રીલંકા મોકલવામાં આવી. એક તો તમિલ બળવાખોરો આ શાંતિસેના સામે આત્મસમર્પણ કરી દે અને આત્મસમર્પણ પછી ત્યાં ખરેખર શાંતિ સ્થાપવી અને સ્થિતિ સામાન્ય કરી દેવી.

પરંતુ ખૂબ જ સરળ લાગતી આ બાબત સરળ પુરવાર થઈ શકી નહીં. નિયતિ કંઈક જુદી જ હતી. મોટાભાગના બળવાખોરોએ શાંતિપૂર્વક આત્મસમર્પણ કર્યું. પરંતુ LTTE એટલે કે લિબરેશન ટાઈગર્સ ઓફ તામિલ ઈલમે

પોતાના થોડાંક જ હથિયારો સોંપ્યાં.

જો કે આ વાતથી બહુ ફર્ક નહોતો પડ્યો. પણ ૪ ઑગસ્ટના રોજ શ્રીલંકાની જેલોમાં જે ઘટના ઘટી એણે આખા ઑપરેશનની દિશા અને દશા બદલીને મૂકી દીધા. એ દિવસે શ્રીલંકાની બંધ જેલોમાં LTTEના બળવાખોરોએ પોટિશિયમ સાઈનાઈડની કેપ્સૂલ ખાઈને આતમહત્યા કરી લીધી. આખા શ્રીલંકામાં હાહાકાર મચી ગયો. LTTEના કટ્ટર આતંકવાદીઓમાં સોંપો પડી ગયો અને તેઓ વીફર્યા. એક તો એક બાજુ જાઉના શહેરને આતંકવાદીઓ પાસેથી કાબૂમાં લેવા માટે ભારતના કમાન્ડો ગયા હતા. એમણે ત્યાં અંધારપટ કર્યો, મૂળભૂત ચૂજોનો સપ્લાય બંધ કરી દીધો હતો. એટલે શ્રીલંકામાં તો અવાજ ઊઠ્યો જ હતો કે ભારતને ભગાવો. આ અમારો અંદરનો પ્રશ્ન છે અને એ અમે ઉકેલીશું અને એવામાં જ આ ઘટના ઘટી ત્યારે LTTEના આતંકવાદીઓએ ચારેતરફ હિંસા ફેલાવી દીધી. ઘરો બોંબ ધડાકાઓથી ધમધમવા લાગ્યા, બાળકોની કિલકારીઓ રૂદનમાં બદલાઈ ગઈ, ચારેબાજુ રક્તનો ગોરંભો રચાયો. ચોમેર આંધી અને અંધાધૂંધી, અસ્થિરતા અને અરાજકતા ફેલાયા, નિર્દોષોના લોહી રેડાયા. વાતાવરણમાં દરિયાનાં મોજાંની ખારાશની સાથે સળગતી લાશોનો ધૂમાડો ભળવા લાગ્યો. નિર્જન સૂમસામ રસ્તાઓ, રસ્તા પર કિલોમીટર સુધી પથરાયેલો સળગતો ભંગાર, મકાનો અને દુકાનોના ખેદાનમેદાન કાટમાળ, વિનાશની વિરુપતા, વિકરાળ નીરવતા, ભેંકાર શૂન્યતા, ભયથી સૂનમૂન ચહેરા, જાણે આખું શહેર ભસ્મીભૂત.

આવી સ્થિતિમાં શાંતિ સેના પાસે રાજકારણીઓએ પકડાવેલું 'શાંતિ'નું બૂઠ્ઠું હથિયાર મૂકીને 'સાનો કરવાનું ધારદાર હથિયાર ઉપાડવાનો માત્ર એક જ રસ્તો હતો. તામિલ બળવાખોરો આત્મસમર્પણ કરી દેશે અને આપણે શાંતિ સ્થાપી દઈશું એવી સાવ સરળ લાગતી વાત હતી પણ ૫૪ પાયદળ બટાલિયનને શાંતિસેનાને જાફના વિસ્તારમાંથી આતંકવાદીઓને ખદેડતા ત્રણ અઠવાડિયા જેટલો સમય લાગી ગયો હતો. આથી જ ભયંકર રાજકીય દબાણો વચ્ચે પણ શાંતિ સેનાએ સશસ્ત્ર લડાઈ શરૂ કરી દીધી. પરંતુ બળવાખોરોની યુદ્ધમાં ગેરીલા પદ્ધતિથી સૈન્યના એક એક જવાન બહાદુરને વિવશ કરી દેતા હતા. ભારતનું લશ્કર વિશ્વમાં સૌથી શક્તિશાળી લશ્કર ગણાતું હતું. પરંતુ ગેરીલા પદ્ધતિથી દુશ્મનોને માત કરનાર LTTE સામે ભારતનું IPKF લાચાર બની જતું હતું. આથી જ શાંતિ સ્થાપવાના મૂળ હેતુથી શ્રીલંકા મોકલાયેલી શાંતિ સેનાએ હવે શાંતિ સ્થાપવાના બદલે સશસ્ત્ર લડાઈ લડવા વધારે સેનાની માંગણી કરી અને ખૂબ જ સશક્ત એવી ૪, ૩૬ અને ૫૭ એમ ત્રણ ડિવિઝનને શ્રીલંકા મોકલવામાં આવી.

એક તો બળવાખોરોના પ્રમાણમાં સેનાનું સૈન્યબળ અને શસ્ત્ર સરંજામ બંને ઓછા-વધારામાં અતિશય રાજકીય દબાણો, આ સ્થિતિમાં એમણે લડવાનું હતું અને જીતવાનું પણ હતું. ભારતની ૮ મહાર બટાલિયન સાથે ૯૧ ઈન્ફન્ટ્રી બ્રિગેડ અને ૫૪ ઈન્ફન્ટ્રી ડિવિઝનના જવાનો શ્રીલંકામાં તૈનાત હતા અને સશસ્ત્ર લડાઈની શરૂઆત થઈ ચૂકી હતી. આ આખીયે સશસ્ત્ર લડાઈને નામ આપવામાં આવ્યું હતું 'ઑપરેશન પવન.'

કેપ્ટન શર્માનો સંદેશ મળતાં જ મેજર રામાસ્વામીએ ભલે જવાબ આપ્યો કે, 'ડૉન્ટ વરી કેપ્ટન. તમે ચિંતા ના કરો. આપણે ખરેખર તો શાંતિ સ્થાપવી હતી. પણ એમને શાંતિમાં રસ ના હોય તો આપણે એમને હંમેશાં માટે શાંત કરી દઈશું.' આમ મેજર રામાસ્વામી એમની ટુકડી સાથે કાંતારોદાઈ તરફ કૂચ કરી તો ગયા, પણ કદાચ એમને ખબર નહોતી કે એ જે જંગ ખેલવા આવ્યા એ જંગ ઈતિહાસમાં એમને અમર કરી દેવાનો હતો.

તા. ૨૫ નવેમ્બર, ૧૯૮૭. રાતનો દોઢ વાગી રહ્યો હતો. મેજર રામાસ્વામી એમની ટુકડી સાથે કાંતારોદાઈ પહોંચી ગયા હતા. કેપ્ટન શર્મા અને મેજર રામાસ્વામીની ટુકડી ધીમા પગલે હથિયાર છુપાવેલા હતા એ શંકાસ્પદ મકાન તરફ આગળ વધી રહી હતી. વાતાવરણ એકદમ શાંત હતું. સૈનિકોના શ્વાસોચ્છોશ્વાસનો અવાજ રાતના સન્નાટાને ચીરી રહ્યો હતો. બંને ટુકડીને જાણ હતી કે LTTEના બળવાખોરોએ

પગલે પગલે મોત બિછાવેલું છે. છતાં બધા આગળ વધી રહ્યા હતા. ભારતીય સેનાએ આખા વિસ્તારને ઘેરી લીધો હતો. સવારના પાંચ વાગ્યા સુધી તેઓ તપાસ કરતા રહ્યાં, પણ ના તો કંઈ હાથ લાગ્યું કે ના તો કોઈ ઘટના ઘટી. આગલા દિવસની ગોળીઓની આતશબાજી સામે આજે તો નિઃશબ્દ શાંતિ હતી. ગેરીલા પદ્ધતિની આ જ ખાસિયત હતી. ગેરીલાયુદ્ધ એ ક્રાંતિકારી હિલચાલ અને સૈન્ય પર આક્રમણ કરવાની નીતિ ધરાવે છે. આ યુદ્ધનું એક એવું સ્વરૂપ છે કે જેમાં નાના નાના લડાકુ જૂથો, સશસ્ત્ર નાગરિકો, અર્ધલશ્કરી કર્મચારીઓ વગેરે વિષમ અને અનિયમિત રીતે લશ્કરી યુક્તિઓનો ઉપયોગ કરી છુપાઈને અચાનક હુમલો કરવો, હલ્લો બોલાવવો, ભાંગફોડ કરવી, છાપા મારવા, તીવ્ર ચપળતાથી મારી અને ભાગી જવું (હીટ એન્ડ રન વ્યૂહ) જેવી નીતિ અપનાવીને યુદ્ધ કરે છે. જે યુદ્ધનો કોઈ ચોક્કસ આકાર કે સમય નથી હોતો કે ના તો એના માટે આપણે કોઈ અનુમાન બાંધી શકીએ છીએ. આમ એ લોકો ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તે રીતે છાપો મારે અને પછી ગાયબ થઈ જાય. એમને પહોંચી વળવું ઘણું અઘરું હતું. આખી રાતના ઑપરેશન બાદ કેપ્ટન શર્મા અને મેજર રામાસ્વામીએ પાછા વળવાનો નિર્ણય કર્યો.

હજુ તો કેપ્ટને જવાનોને પાછા ફરવાનો હુકમ કર્યો ત્યાં જ વાતાવરણમાં ગોળીઓની રમઝટ બોલી ગઈ. સૈનિકો સાબદા થઈ ગયા. મંદિરના પાછળના ભાગેથી બળવાખોરો ગોળીઓનો વરસાદ કરી રહ્યા હતા. મેજર રામાસ્વામીએ તરત જ કેપ્ટન શર્માને ગોળીબાર કરી દુશ્મનોને રોકી રાખવાનો ઓર્ડર આપ્યો. મેજર રામાસ્વામીની ઇચ્છા હતી કે આતંકવાદીઓનું ધ્યાન કેપ્ટન શર્માની ટુકડી તરફથી થઈ રહેલા ગોળીબારનો સામનો કરવામાં રહે અને એ તકનો લાભ લઈ તેઓ પોતાની ટુકડી લઈને મંદિરની પાછળ પહોંચી તેમને ઘેરી લે. આખુંયે વાતાવરણ સામસામા ગોળીબારથી ગૂંજી ઊઠ્યું.

પરંતુ બળવાખોરોની યોજના વધુ ભયાનક અને જુદી હતી. રામાસ્વામીની ટુકડી મંદિરની પાછળના ભાગે પહોંચે તે પહેલાં જ શર્માની ટુકડી આગળના ભાગે પહોંચી ગઈ હતી. મંદિરની પાછળ ઊભેલાં ઊંચાં ઊંચા નાળિયેરીના ઝાડા ઝૂંડ પાછળથી શર્માની ટુકડી પર ગોળીઓ છૂટી રહી હતી. બળવાખોરોની જાળ વધારે પેચીદી અને વ્યૂહાત્મક છે એ સમજતા રામાસ્વામીને વાર ના લાગી. તેમણે પણ પોતાનો વ્યૂહ બદલ્યો. પાછળથી થયેલો હુમલો એ વીરો પર કાયરતાનું પરિણામ છે.

*'આતંક ઉગલતા હૈ વો, નાપાક ઉસકે કામ હૈ*
*પીછે સે હુમલા કરકે તું હૌંસલા ક્યા તોડેગા,*
*આગ લિયે લહૂમેં હૈ,*
*ભારત ક્યા તુઝકો છોડેગા ?'*

પડકારરૂપ સ્થિતિમાં હંમેશાં આગલી હરોળમાં રહેવાની વૃત્તિવાળા તેઓ ટુકડીની આગેવાની કરતાં નાળિયેરીના ઝાડના ઝૂંડ તરફ આગળ વધ્યા.

*'ઉનકે કદમો કો રુકના મંજૂર ન થા*
*રાહે ઔર ભી તો હૈ*
*તય તો કરના હૈ તો ક્યું ન હઁસકર*
*જિંદગી એક સફર હી તો હૈ.'*

થોડી જ વારમાં રામાસ્વામી અને તેમની ટુકડીએ ઝાડવાઓ પાછળ છુપાઈને હુમલાઓ કરતાં બળવાખોરોને ઘેરી લીધા. તેથી શર્માની ટુકડી તરફના ગોળીબાર બંધ થયા. એટલે કેપ્ટન શર્માની ટુકડી પણ આ તરફ આવી રહી હતી.

*'કંધો સે મિલતે હૈ કંધે*
*કદમો સે કદમ મિલતે હૈ*
*હમ ચલતે હૈ જબ ઐસે તો*
*દિલ દુશ્મન કે હિલતે હૈ.'*

બંને બાજુથી ઘેરાયેલા હુમલાખોરો હેબતાઈ ગયા. ભારતીય સૈનિકોએ એમના પર ગોળીબાર શરૂ કર્યો. દુશ્મનોએ પણ તેમની પાસે રહેલી આધુનિક મશીનગન, AK-47, હેન્ડગ્રેનેડ અને ઓટોમેટિક રાઈફલ્સથી વળતો પ્રહાર કર્યો. બંને વચ્ચે ભારે જંગ જામ્યો અને અચાનક જ બળવાખોરોની એક ગોળી આવીને રામાસ્વામીની છાતીને વીંધી ગઈ.

*'જબ ભારત માઁને પુકારા, ફિર મુડકે દેખા ના દુબારા,*
*સિનેમેં થે ઉનકે ગોલી, જુબાપે થી 'જયહિન્દ' કી બોલી.'*

છાતીમાંથી લોહીનો ફુવારો ઉડ્યો પણ મેજર હિંમત હાર્યા નહીં. છાતીમાંથી ખાબકી રહેલા લોહીના ધોધ પર હાથ પણ દબાવ્યા વિના વધારે ઝનૂન અને હિંમતથી તેઓ પેલા બળવાખોર તરફ ગયા અને એ બીજી ગોળી છોડે એ પહેલાં જ એના હાથમાંથી રાઈફલ છીનવીને એને ઠાર કરી દીધો. આ લડાઈમાં પાંચ આતંકવાદીઓ ઠાર મરાયા અને ત્રણ બંદૂકો અને બે રોકેટ  લોન્ચર કબજે કરવામાં આવ્યા.

આ ગંભીર સ્થિતિમાં પણ મેજર રામાસ્વામી તેમની ટુકડીનું દોરવણીનું અને પ્રોત્સાહિત કરવાનું કામ કરતા રહ્યા. હવે તો કેપ્ટન શર્માની ટુકડી પણ ત્યાં આવી પહોંચી અને ભારતીય સૈન્યની વધતી સંખ્યા જઈ બળવાખોરો એમના સાધનો મૂકીને ત્યાંથી ભાગવા લાગ્યા.

એમને ભાગતા જોઈને કેપ્ટને હર્ષના ઉદ્ગાર સાથે મેજરને કહ્યું, 'મેજર સાહેબ, આપણે જીતી ગયા.' પણ ભારતીય શાંતિ સેનાના આ અવિનાશી હીર એ ઉદ્ગારો સાંભળવા હાજર નહોતો. મા જાનકીનો આ પુત્ર ભારતમાતાનાં ચરણોમાં એમનું શીશ અર્પણ કરીને શહીદીની રાહ પર આગળ વધી ચૂક્યા હતા. કેપ્ટને ટોપી ઉતારી અને એમને સેલ્યૂટ કરી, 'અમર રહો સર ! તમારી આ શહીદી ભારતવર્ષને હંમેશાં યાદ રહેશે.'

૧૯૮૭માં ભારતે શ્રીલંકામાં શાંતિ સ્થાવા માટે શાંતિ સેના મોકલી પણ વિપરીત સંજોગોને કારણે શાંતિસેનાએ ત્યાં આતંકવાદીઓ સાથે લડવું પડ્યું. એ આખી સશસ્ત્ર લડાઈ 'ઑપરેશન પવન' તરીકે ઓળખાઈ. 'ઑપરેશન પવન'માં ૮ મહાર બટાલિયનના મેજર રામાસ્વામી પણ હતા. આ લડાઈમાં અદ્ભુત બહાદુરીથી લડતાં લડતાં તેઓ ૨૫ નવેમ્બર, ૧૯૮૭ના રોજ શહીદ થયા. રામાસ્વામીએ જો કુનેહ વાપરીને એ બળવાખોરોને ઘેરી ના લીધો હોત ને હિંમતથી એમને સામનો ના કર્યો હોત તો કેપ્ટન શર્માની ટુકડી સહિત બંને ટુકડીઓ બળવાખોરોનો શિકાર બની હોત. તેમની આ દુર્દમ્ય સાહસ, હિંમત અને શહીદીએ જ 'ઑપરેશન પવન'ને વિજયની વરમાળા પહેરાવી હતી. શ્રીલંકાની સુરક્ષામાં શહીદ થવાવાળા આ પરાક્રમી નાયકની અદ્ભુત નેતૃત્વશક્તિ અને બહાદુરી બદલ ભારત સરકાર દ્વારા તેમને ૨૬ જાન્યુઆરી, ૧૯૮૨ના રોજ મરણોતર પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. મહાર રેજિમેન્ટના એકમાત્ર સૈનિક અને IPKFના પણ માત્ર એક જ સૈનિક મેજર રામાસ્વામી પરમેશ્વરન્, કે જેઓ પરમવીર ચક્રથી અલંકૃત થયા.

લશ્કરી જીવન દરમિયાન મિઝોરમ, ત્રિપુરાના અનેક અભિયાનોમાં અને લડાઈઓમાં તેમણે ભાગ લીધો હતો. તેઓ શિસ્તના ખૂબ આગ્રહી હતા. છતાં સ્વભાવે એકદમ સરળ હતા. તેમના નેતૃત્વમાં કામ કરવા માટે લશ્કરના જવાનો હંમેશાં તૈયાર રહેતા હતા. તેમની અદ્ભુત નેતૃત્વ શક્તિએ તેમને લશ્કરના પ્રિય બનાવી દીધા હતા. જવાનો તેમને 'પૈરી સાહેબ' તરીકે સંબોધતા.

IPKFના આ સાહસિક નાયકના સન્માનમાં આક્રોટ રોડ ચેન્નાઈમાં એક વસાહત સ્થાપવામાં આવી. જેનું નામ AWHO પરમેશ્વરન્ વિહાર (આર્મી વેલ્ફેર હાઉસિંગ બોર્ડ) રાખવામાં આવ્યું.

તેમના બલિદાનને સન્માનતા રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક, પરમ યોદ્ધા સ્થળ, નવી દિલ્હી ખાતે તેમનું એક સ્ટેચ્યૂ પણ મૂકવામાં આવ્યું છે.

માત્ર ૪૧ વર્ષનું આયુષ્ય ભોગવીને પરાક્રમી રામાસ્વામીએ દેશનાં હિતમાં એક આદર્શ સ્થાપિત કર્યો. આથી જ કહી શકાય કે તમે ક્યાંય પણ રહો, કોઈના પણ પક્ષથી લડો, તમારી ગતિ કોઈ પણ હો, તમે કોઈ પણ રીતે મૃત્યુ પામો પરંતુ તમે કેવી રીતે જીવ્યા ? એ જીવતરમાં સ્વાભિમાન કેટલું હતું ? એ તમને સદીઓ સુધી અમર રાખે છે.

કાળખંડ જ્યારે જ્યારે પણ પોતાના પાના ઉલટાવીને જોશે ત્યારે પોતાના આ વરદ્ પુત્રની સામે નતમસ્ત થવા માટે વિવશ થઈ જશે.

સૌ ભારતીયો વીર શહીદોને યાદ કરીને ગૌરવ અનુભવી શકે એ જ આશા સાથે વિરમું છું.

# ઊર્જાવાન શિક્ષકો

**ડૉ. જે. એમ. નાયક**
પૂર્વ આચાર્યશ્રી
શાહ એન. એચ. કૉમર્સ કૉલેજ, વલસાડ.
મો. ૯૪૨૮૦૨૨૫૨૪

**(નવસારી કેળવણી મંડળ સંચાલિત ચાર શાળાના સારસ્વત મિત્રો માટે યોજાયેલ કાર્યક્રમમાં આપેલ વક્તવ્યનો સાર. તા.૧૫/૯/૨૦૨૨ )**

આપની શાળાના આદ્ય સ્થાપકશ્રી ઠાકોરભાઈ દેસાઈની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલ આજના આ કાર્યક્રમમાં સૌપ્રથમ સદગતના પુણ્ય આત્માને ભાવપૂર્વક વંદન કરીને આજના વિષયને અનુરૂપ મારા વિચારો વ્યક્ત કરું છું.

બાલ્ટીમોરની ઝૂંપડપટ્ટીનાં બસો જેટલાં બાળકોનો અભ્યાસ સમાજશાસ્ત્રના એક પ્રોફેસરે પોતાના વિદ્યાર્થીઓ દ્વારા કરાવ્યો. બાળકોના ભવિષ્ય અંગે એક તારણ દરેકે લખ્યું. 'તકનો અભાવ.' ૨૫ વર્ષ પછી બીજા પ્રોફેસરે આ અભ્યાસનું તારણ વાંચીને બસો બાળકો કે જે હવે યુવાનો થઈને તેમનું શું થયું તે જાણવા યુવાનોએ પોતાના વિદ્યાર્થીઓ પાસે અભ્યાસ કરાવ્યો. બસોમાંથી વીસ બાળકો ગુજરી ગયેલા અને બાકીના ૧૮૦માંથી ૧૭૬એ વકીલ, ડૉક્ટર કે વેપારી બનીને અસાધારણ સફળતા મેળવી હતી. સફળ થનાર યુવાનોને તેમની સફળતાનું રહસ્ય પૂછવામાં આવ્યું તો દરેકે જણાવ્યું તેમાં એક કોમન વાત હતી તે એ કે 'એક શિક્ષિકા'. આ શિક્ષિકાને 'ઊર્જાવાન શિક્ષિકા' તરીકે ઓળખી શકાય કે નવાજી શકાય. જે ઊર્જાવાન શિક્ષક હોય તે જ પોતાના વિદ્યાર્થીને ઊર્જા પૂરી પાડી શકે. આ વાતથી વિપરીત એક શૈક્ષણિક મેગેઝીનમાં વાંચવામાં આવ્યું હતું કે આજે કુલ શિક્ષકો પૈકી ૮૦ % શિક્ષકો ડેડ થઈ ગયા છે. અહીં 'ડેડ' એટલે ગુજરી ગયા છે એવું નથી. પરંતુ આવા શિક્ષકો સમયની સાથે તાલ મિલાવતા નથી. એનો અર્થ એ થાય કે વીસ ટકા શિક્ષકો જ જીવંત છે કે ઊર્જાવાન છે.

૧૨મી જુલાઈ, ૨૦૧૩ના રોજ શાંતિનું નોબલ પારિતોષિક મેળવનાર ૧૬ વર્ષની મલાલાએ યુનોમાં આપેલ પ્રવચનમાં જણાવેલ કે એક શિક્ષક એક પુસ્તક, એક કલમ કે એક બાળક વિશ્વને બદલી શકે છે. અહીં શિક્ષક આગળ હું પોતે ફરીથી ઊર્જાવાન શબ્દ ઉમેરવા માંગું છું. ઊર્જાવાન શિક્ષકમાં જ દુનિયાને બદલવાની તાકાત હોય છે. ઊર્જાવાન શિક્ષકની ખાસિયત છે કે એ હંમેશાં નવું શીખવા તત્પર હોય છે. નવાં નવાં સારાં પુસ્તકોનું કે શૈક્ષણિક સામયિકોનું એ નિયમિત વાંચન કરતો રહે છે. જે શિક્ષક નવું નવું શીખવાનું બંધ કરે છે એની પ્રગતિ ચોક્કસપણે અટકી જાય છે. આવા શિક્ષકનું જીવન જડ યંત્રવત બની જાય છે. ઊર્જાવાન શિક્ષક શિક્ષણના નવીન પ્રવાહોને વર્ગખંડમાં લઈ જાય છે. રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં : 'શિક્ષક પોતે શીખતો ન રહે તો એ કદી શીખવી ન શકે'.

દરેક શિક્ષકે પોતાના વ્યવસાયિક વિકાસ માટે દર વર્ષે પચાસ કલાક Continuous Professional Development (CPD) માટે ફાળવવા જ જોઈએ. આજના કાર્યક્રમનો એક કલાક એ પણ CPDનો જ એક ભાગ છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એડવોકેટ, ડૉક્ટર પણ સમયની સાથે તાલ મિલાવવા સેમિનાર કે કોન્ફરન્સ એટેન્ડ કરીને સતત અપડેટ થતા રહે છે. શિક્ષકોએ પણ ઓરિએન્ટેશન, રિફ્રેશર કોર્સ કરીને સતત રિફ્રેશ રહે એ આવશ્યક જ નહીં અનિવાર્ય પણ છે. ઊર્જાવાન શિક્ષકો સદાને માટે સતત વિદ્યાર્થી બનીને નવું નવું શીખવાની ધગશ ધરાવે છે. ઇન્ફર્મેશન ટેકનોલોજીનો આ યુગ છે તેથી નવા નવા સંશોધનો સતત થતાં રહે છે. તેથી એકવીસમી સદીમાં શિક્ષણમાં આવી રહેલાં પરિવર્તનને સ્વીકારીને શિક્ષકે પોતાનો દૃષ્ટિકોણ બદલવો જ રહ્યો. અહીં એક વાતની સ્પષ્ટતા કરી લઉં કે નવું નવું શીખવું એટલે તમારા વ્યક્તિગત જીવનના આનંદને નષ્ટ કરીને નથી જીવવાનું. નવું નવું શીખવાનો પણ અનેરો આનંદ હોય છે.

ઊર્જાયુક્ત શૈક્ષણિક કાર્ય ઊર્જાવાન શિક્ષકો જ કરી

શકે. શિક્ષકના વિચાર, વાણી અને વર્તનમાં હકારાત્મક ઊર્જાનો સતત સંચાર થતો રહેવો જોઈએ. ફક્ત સિલેબસને ધ્યાનમાં રાખીને જ વર્ષ પૂરું કરતા શિક્ષકો એ ઊર્જાવાન શિક્ષકો ચીલાચાલુ શિક્ષકો છે. મારા અંગત મતે પોઝિટિવ એટિટ્યૂડ ધરાવનાર શિક્ષક જ ઊર્જાવાન શિક્ષક બની શકે છે.

ઊર્જાવાન શિક્ષકો હંમેશાં સ્ટાફરૂમમાં કે વર્ગખંડમાં પોઝિટિવ લેન્ગવેજનો જ ઉપયોગ કરે છે. એમના વ્યવહારમાં પણ હંમેશાં હકારાત્મકતા જોવા મળે છે. આવા શિક્ષકો વાતચીતમાં જે શબ્દપ્રયોગો કરે છે તે પણ હકારાત્મક જ હોય છે. ઊર્જાવાન શિક્ષકોનું કાર્ય અન્ય શિક્ષકો માટે ઉદાહરણરૂપ હોય છે.

જે રીતે શિક્ષણની પ્રક્રિયા સાથે શિક્ષક અભિન્ન રીતે જોડાયેલો છે તે જ રીતે શિક્ષણની સમગ્ર પ્રક્રિયા સાથે પોઝિટિવ એનર્જી શબ્દ પણ અભિન્ન રીતે જોડાયેલો છે. આ હકારાત્મકતાની વાત ઊર્જાવાન શિક્ષકોને બરાબર બંધબેસતી લાગુ પડે છે.

ધી એન્યુઅલ સ્ટેટસ ઓફ એજયુકેશન રિપોર્ટમાં ગુજરાતની શાળાઓમાં ગોખણપટ્ટીનું શૈક્ષણિક કાર્ય થતું હોવાનું બહાર આવ્યું છે. યુનિસેફના રિપોર્ટમાં પણ જણાવાયું છે કે આપણા દેશમાં કૉલેજોમાં પરીક્ષાને કેન્દ્રમાં રાખીને ગોખણપટ્ટીનું જ શિક્ષણ આપવામાં આવે છે. ગુણવત્તાલક્ષી અને મૂલ્યલક્ષી શિક્ષણની જ્યારે વાત કરવામાં આવે છે ત્યારે આ બે તારણોને નજર સમક્ષ રાખવા જ પડશે. ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવા માટે પણ ઊર્જાવાન શિક્ષકોની જરૂરિયાત છે. ગુણવત્તાયુક્ત વિદ્યાર્થી કે ગ્લોબલ સ્ટુડન્ટ કે ઊર્જાવાન વિદ્યાર્થી કે મૂલ્યલક્ષી વિદ્યાર્થી તૈયાર કરવો હોય તો તે ઊર્જાવાન શિક્ષકો જ તૈયાર કરી શકે એમ છે એ નિર્વિવાદ છે.

કોઈપણ શિક્ષક ફક્ત વાણીથી કે શબ્દોથી શિક્ષણ નથી આપતો અને આપે તો તેની અસર નહીં થાય. સાચો શિક્ષક તો પોતાના આચરણ દ્વારા જ પોતાના વિદ્યાર્થી પર પ્રભાવ પાડી શકે છે. પુસ્તકોમાં લખાયેલી વાતને વિદ્યાર્થી સુધી પહોંચાડવી એ તો સરેરાશ શિક્ષકની કામગીરી છે. વિદ્યાર્થીના જીવન ઘડતર માટે અને સર્વાંગી વિકાસ માટે સાચો શિક્ષક સતત પ્રયત્નશીલ રહેવો જોઈએ. વિદ્યાર્થીનાં ઘડતરનું સાચું કાર્ય એક શિક્ષક જ કરી શકે છે. શિક્ષણના વ્યવસાયમાં શિક્ષકોની સજ્જતા કેન્દ્રવર્તી છે. કોઈપણ શાળાનું મકાન ફાઈવ સ્ટાર હોય અને શાળા પાસે અદ્યતન સાધનો હોય પરંતુ જો એ શાળામાં સેવા આપતા શિક્ષકોનું કમિટમેન્ટ કે એમની પ્રતિબદ્ધતા ન હોય તો તે સંજોગોમાં એ શાળાના વિદ્યાર્થીઓનું ઓવરઓલ ડેવલપમેન્ટ થઈ શકે નહીં.

એકવીસમી સદી એ જ્ઞાન – વિજ્ઞાનની સદી છે. આ સદીમાં શિક્ષકોએ અદ્યતન નૂતન પ્રવાહોથી વાકેફ રહીને અને અદ્યતન ટેકનોલોજીથી વાકેફ રહીને સજ્જતા કેળવવી પડશે. આજના ટેકનોલોજીના યુગમાં શિક્ષકો સમક્ષ નવા નવા પડકારો ઊભા થતા જાય છે. એટલું જ નહીં સ્પર્ધાત્મક યુગમાં સમાજની શિક્ષક પાસેની અપેક્ષાઓ પણ અનેકગણી વધતી જાય છે. પોતાના વિષયની તજજ્ઞતા ઉપરાંત અન્ય વિષયનું નોલેજ પણ શિક્ષક પાસે અપેક્ષિત છે. નિરંતર શીખતા રહેવાથી શિક્ષકનો પોતાનો પણ સદાય ઉત્કર્ષ થતો રહે છે. શિક્ષણના પ્રવર્તમાન નૂતન વિચારો અને પરિવર્તનને સમજવાની કાર્યક્ષમતા શિક્ષક પાસે હોવી જ જોઈએ. માણસની નવું નવું શીખતા રહેવાની વૃત્તિને કારણે જ નિતનવા સંશોધનો પણ થતાં રહે છે. ભૂદાન યજ્ઞના પ્રણેતા પૂ. વિનોબાજી કહેતા કે ‘જે શિક્ષક પોતે ભણતો નથી તેને ભણાવવાનો કોઈ અધિકાર નથી’. સાંપ્રત પ્રવાહોથી વાકેફ રહેવા માટે પણ શિક્ષકોએ સદા ભણતા રહેવું પડે છે.

ઊર્જાવાન શિક્ષક self motivated હોય છે. અને તેથી જ તે વિદ્યાર્થીઓને તેમના ધ્યેય કે લક્ષ્ય તરફ પ્રેરિત કરી શકે છે. વિદ્યાર્થીઓને ભણાવવા ઉપરાંત તેમને અભિપ્રેરિત કરવાનું કામ પણ શિક્ષકનું હોય છે. પાટલીને

**અનુસંધાન પૃષ્ઠ ૩૪ ઉપર**

# ઘર ઘર વસાવા જેવી આત્મકથા : 'સત્યના પ્રયોગો'

**પ્રા. મહેન્દ્ર જે. પરમાર**
બી-૧૦૧, સ્વાગત સીટી,
અડાલજ, જિ. ગાંધીનગર-૩૮૨૪૨૧.
મો. ૯૪૨૯૫૨૪૨૦૫

વિલાયત જતી વખતે માતા પુતળીબાઈએ ત્રણ પ્રતિજ્ઞા લેવડાવી. પછી આજ્ઞા આપી. માંસ, મદિરા અને સ્ત્રી સંગથી દૂર રહેવું. તેઓ નોંધે છે કે, 'મનુષ્યના ધર્મની કસોટી આવે જ સમયે થાય છે. જીવનમાં સાધનાની હદ હોય, જીવવાને ખાતર પણ અમુક વસ્તુ આપણે ન કરીએ. મારા ધર્મની મર્યાદા આવે વખતે પણ માંસ ઈત્યાદિનો ઉપયોગ કરતાં રોકે છે.' 'મહાત્મા ગાંધીજીએ આપદ્ધર્મમાં પણ દારૂ માંસનો ઉપયોગ કર્યો નથી. તેમના પુણ્ય પ્રતાપે આજે ગુજરાતમાં દારૂબંધી છે. આમ છતાં ભ્રષ્ટતંત્ર અને સમાજ તેને સારી રીતે વ્યવહારમાં મૂકવામાં નિષ્ફળ ગયેલ છે.'

'૧૩ વર્ષની ઉંમરે મારા વિવાહ થયા પછી એની નોંધ લેતા અકળામણ થાય છે. આજે મારી નજર આગળ બાર-તેર વર્ષનાં બાળકો પડ્યાં છે. તેમને જોઉં છું ને મારા વિવાહનું સ્મરણ કરું છું ત્યારે મને મારા પર દયા છૂટે છે. ૧૩ વર્ષે થયેલા મારા વિવાહના સમર્થનમાં એક પણ નૈતિક દલીલ મને નથી સૂઝતી. વિવાહનું પરિણામ એ આવ્યું કે અમારા બે ભાઈનું એક વર્ષ નકામું ગયું. મારા ભાઈને સારું તો એથીય વિષમ પરિણામ આવ્યું. વિવાહ પછી તે નિશાળમાં જ ન જઈ શક્યો. આ અનિષ્ટ પરિણામ તો દૈવ જાણે કેટલા જુવાનોનું આવતું હશે. વિદ્યાભ્યાસને વિવાહ બેઉ એકી સાથે તો હિન્દુ સંસારમાં જ હોય.'

ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' વીસમી સદીના વિશ્વ સાહિત્યની ચિરંજીવ કૃતિઓમાંની એક છે. વિશ્વના આત્મકથા સાહિત્યમાં તેની એક આગવી મુદ્રા છે. ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગનું સર્વોત્તમ પ્રતિનિધિત્વ કરતી આ કૃતિ સાહિત્યિક તેમજ સાહિત્યેતર ધોરણે પણ અનન્ય અને ઉત્તમ છે. આ મહાનકૃતિના સર્જક હોવા છતાં ગાંધીજીએ કદી પણ લેખક હોવાનો દાવો કર્યો નથી. તેઓ નોંધે છે કે, 'મારે મન સત્ય એ જ સર્વોપરી છે. આ સત્ય તે સ્થૂલ-વાચાનું નહીં, પણ સ્વતંત્ર ચિરસ્થાયી સત્ય, એટલે કે પરમેશ્વર જ.'

જેમ કોઈ વિજ્ઞાની પોતાની પ્રયોગશાળામાં વિજ્ઞાનના પ્રયોગો કરે છે તેમ ગાંધીજીએ પોતાના જીવનમાં સત્યના પ્રયોગો કર્યા છે. સ્મરણોનાં આધારે જે તે ઘટનાઓમાંથી સત્યને હિતકર એવી ઘટનાઓનું યથાર્થતઃ નિરૂપણ કર્યું છે. જેમ કોઈ સુવર્ણકાર સુવર્ણને ગાળીને શુદ્ધ કરતો જાય તેમ તેમણે સત્યની ભઠ્ઠીમાં પોતાના જીવનની વિવિધ ઘટનાઓને ગાળીને અહીં મૂકી છે. જ્યારે વાંચો ત્યારે સત્યના તેજ લિસોટા સ્પર્શ્યા વિના ન રહે. સામાન્ય રીતે મનુષ્ય સ્વભાવ પ્રશંસાનો છે. આત્મકથા લખવા બેસે છે ત્યારે તેને પ્રગટ કરવાનો મોકો મળે છે. પરંતુ ગાંધીજીની આત્મકથામાં ઊલટી ગંગા જોવા મળે છે. તેઓ આત્મપ્રશંસાના બદલે આત્મનિંદાનો એકપણ પ્રસંગ જતો કરતા નથી. જેમકે, 'હું શરમાયો... ચેત્યો... ભાગ્યો...' પોતાની નૈતિક અધઃપતનની ક્ષણોનું એમણે જે નિરૂપણ કર્યું છે એનાથી એક દૃષ્ટાંત લઈએ.

'નાનપણમાં પોતે માંસ ખાધું હતું. બીડીના વ્યસનમાં સપડાયા હતા. ચોરી કરી હતી. આવી અનેક ઘટનાઓનો નિખાલસ એકરાર કર્યો છે. અહીં સત્યને વિકૃત કરવાનો કે ઢાંકવાનો તેઓ ભાગ્યે જ પ્રયત્ન કરે છે. તેથી જ તો ટૉલ્સટૉયની જેમ ગાંધીજીની આત્મકથાનો નાયક પણ 'સત્ય' જ છે. તેમાં સૌથી મોટો ગુણ 'સત્ય' જોવા મળે છે. સત્યને આંચ પહોંચાડ્યા વગર સત્યના પ્રયોગોને રજૂ કરવાની વિવેકબુદ્ધિ સહજ છે જ. વળી સ્વકથા કહેતા પોતાના દોષો અને વિકારોનું નિર્દય-તટસ્થાપૂર્વક આલેખન કરતા ગયા છે. પોતાના દોષો અને કુટેવોની નિખાલસતાથી કબૂલાત કરે છે.'

સાદી, સરળ વાણી, તળપદા શબ્દો, રૂઢિપ્રયોગો,

કહેવતો અને નાનાં સાદાં વાક્યોથી આત્મકથા ઉચ્ચ સ્થાને પ્રસ્થાપિત થાય છે. તેમની વર્ણનશક્તિ ગજબની છે. 'પ્રભુસેવા એજ જન સેવા' કરતાં કરતાં જે કંઈ વાંચ્યું, વિચાર્યું ને લખ્યું તેના પરિપાકરૂપે આપણને ગાંધીજીના અક્ષરદેહનાં હજારો પૃષ્ઠો મળ્યાં છે. આત્મકથામાં ગુજરાતી ભાષાના અનેક ચમકારા દેખાય છે. કસ્તુરભાઈ, નારાયણ હેમચંદ્ર, ગોપાલકૃષ્ણ ગોખલે વગેરેના ઉત્તમ શબ્દચિત્ર આલેખ્યાં છે. તેમનું જીવન ખુલ્લી કિતાબ જેવું હતું. આચાર-વિચારમાં એક વાક્યતા હતી. જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણી સંગમ હતો.

'સત્યના પ્રયોગો' સર્વ પ્રથમ આવૃત્તિ ગુજરાતીમાં વિ.સં. ૧૯૮૨માં છપાઈ હતી. નવજીવનમાં ૧૯૨૫થી ૧૯૨૯ દરમિયાન હપ્તે હપ્તે છપાઈ હતી. તેમાં ગાંધીજીના ઈ.સ. ૧૯૨૫ સુધીના જીવનને આવરી લેવામાં આવ્યું છે. તેનો અંગ્રેજી અનુવાદ 'યંગ ઈન્ડિયા'માં છપાયો હતો. એપ્રિલ ૨૦૧૩ સુધીમાં તેની ૫,૭૬,૦૦૦ નકલો પ્રકાશિત થઈ છે. મલયાલમમાં ૩ લાખ. ભારતની ૨૧ ભાષા અને પરદેશની ૨૩ ભાષામાં છપાઈ છે. તેની લગભગ ૨૫ લાખ નકલોમાંથી સૌથી વધુ અંગ્રેજીમાં લગભગ ૮ લાખ પ્રતો છે. કોઈ અર્વાચીન ભારતીય સાહિત્યકારની કૃતિની આટલી નકલો જવલેજ પ્રકાશિત થઈ હોય તેવી આ ઘટના છે.

નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા ૪૮૬ પાનાંની આત્મકથા 'સત્યના પ્રયોગો' રાહતદરે નજીવા ભાવે આજે પણ પ્રાપ્ત છે. પ્રત્યેક શાળા-કૉલેજો અને પ્રત્યેક ઘરમાં વસાવા જેવું આ ઉમદા પુસ્તક ઘણું જ જીવનોપયોગી પુરવાર થાય તેવું સશક્ત છે. પ્રાર્થના સંમેલનમાં નિયમિત એક એક પ્રકરણ વંચાય તો વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં ખૂબ મોટો બદલાવ આવી શકે તેમ છે. પ્રત્યેક શિક્ષક અને વિદ્યાર્થી પાસે આત્મકથા પહોંચે અને નિયમિત વંચાય તેમ ગોઠવવું જોઈએ. ૨૦મી સદીના ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગનું સર્વોત્તમ પ્રતિનિધિત્વ કરતી આ કૃતિ સાહિત્યિક અને સાહિત્યેતર ધોરણોએ પણ અનન્ય અને ઉત્તમ છે.

કુલ પાંચ ભાગ અને ૪૮૬ પાનામાં વિસ્તરેલી આત્મકથાના દરેક પ્રકરણમાં મોહનથી મહાત્મા બનવાની ગાથા છે. આત્મકથાના બહાને સત્ય પર કરેલા અનેક પ્રયોગોનો દસ્તાવેજ છે. તેમના મતે સત્યનો ઈનકાર એ ઈશ્વરના અસ્તિત્વનો ઈનકાર છે. તેઓ મનુષ્યના દૈનિક જીવનમાં અને સામાજિક જીવનમાં સત્યના આચરણને જ મહત્ત્વ આપે છે. તેમણે પોતાના જીવનની કોઈપણ વાતને છુપાવી નથી. આખીયે આત્મકથામાં અખંડ સત્યનિષ્ઠાનાં અનેક ઉદાહરણો માનવજાતને પ્રેરણા આપે તેવા છે. 'જનસેવા એજ પ્રભુસેવા' જીવનનો મહામંત્ર હતો. તેઓ માનતા કે, 'ઈશ્વર એ માનવતાનું મંદિર છે. માનવતાની ઉપાસના એ ઈશ્વરની ઉપાસના છે.' તેઓ જીવનમાં અંતિમ ક્ષણ સુધી અંત્યોદય અને સર્વોદય માટે ઝઝૂમ્યા. ભારતમાં વસતા બધા માનવ સંપૂર્ણપણે સંવાદિતા અને ભ્રાતૃભાવ સાથે જીવે તેવા સમાજ સર્જનના તેઓ શિલ્પી હતા.

આત્મકથાના પ્રથમ ભાગમાં જન્મ, બચપણ, બાળવિવાહ, ધણીપણું, હાઈસ્કૂલમાં દુઃખદ પ્રસંગ, ચોરી અને પ્રાયશ્ચિત્ત, ધર્મની ઝાંખી, નાત બહાર, શરમાળપણું મારી ઢાલ, ખોરાકના પ્રયોગો અને મારી મૂંઝવણ જેવાં ૨૫ પ્રકરણો સમાવિષ્ટ છે. બીજા ભાગમાં દામ્પત્ય જીવનના વિવિધ પ્રસંગો, શતાવધાની રાયચંદભાઈની પ્રતિભાનો પ્રભાવ, સામાજિક અનુભવો, વિદેશગમન, આફ્રિકાના રેલવે સ્ટેશને થયેલું અપમાન, રંગભેદની નીતિનો ભોગ, ધાર્મિક મનોમંથનો અને અન્યાય લડવાના પ્રસંગો આલેખાયા છે. સંસાર પ્રવેશ, પહેલો કેસ, પહેલો આઘાત, નાતાલ પહોંચ્યાં, પ્રિટોરિયા જતાં, વધુ હાડમારી, ધર્મ નિરીક્ષણ, દેશ ભણી, હિન્દુસ્તાનમાં, પૂનામાં વગેરે ૨૯ પ્રકરણો છે.

ત્રીજા ભાગમાં સક્રિય રાજકીય પ્રવૃત્તિ, પુત્રો-ભાણેજની કેળવણીની મુશ્કેલીઓ, રક્તપિતોની સેવા, બ્રહ્મચર્ય પાલનના પ્રસંગો, સ્વાવલંબન અને સાદગીનો આરંભ, દૃઢ ધર્મભાવના વગેરેનું વર્ણન ગાંધીજીના જુદા જ વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. તોફાનના ભણકારા, કસોટી, બાળકેળવણી, સેવાવૃત્તિ, બ્રહ્મચર્ય, સાદાઈ,

**અનુસંધાન પૃષ્ઠ ૩૪ ઉપર**

# કાગડાનું સ્વચ્છતા અભિયાન

**માધવી આશરા**
ભાવનગર.
મો. ૭૦૯૬૩૯૦૨૫૪

સીતાપુર નામે એક ખૂબ જ સુંદર મજાનું નાનકડું ગામડું. ગામડાની નજીક નદી, તળાવ આવેલા. નદી, તળાવ હોય એટલે ત્યાં અનેક પ્રાણીઓ, પક્ષીઓ, જીવ-જંતુઓ પાણી પીવા આવે જ. તેમજ લોકો પણ નદી, તળાવે કપડાં ધોવા, સ્નાન કરવા, પોતાના પાલતું પશુઓને પાણી પાવા, તેમજ ચરાવવા માટે આવે જ. આ ગામ ખૂબ સુંદર અને સ્વચ્છ હતું.

પક્ષીઓ સવાર-સાંજ પોતાની તરસ છુપાવવા નદી કાંઠે આવે, તળાવે જાય. કોયલ, કાબર, પોપટ, મેના, કાગડો, કબૂતર, સમડી, ઘુવડ, ચકલી વગેરે અનેક પક્ષીઓ ઉડતાં-ઉડતાં આવે, રમે, અને પાણી પી ને ચાલ્યાં જાય. આ બધાં પક્ષીઓમાં એક કલ્લુ કાગડો રહેતો હતો. જો કે કાગડાને આપણે એક ગંદુ પક્ષી માનીએ છીએ. તે હરહંમેશ જે જગ્યાએ ગંદકી હોય ત્યાં જ પોતાનો ખોરાક શોધે છે. આ ગંદકીમાં મરેલા પ્રાણીઓ કે પક્ષીઓનાં માંસ, એઠવાડ વગેરે સામેલ હોય.

કાગડાઓ ભલે ગંદા પક્ષીઓ કહેવાતા હોય. પણ કલ્લુ કાગડો ખૂબ સાફ  દયનો હતો. તે હંમેશાં લોકોનું, પક્ષીઓનું સારું જ ઇચ્છતો હતો. કોઈને નુકસાન કરવું તેને બિલકુલ પસંદ ન હતું. જો કે તે ગંદો ખોરાક જરૂર ખાતો પણ પોતાની આસપાસ તેમજ પોતાનું ગામ સીતાપુરને સ્વચ્છ રાખવા તત્પર રહેતો.

એક દિવસની વાત છે સીતાપુર પાસે આવેલા એક રામપુર નામનાં ગામડે ભારે રોગચાળો ફેલાઈ ગયો. લોકોને જાડા-ઉલટી, તાવ, શરદી, ઉધરસ, ટાઈફોઈડ, મેલેરિયા વગેરે બીમારીઓ થઈ રહી હતી. ધીમેધીમે આ બીમારી મોટું સ્વરૂપ લઈ રહી હતી. નાના ભૂલકાઓથી માંડીને મોટા વડીલો પણ આ રોગચાળાની ઝપેટમાં આવી ગયાં હતાં. કેટલાક કેસમાં તો લોકોનાં બીમારીને કારણે મૃત્યુ પણ થઈ રહ્યાં હતાં.

રામપુરનાં આ રોગચાળાની વાત સીતાપુર પહોંચી ગઈ અને સીતાપુરમાં આ વાત પેલા કલ્લુ કાગડાને ખબર પડી. એ તો ઉડતો- ઉડતો રામપુર ગામે પહોંચી ગયો. ત્યાં જઈ તે ગામનું ખૂબ જ ઝીણવટ પૂર્વક નિરીક્ષણ કરવા લાગ્યો. તેણે એ જાણવાની કોશિશ કરી કે આ રોગચાળો ફેલાવવા પાછળનું કારણ શું છે?

રામપુરમાં કલ્લુ કાગડાએ જોયું કે લોકો પોતાના ઘરની આસપાસ સ્વચ્છતા રાખતા નથી. લોકો વધેલો એઠવાડ કોઈ પશુને ખવડાવવાને બદલે જમીન પર જ ફેંકી દે છે. આથી તે જમીન પર પડ્યું પડ્યું બગડવા લાગે છે. તેના પર કીડી-મકોડા, માખી, મચ્છર બેસે છે અને આ જીવ-જંતુ ત્યાંથી લોકોનાં સારા ખોરાક પર બેસે છે. આથી ખરાબ કિટાણુંઓ લોકોનાં પેટમાં જાય છે. પેટનું સ્વાસ્થ્ય બગડતા લોકોની રોગો સામે લડવાની શક્તિ ઓછી થવા લાગે છે અને તેઓ જલદી બીમારી પડે છે.

લોકોની સાથે અહીંનાં પશુ-પક્ષીઓ, પ્રાણીઓ પણ એવાં જ હતાં. તેઓ પણ જ્યાંત્યાં ફરતાં રહેતાં. તેઓનાં મળ-મૂત્ર ગામડાની ગલીઓમાં કેટલાય દિવસો સુધી પડ્યા રહેતા. તેના પર પણ માખી, મચ્છર બેસે અને લોકોમાં બીમારી ફેલાવે.

લોકોમાં કોઈપણ પ્રકારની જવાબદારીએ કે સમજદારીનો અભાવ હતો. જો કૂવામાં કે નદીએ, અથવા તો તળાવે પશુ કે પ્રાણી મરી ગયું હોય તો લોકો તેને કેટલાય દિવસો સુધી એમ જ રહેવા દે. આથી આખા વાતાવરણમાં દુર્ગંધ ફેલાઈ જતી.

આવી અજાગૃતાને જોઈ કલ્લુ કાગડો તો દુઃખી થઈ ગયો. લોકોની દયનીય સ્થિતિ જોઈ તે લોકો માટે કશુંક કરવા માટે ઉત્સાહિત થયો. તે ફરી પોતાના ગામડે

સીતાપુર આવ્યો અને પોતાના અન્ય સાથી કાગડાઓને રામપુર ગામની સમગ્ર સ્થિતિ વિશે કહ્યું. બધા જ કાગડાઓ કલ્લુ કાગડાની વાત સમજી ગયા અને તેઓ કલ્લુ કાગડાની મદદ કરવા પણ તૈયાર થઈ ગયા.

આમ બધા કાગડાઓ કલ્લુ કાગડાની આગેવાની હેઠળ રામપુર પહોંચી ગયા. સૌથી પહેલા તો કાગડાઓએ મરેલા પશુ-પક્ષીઓનાં માસને પોતાની ચાંચમાં લઈ ગામમાંથી દૂર કર્યા. ત્યાર પછી લોકોનાં ઘરની બહાર પડેલ એઠવાડને પોતે ખાધો.

ત્યાર પછી ભારત સરકાર દ્વારા ચલાવવામાં આવેલ સ્વચ્છતા અભિયાન અંગે લોકોને જાગૃત કરવા માટે શેરી-શેરીએ સૂચના બોર્ડ લગાવ્યા. 'જ્યાં સ્વચ્છતા ત્યાં તંદુરસ્તી', 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા', સૌનો સાથ ગંદકીનો નાશ', 'ગંદકી બતાવે દવાખાનાની સીડી', 'ગંદુ ગામ રોગનું ધામ', 'ગંદકીને છોડો, સ્વચ્છતાને જોડો' વગેરે અનેક સૂત્રો ઠેરઠેર લખવામાં આવ્યાં.

આમ કાગડાઓનો આવો જુસ્સો અને નિઃસ્વાર્થ સેવા જોઈ લોકોનું પણ  દયપરિવર્તન થયું. તેઓ પણ સ્વચ્છતા અંગે જાગૃત બન્યા. લોકોને પોતાની ભૂલ સમજાઈ ગઈ. આખું ગામ હવે સ્વચ્છતાનાં મિશન પર ચાલવા લાગ્યું. ધીમેધીમે કરતાં ગામનાં લોકો સાજા થવા લાગ્યા, બીમારી ઓછી થવા લાગી. લોકોમાં ફરી નવી સ્ફૂર્તિ આવવા લાગી. બધા લોકોએ મળીને કલ્લુ કાગડાનો આભાર માન્યો.

## ઊર્જાવાન શિક્ષકો

પેલે પાર શું ચાલી રહ્યું છે તેના પર પણ શિક્ષકનું સતત ધ્યાન હોવું જરૂરી છે. શિક્ષકની ભૂમિકા માર્ગદર્શક અને પ્રેરકની હોય છે. તે માટે શિક્ષકે હકારાત્મક અભિગમ અપનાવવો પડે છે. આદર્શ શિક્ષકે પોતાની જાતને પ્રશ્ન પૂછતા રહેવું પડે છે કે હું મારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શું કરી શકું? અને બીજો પ્રશ્ન એ હોવો જોઈએ કે હું મારી શાળાની પ્રગતિ માટે શું કરી શકું?

શ્રી નવસારી કેળવણી મંડળ સંચાલિત શાળાના આચાર્યશ્રી રાજેશભાઈએ મને આમંત્રણ આપીને મને આપેલા વિષય પર મારી વાત રજૂ કરવાની તક આપી તે માટે એમનો આ શાળાના મેનેજમેન્ટના હોદ્દેદારો, અને સભ્યોએ પણ આજના કાર્યક્રમમાં હાજરી આપી તે માટે એમનો અને આપ સૌએ મને શાંતિથી સાંભળ્યો તે માટે આપ સૌનો આભાર માની વિરમું છું. અસ્તુ.

## ઘર ઘર વસાવા જેવી આત્મકથા : 'સત્યના પ્રયોગો'

ધર્મસંકટ જેવાં ૨૩ પ્રકરણો ખૂબ જ રસપ્રદ છે. ચોથા ભાગમાં અંગ્રેજ અમલદારોના વિના વિરોધે સહેલા અપમાનો, કસ્તુરબા સાથે જાત સફાઈનો આગ્રહ, રસ્કિનના 'અન ટુ ધ લાસ્ટ'નો વાંચનપ્રભાવ, વકીલાતનો વ્યવસાય વગેરે પ્રસંગોનું વર્ણન ઘણું જ રોચક છે. કુલ ૪૭ પ્રકરણો છે.

પાંચમા ભાગમાં રાજકીય સામાજિક પ્રવૃત્તિઓ, શાંતિનિકેતન અને ટાગોરનું મિલન, અમદાવાદમાં સત્યાગ્રહ આશ્રમની સ્થાપના, અત્યંજ કુટુંબને આશ્રમમાં રાખવાથી પડેલી મુશ્કેલીઓ, ભારતમાં સત્યાગ્રહનો આરંભ, ખાદીવણાટ અને અસહકારની લડત વગેરે પ્રસંગો રજૂ થયા છે. પહેલો અનુભવ, શાંતિનિકેતન, ડુંગળી ચોરનો પ્રસંગ, ગળીનો ડાઘ, ગ્રામપ્રવેશ, ખેડામાં સત્યાગ્રહ, મરણપથારીએ, પહાડ જેવી ભૂલ, ખાદીનો જન્મ, એક સંવાદ, નાગપુરમાં વગેરે મળીને કુલ ૪૩ પ્રકરણો સમાવિષ્ટ છે. સત્યના પ્રયોગોએ આજની પેઢીને જે આપ્યું છે અથવા ભવિષ્યની પેઢીને જે આપશે જે અમૂલ્ય ભેટ જ હશે.

### ગુરુમંત્ર

ગાંધીના પગલે તું ચાલીશને ગુજરાત ?
સત્ય-અહિંસાની આંખે તું ચાલીશને ગુજરાત ?
ગાંધીના પગલે પગલે તું ચાલીશને ગુજરાત ?
- ઉમાશંકર જોશી

# બાનું ઘર

**ચંદ્રકાન્ત જે. સોની**
મોડાસા.
મો.૯૮૨૫૯૫૦૪૧૦

"ના. મેં તમને ચોખ્ખા શબ્દોમાં કહી દીધું ને કે મારે નથી જ વેચવું."

"તો પછી તું રાખી લે, તારી સગવડે અમારા ભાગના પૈસા આપજે બસ."

"ના મારી પાસે એવી કોઈ સગવડ પણ નથી અને કદાચ હોત તો પણ હું ના રાખત."

"તું રાખતો નથી અમને રાખવા દેતો નથી કે વેચવા પણ દેતો નથી એવું કેમ બને? કંઈક તો રસ્તો કાઢવો પડેને?"

અને આ ત્રણે ભાઈઓની ચર્ચાનો અંત તો ના આવ્યો. પણ ઝગડો અવશ્ય વધી પડ્યો.

વાત હતી ત્રણેય ના વડીલોપાર્જીત મકાનની. મકાન તો જર્જરિત હતું. હશે લગભગ સો દોઢસો વર્ષ જૂનું. એજ મકાનમાં આ છઠ્ઠી પેઢી ઉછરી હતી. ગામ વચ્ચોવચ મોકાની જગાએ હતું આજે તો તેના ભાવ મોં માગ્યા મળે તેમ હતા. પણ સૌથી નાનો કેતન આ મકાન વેચવા સંમત ન હતો.

મંગળદાસના દાદના દાદા વખતનું આ મકાન "વીરચંદભાના ડેલા" તરીકે ઓળખાતું. વીરચંદભાના દીકરા જયચંદદાસ ધંધાની ખોટ ના ખમી શકતાં કૂવે પડ્યાની કરુણ ઘટના અને વીરીબાઈ પર આવી પડેલ નાનમના ઈતિહાસનું સાક્ષી આ મકાન. વીરચંદ ભાના દીકરા જયચંદ દાસના દીકરા મૂળચંદભાઈ ફરી ધંધો જમાવી બે પાંદડે થયા ત્યાં સુધી કંઈક તડકા છાંયડી જોઈ ચૂકેલી આ પેઢી ભલે પૈસે ટકે સધ્ધર નહોતી થઈ, પણ મૂળચંદભાઈના દીકરા લલ્લુ ભગતના નામે વિખ્યાત થયા અને ન કેવળ એમના ગામમાં પણ આજુબાજુનાં અનેક ગામો અને એમનો સમાજ માનભરી દૃષ્ટિએ એમને જોતો થયો આમ કાળની અનેક થાપટો અને અનેક તડકા છાંયડીઓનું સાક્ષી આ મકાન પ્રેમચંદભાઈના મૃત્યુ પછી તેમના પત્ની કમળાબા અને ત્રણેય દીકરા જશવંત વચેટ દીકરા અનિલ અને સૌથી નાના દીકરા કેતનનું આશ્રય સ્થાન બની રહ્યું.

કમળાબાનાં મરણ પછી આ મકાન ઝઘડાનું મૂળ હતુ. મોટો જશવંત અમદાવાદ સ્થાયી થયો. તો વચેટ અનિલ ખાસ કંઈ ના ભણી શક્યો એટલે વડોદરા ટ્રાવેલ્સ કંપનીમાં આછી પાતળી નોકરીમાં જોડાઈ ગયો. કેતન ભલે ભણવામાં હોશિયાર હતો પણ કમળાબાની માંદગી અને પૈસાની તાણમાં ભણવાનું છોડી રિક્ષા ફેરવતો.

એક જમાનામાં 'વીરચંદભાનો ડેલો' તરીકે ઓળખાતું આ મકાન વારેતહેવારે વતન આવતા અનિલ જશવંત, કેતન અને તેમના પરિવાર માટે 'બાનુ ઘર' એવી ઓળખ મેળવી ચૂક્યું હતું...

કમળાબાનાં મૃત્યુ અને કારજ પાણી પત્યાં પછી આ મકાન વેચી દઇ રોકડી કરી લેવાની ભાવનાથી જશવંત અને અનિલ દબાણ કરતાં તો કેતન પણ આ મકાન ન વેચવાની જીદ કરી બેઠેલો.

સમજાવટના બધા રસ્તા નિષ્ફળ લાગતાં મામા અને ફુઆનુ દબાણ પણ લાવી જોયું પણ સફળતા ન મળી.

કેતન ગામમાં ભાડે રહેવા જતો રહ્યો. ત્યારે મકાનને તાળું મારી ચાવી ક્યાં રાખવી? એ પણ પ્રશ્ન હતો. ચાવી જશવંત પોતે સાથે અમદાવાદ લઈ જાય તો કેતનની પત્ની રેખા સમાજમાં પોતાને બદનામ કરી નાખે એવી ભીતિ, તો અનિલ તો હવે ટ્રાવેલ કંપનીના ગાઈડ તરીકે કામ કરતો. આજે પેસેન્જર સાથે આ ટૂરમાં તો કાલે પેલી ટૂરમાં.

હવે રહ્યો માત્ર કેતન, સ્થાનિક અને ભાડાના મકાનમાં. એને જ ચાવી આપવાનું નક્કી કરી. જશવંત અને અનિલ પોતપોતાના સ્થાને જવા રવાના થઈ ગયા. બજાર વચ્ચોવચ આ ખખડધજ મકાન પાંચપાંચ પેઢીના ઈતિહાસને સંગ્રહીને ઊભું રહ્યું.

એકાદ વર્ષ પછી જશવંત અને અનિલ મસલત કરી ફરી ગામડે મકાન વેચી રોકડી કરવાના ઈરાદે આવ્યા તો ખરા પણ.

"કેતન ચાલ આજે આપણું ઘર ખોલીએ."

કેતન ચાવી લઈ આગળ થયો.

પોતાની દાળ ગળતી હોય એમ માની જશવંત અને અનિલ પાછળ પાછળ આવ્યા.

અવાવરું ઘર ખોલ્યું.

કેતને બેસવા જેટલી જગા સાફસૂફ કરી નાખી.

શેતરંજી પાથરી ભીંતના ટેકે જશવંત અને અનિલ બેઠા.

બંનેના મનમાં રોકડી રકમના સપના તરવરતા હતા. કેતન પીગળ્યો હોય એમ લાગ્યું.

કેતન ચા પાણીની વ્યવસ્થામાં પરોવાયો એટલે જશવંત અને અનિલે, કેતનને થોડીક વધારે રકમ ચૂકવી તેને મનાવી લેવાનો પેંતરો ગોઠવી કાઢ્યો.

કેતન ચા લઈ આવ્યો.

ત્રણેય સાથે ચા પાણી પતાવ્યા.

જલદી વાત છેડવાની ઉતાવળ ન કરવા જશવંતે, અનિલને ઈશારો કર્યો.

"કેતન કેવું ચાલે છે તારે? રિક્ષામાં ઘરખર્ચ તો નીકળી જાય છે ને?

"હા. મોટાભાઈ થોડીઘણી બચત પણ કરૂ છુ એકાદ વર્ષમાં ઘરનુ ઘર થઈ જશે એવી મહેનત કરું છું."

"ભલે. અનિલ તારે પગાર વધ્યો હશે નહીં ?"

"હા મોટાભાઈ હવે તો આખી ટૂરનુ સંચાલન હું કરું છું આયોજકનો આયોજક અને ગાઈડનો ગાઈડ. આખા દેશમાં ફર્યો. કંઈ કેટલાય ઐતિહાસિક સ્થળોનાં ઈતિહાસ મને મોંઢે થઈ ગયા છે."

"ઠીક. મારે થોડી તાણ રહે છે પણ ગાડું ગબડે જાય છે" મોટાએ પોતાની વાત કરી.

કેતન હવે કદાચ મકાન વેચવા સંમત થશે એવા ઈરાદે જશવંતે ઘરના સામાનથી વાતની શરૂઆત કરી.

"કેતન. આ ભર્યુંભાદર્યું ઘર એના સામાનનું શું કરીએ ભાઈ ?

"તમે જે કરો તે."

અનિલ બાની પેટી લાવ. કંઈ ખાસ હશે નહીં. પણ જોઈ લઈએ

બાની પેટીમાં થોડાઘણાં કપડાં સિવાય કંઈ ન હતું છતાં પેટી ખાલી કરી જોઈ.

પેટીમાંથી તેમની નાની બહેન સરલાની ઓઢણી પર ત્રણેયની આંખો ચોટી ગઈ.

નાનકડી સરલા, સૌથી નાની બહેન. સૌને લાડકી. ચારે ભૈલાનું બાળપણ આંખોમાં દરિયાની ભરતી લઈ આવ્યું. તેને ગુમાવે વર્ષો થયાં પણ સરલા આજે તેમની સામે નાચતી કૂદતી કિલ્લોલ કરતી તરવરી રહી. ત્રણેય ડૂસકું ન રોકી શક્યાં.

"લાકડાના આ દાદા વખતના પટારામાં શું છે અનિલ?"

અનિલે પટારો ખોલ્યો. દાદાજીની પાઘડી અને ખેસ પિતાજીના તૂટેલી દાંડી વાળા ચશ્મા નકશીકામ વાળી છીંકણીની ડબ્બી, બાનો મઢ્યા વગરનો હાથી દાંતનો ચૂડો, લાકડાની નાળ વાળો હૂકો, મોતી ભરેલી ઈંઢોણી.

"બાપુજી બીમાર હતા. મારે હૉસ્ટેલની ફી ભરવાની હતી ત્યારે બાએ આ ચૂડા પરની સોનાની ચીપો વેચીને પૈસા આપેલા."

તે દશ્ય જશવંતની નજર આગળથી જાણે કે ખસતું ન હતું.

"પેલી નાની પતરાની પેટીમાં તો. આપણે ભણતા ત્યારની નોટો અને ચોપડીઓ છે." કહેતો અનિલ પેટી ખેંચી લાવ્યો. પેટી ખોલતાં અડધી લખેલી અને અડધી કોરી એક નોટ બહાર પડી.

"અલ્યા આ તો ડાહ્યલીની નોટ. સાતમા ધોરણમાં તેની નોટમાંથી દાખલા ઉતારવા હું માગી લાવેલો અને જાણી જોઈને ખોવાઈ ગયાનું બહાનું કાઢેલું. એની માએ આપણા ઘેર આવી ઝઘડો પણ કરેલો. અને ડાહ્યલીના દેખતાં બાએ મને ઝૂડી નાખેલો. અનિલના ભાવવાહી શબ્દોમાં જુદી જ ભીનાશ હતી. ત્યાર પછી ડાહ્યલી સાથે એની ક્યારે આંખો મળી ગઈ. જીવવા મરવાના કૉલ પણ અપાયા. અને લાચાર ડાહ્યલી રડતી કકળતી સાસરે જતી રહી ત્યારે. એ જ ભીની લાગણીનો ઈતિહાસ. ઈતિહાસ જ રહી ગયો.

તો વળી દીવાલે દીવાલે કોતરાઈ બેઠેલો પોતાની કારમી ગરીબાઈનો ઈતિહાસ વાંચતી આ છ આંખ આજે પોતપોતાના પર આ ઘરમાં વિતેલી દુઃખદ ઘડીયો વચ્ચે પણ પોતાના ક્યાંક ક્યાંક બા સાથે ગાળેલી સુખદ પળોને વાગોળવામાં, બાની હૂંફ, બાના લાડપ્યાર, બાનું બલિદાન, છોકરાં માટે પોતાના સુખને કોરાણે મૂકી ચારે

**અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર**

# સ્કૂલનો નાસ્તો

રવિવાર હતો. શહેરનાં પોશ એરિયામાં આવેલ ભવ્ય બંગલામાંની લોનમાં સુકેતુ સવારમાં બેઠો બેઠો મેગેઝિન્સ ઉથલાવતાં ઉથલાવતાં કોફી પી રહ્યો હતો. પૂજાના રૂમમાં તેની પત્ની નીતા પ્રાર્થના કરી રહી હતી. આ રોજનો ક્રમ હતો. પોતે આઠેક વાગ્યે ઉઠતો પણ નીતા સવારમાં પાંચેક ઊઠી જતી.

નીતા શહેરથી થોડે દૂર આવેલ એક ગામમાં પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરતી અને સુકેતુ શહેરનાં જાણીતા ઉદ્યોગપતિનો એકનો એક દીકરો અને આ શહેરનો નગરપાલિકામાં પ્રમુખ. અને હવે તો તે અનેક સંસ્થાનો પ્રમુખ, અનેક ચેરીટેબલ ટ્રસ્ટનો સભ્ય, અનેક સંસ્થામાં ટ્રસ્ટી અને કાંઈક સામાજિક સંસ્થાઓનો મોભી હતો.

સુકેતુ નાહીને બહાર આવ્યો. નીતા કિચનમાં નાસ્તો બનાવતી હતી. શક્કરપારા, સેવમમરા, મકાઈનાં પૌવાનો ચેવડો, શીંગ પાક વગેરે. દર રવિવારે નીતાનો આ નિત્યક્રમ આખા અઠવાડિયાનો નાસ્તો એ રવિવારે બનાવે. બને બાળકોનાં ટિફિનમાં આ ઘરનો નાસ્તો જ હોય.

સુકેતુને આ ગમતું નહિ બીજાં બાળકો જયારે મેગી ખાતા હોય, પફ ખાતા હોય  કે પછી પિઝા ખાતા હોય ત્યારે પોતાના બાળકો આવો દેશી નાસ્તો ખાય અને એ પણ ઈન્ટરનેશલ શાળામાં એ કેવું એબ્સર્ડ દેખાય !

પછી એ નાસ્તામાંથી નીતા દરરોજ મોટા મોટા ડબ્બા ભરીને પોતે નોકરી કરતી તે શાળાએ પણ લઈ જાય, બપોરનું ટિફિન તો અલગ જ હોય..

એક દિવસ સુકેતુએ નીતાને કીધું : ‘તું આટલો બધો નાસ્તો લઈ જાય છે તે તમે બધી શિક્ષિકાઓ નિશાળમાં બેસીને ભણાવો છો કે પછી બેઠા બેઠા નાસ્તો જ કરો છો? ત્યાં તમે કરો છો શું ?’

‘બસ મજા આવે’ ! નીતા એ સ્મિત કરતાં જવાબ આપેલો...

‘તમે આ થોડો નાસ્તો ચાખોને’ નીતા કહેતી...

‘ના બાબા આદમના જમાના વખતનો નાસ્તો મને ના ફાવે, હવે તો ફોરજીનો જમાનો મેડમ અને તમે હજુ ટુજીમાં જ છો, તને કંટાળો નથી આવતો આવી જિંદગી થી’?

‘બસ, મજા આવે છે’ નીતાનો એ જ જવાબ... અને બને હસતા !

એક દિવસ સુકેતુ એ કીધેલું : ‘હવે શું જરૂર છે આ નોકરીની? છોડી દે અને ઘરે આરામ કર, આ રોજનું અપડાઉન, અને આપણને ક્યાં કોઈ વાતની ઘટ છે કે તારે નોકરી કરવી પડે?’

‘બસ, શિક્ષિકા તરીકે મજા આવે છે’ નીતાનો આ જવાબ સાંભળીને સુકેતુ કશું જ ના બોલ્યો... એ પણ સમજતો હતો ને માનતો હતો કે એના કુમકુમ પગલાં થયાં પછી જ એનું નામ થયું હતું... પૈસા થયાં હતાં... પહેલા એ બાપના નામે ઓળખતા હતાં અને આજે એના નામથી એના પાપા ઓળખાય છે...

સુકેતુ મોટા સમારંભોમાં જતો, શાળાઓના ઉદ્‌ઘાટનોમાં જતો. પણ, લગભગ એકલો જ જતો સજોડે જતો નહિ. નીતાની સાદગી તેને સારી લાગતી નહિ.

‘એક કામ કર તું બ્યૂટિપાર્લરમાં જા થોડીક હેર સ્ટાઇલ બદલાવ, જમાના સાથે વધારે સુંદર દેખાવું જરૂરી છે’ જમતાં જમતાં સુકેતુએ કહ્યું.

‘તે હું તમને નથી ગમતી’ નીતાએ પૂછ્યું.

‘ના એમ નથી પણ લોકોને કેવું લાગે કે શહેરની જાણીતી સેલિબ્રિટિની પત્ની આવી ઓર્થોડોક્સ !’ સુકેતુએ કહ્યું.

‘પણ તે ભલે ને લાગે મારે શું, મને તો બસ, આમાં જ મજા આવે છે...’

નીતાની દલીલ સામે સુકેતુ ક્યારેય દલીલ કરતો જ નહીં! પણ મિત્રો આગળ તો સુકેતુ ખૂબ જ લઘુતાગ્રંથિ અનુભવતો. સમારંભોમાં સુકેતુ જતો, હાઈ હિલ્સ અને અદ્યતન મેકઅપ કરેલી સ્ત્રીઓ જોતો, એનું મન ખીન્ન થઈ જતું... વિચારતો કે આ બધી કરતાં મારી પત્ની ખૂબ જ સુંદર છે....પણ એ આ રીતે તૈયાર થતી જ નથી! રાત્રિની પાર્ટીઓમાં એ એકલો જતો, બેકલેસ બ્લાઉઝ’માં અને પરફ્યુમ્સની સોડમથી મઘમઘી ઊઠેલી સ્ત્રીઓને જોતો... પોતાને પોતાની પત્ની જૂના જમાનાની હિરોઈન

જેવી લાગતી.

એક વખત સુકેતુને જયપુર એક કાર્યક્રમમાં જવાનું થયેલું. કાર્યક્રમ પત્યા પછી ટ્રેને અમદાવાદ તરફ પ્રયાણ કર્યું . સાંજના આઠેક વાગી ગયાં હતાં. પોતાની સામેની બર્થ પર એક યુવાન બેઠો હતો. થોડી વાતચીત થઈ. પછી યુવાને એક પુસ્તક કાઢ્યું. પુસ્તકના પાનામાંથી એક ફોટો કાઢ્યો, ફોટાને બંને આંખોએ ભાવપૂર્વક અડાડીને એ વાંચવા લાગ્યો.

સુકેતુ એ પૂછ્યું કે 'તમારા માતાપિતાનો ફોટો છે ?'

'ના અમને ભણાવતા એક બહેનનો ફોટો છે'... સુકેતુ એ ફોટો જોયો... એક સામાન્ય શિક્ષિકાનો ફોટો હતો. સાવ સાદો ફોટો હતો...

પછી વાત આગળ ચાલી... પેલો બોલતો ગયો... 'સાહેબ નહિ માનો પણ જે એ બહેને પ્રાથમિક શાળામાં અમને મદદ કરેલી એવી કોઈએ નથી કરી. અમને કોઈ જરૂરી વસ્તુ એ લાવી આપતાં, હું નહિ મારા જેવા અનેક વિદ્યાર્થીઓ આજે એ બેનના ફોટા પાકિટમાં કે પુસ્તકમાં રાખે છે. મેં તો સાહેબ મારા ઘરે પણ મારા રૂમમાં પણ એક આવો મોટો ફોટો રાખ્યો છે! ઊઠીને એના જ દર્શન થાય!'

બહેનને જે છોકરા ગરીબ હોયને તેને ખૂબ જ મદદ કરતા. સાડા ત્રણે એક રિશેસ પડે ત્યારે બહેન અમને નાસ્તો પણ કરાવતા, તમે નહિ માનો કે એણે અમારા પ્રવાસની ફી પણ ભરેલી છે, 'બોલતી વખતે મયૂરના મોઢા પર એક વિશિષ્ટ અહોભાવ છલકાતો હતો.'

પછી તો ઘણી વાતો થઈ, બધા જ વિદ્યાર્થીઓ જે અત્યારે સારા હોદ્દા પર છે એણે બહેનને ભેટ આપવાનું નક્કી કરેલ પણ બહેને કીધેલું કે તમે જે રકમ આપવા માંગો છે એ રકમ નજીકની પ્રાથમિક શાળાઓમાં જરૂરિયાતમંદ બાળકોને આપો, અને બધાએ એવું જ કર્યું...!

ઘણી બધી વાતો થઈ... છેલ્લે મયુરે એ પણ કીધું કે એ આવતા અઠવાડિયે સિંગાપોર જઈ રહ્યો છે એક મલ્ટિનેશનલ કંપનીમાં નોકરી માટે અને આજે તે બહેનને મળવા જઈ રહ્યો છે. બહુ જ આજીજી કરી ત્યારે બહેને માંડ હા પાડી છે અને બહેનને પ્રસિદ્ધિમાં જરા પણ રસ નથી... પછી શાંતિ છવાઈ ગઈ .

સુકેતુને લાગ્યું કે પોતે પોતાને એક મહાન હસ્તી ગણતો હતો પણ આજ એની સામે યુવાને જે વાત કરી એના પરથી એવું ફીલ થાય કે એક સામાન્ય શિક્ષિકા આગળ તો એ સાવ ફિક્કો જ લાગે છે! પોતે ગમે તેટલું દાન કર્યું હોય પણ કોઈ એનો ફોટો પાકિટમાં રાખતું નથી, કે ઊઠીને એના દર્શન કરતાં નથી... ધીમે ધીમે સુકેતુને લાગ્યું કે એક ભ્રમ જે એના મનમાં હતો.. એ ઓગળી ગયો હતો..

અમદાવાદ આવ્યું.. સુકેતુ એ મયૂરને કહ્યું 'ચાલ, તારે જ્યાં જવું છે ને એ રસ્તામાં જ આવે છે. હું તને ત્યાં ઉતારી દઈશ.'

સુકેતુની ઓડી કારમાં બંને ગોઠવાયાં. એક પોશ વિસ્તારમાં કાર એક બંગલાના ગેટ પાસે ઊભી રહી. મયુરનો હાથ પકડીને સુકેતુ તેને બંગલામાં લઇ ગયો અને બૂમ પાડી...

'નીતુ બહાર આવ, જો કોણ આવ્યું છે' સાંભળીને નીતુને નવાઈ લાગી લગ્ન પછી એકાદ વરસ જ એ સુકેતુની નીતુ હતી... પછી એ નીતા થઈ ગઈ હતી! તે આજ ઘણાં વરસે પાછું 'નીતુ' સાંભળવા મળ્યું..

'અરે મયુર તું?' આવ બેટા આવ! મયુરે નીતાનાં ચરણ સ્પર્શ કર્યા.

સામેની દીવાલ પર સુકેતુ અને નીતાના સંયુક્ત ફોટો હતો તે જોઈને કહ્યું... 'સાહેબ તમે મને છેક સુધી ના કહ્યું કે અમારાં બેનના તમે પતિ છો? ખરા છો સાહેબ તમે અને પૂરા ભાગ્યશાળી પણ છો સાહેબ !'

'બેટા અમુક સમયે બોલવા કરતાં સાંભળવામાં જ આનંદ આવે! બસ મજા આવે!' સુકેતુ ભીની આંખે બોલ્યો.

બધા ફ્રેશ થયા... બેઠા... ચા પીધી... ખૂબ વાતો કરી.

મયુર જવા રવાના થયો... નીતાએ પૂછ્યું કે કાંઈ જરૂર તો નથી ને.

'હા બેન એક મદદની જરૂર છે.. જો હોય તો મને એક ડીશએક નાસ્તો આપો જે અમને સાડા ત્રણની રિશેસમાં મળતો!'

**અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર**

## શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

### ગુજરાતમાં ૧૦ સૈનિક સ્કૂલ બનશે પાંચ હજાર વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે

ગુજરાતમાં સામાજિક ભાગીદારી હેઠળ ૧૦ નિવાસી સૈનિસ સ્કૂલો બનાવાશે. આ માટે શિક્ષણ વિભાગ દ્વારા વિધિવત ઠરાવ જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ધોરણ ૬થી ૧૨ના પાંચ હજાર વિદ્યાર્થીઓને પરીક્ષાના આધારે આ સ્કૂલોમાં પ્રવેશ અપાશે. આ સ્કૂલો માટે બજેટમાં થયેલી દરખાસ્ત મુજબ રૂપિયા ૫.૨૫ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. બે સ્કૂલ વિદ્યાર્થિનીઓ માટે બનશે અને સંચાલન માટે બે કાઉન્સિલની રચના કરાશે.

સ્કૂલોનું મકાન અને રહેઠાણની સુવિધા તેમજ અન્ય જરૂરી તમામ વ્યવસ્થા-સુવિધા પ્રોજેક્ટ પાર્ટનરે કરવાની રહેશે. ૭૫% જગ્યાઓ સરકારી-ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓ માટે અને ૨૫% જગ્યા ખાનગી શાળાના વિદ્યાર્થીઓ માટે રહેશે.

### તમામ શાળાઓમાં શિક્ષણ નીતિ હેઠળ હવે ચાઈલ્ડ ગ્રુપની રચના કરાશે

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત રાજ્યની તમામ શાળાઓમાં ચાઈલ્ડ ગ્રુપ એટલે કે બાલવૃંદની રચના કરાશે. શિક્ષણ વિભાગ દ્વારા તમામ શાળાઓમાં ધો. ૩થી ૧૨ના વિદ્યાર્થીઓના જુદાં જુદાં ગ્રુપ બનાવી બાલવૃંદની રચના કરવા ઠરાવ કરવામાં આવ્યો છે.

શાળાકીય પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની સહભાગીતા થાય અને વિદ્યાર્થીઓનું સ્થાયીપણું તેમજ સક્રિયતા વધારવા માટે તથા વિદ્યાર્થીઓ શૈક્ષણિક સાથે અન્ય પ્રવૃત્તિમાં રસ લેતા થાય અને શૈક્ષણિક ગુણવત્તા વધે તે માટે બાલવૃંદની રચના કરવા માટે સરકારે ઠરાવ કર્યો છે. આ ઠરાવ મુજબ ધો. ૩થી ૧૨ના તમામ બાળકોને કોઈપણ જાતના ભેદભાવ વગર ચાર જૂથમાં વિભાજિત કરવાના રહેશે.

દરેક ધોરણમાં ચાર ચાર જૂથ રહેશે. વિવિધ રસ-રુચિ ધરાવતાં બાળકોને સમાન રીતે વહેંચવામાં આવશે. ચાર બાલવૃંદ જૂથને નામ આપવાનું રહેશે. આ જૂથની જુદી જુદી કાર્ય પદ્ધતિ નક્કી કરવાની રહેશે. દરેક જૂથમાં એકથી બે શિક્ષક મેન્ટર રહેશે. મેન્ટર શિક્ષક જૂથ માર્ગદર્શક તરીકે કાર્ય કરશે.

### બોર્ડની પરીક્ષાની જેમ જ હવે સ્કૂલ પરીક્ષામાં નિરીક્ષકે કામ કરવું પડશે

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચમાં લેવાનારી ધો. ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષા પહેલાં સ્કૂલોને પોતાની પ્રથમ અને બીજી પ્રિલીમ પરીક્ષામાં બોર્ડ પરીક્ષાની જેમ જ વહીવટી કામગીરી કરવાની સૂચના અપાઈ છે.

જે રીતે ધો. ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષામાં ખંડ નિરીક્ષકે પત્રક નંબર-૧ ભરવાની કામગીરી કરવાની હોય છે એટલે કે વિદ્યાર્થીનું નામ, સહી, પુરવણીની સંખ્યા તથા બેઠક નંબર સહિતની તમામ વિગતો પત્રકમાં ભરવાની હોય છે. તે જ રીતે હવે શાળાઓની ધો. ૧૦ અને ૧૨ની પ્રથમ અને દ્વિતીય પરીક્ષામાં પણ ખંડ નિરીક્ષકો શાળાએ મૂકવાના રહેશે અને તેઓએ પત્રકો ભરવાની કામગીરી કરવાની રહેશે. બોર્ડ દ્વારા શાળાઓને પોતાની શાળા લેવલની પ્રથમ અને દ્વિતીય પરીક્ષા માટે ખંડ નિરીક્ષકોએ કરવાની થતી કામગીરીની સૂચનાઓ-જોગવાઈઓ મોકલી આપવામાં આવી છે.

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના શિક્ષકોને ૪૨૦૦નો ગ્રેડ-પે

છેલ્લાં ઘણાં વર્ષોથી નગર અને મહાનગર પાલિકાની શાળાઓના પ્રાથમિક શિક્ષકો ઉચ્ચતર પગાર ધોરણ હેઠળ ૪૨૦૦નો ગ્રેડ-પે આપવાની માંગ કરી રહ્યા હતા. આ માંગણી સરકાર દ્વારા સ્વીકારાઈ લેવાઈ છે. સરકારે નગર અને મહાનગર પાલિકાની શાળાઓના શિક્ષકોને ૪૨૦૦નો ગ્રેડ-પે આપવાનો ઠરાવ કરી દીધો છે.

## ગુજરાતની ૫૮ યુનિવર્સિટીઓના ૯૩૦ પીએચ.ડી. Ph.D. વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ મળશે.

માસિક સ્ટાઈપેન્ડ યોજના અંતર્ગત સરકારે ગુજરાતની સરકારી, ખાનગી અને સેક્ટોરિયલ સહિતની ૫૮ યુનિવર્સિટીઓના ૨૦૨૧-૨૨ના ૯૩૦ પીએચ.ડી. Ph.D. વિદ્યાર્થીઓની અરજી મંજૂર કરી છે. આ વિદ્યાર્થીઓને સરકાર દ્વારા માસિક ૧૫ હજાર અને વાર્ષિક ૨૦ હજારની સહાય આપવામાં આવશે. રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની ૫૮ યુનિવર્સિટીઓના આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, ઈજનેરી, ફાર્મસી, એજ્યુકેશન, ફોરેન્સિક સાયન્સ સહિતની ફેકલ્ટીના ૯૩૦ વિદ્યાર્થીઓને બે વર્ષ સુધી સહાય મળશે.

## મેડિકલના ઓલ ઈન્ડિયા ક્વોટાના વિદ્યાર્થીઓને પણ હવે બોન્ડ લાગુ પડશે

યુજી મેડિકલ અને પીજી મેડિકલ એમ બંને અભ્યાસક્રમોમાં હવે આ વર્ષથી ઓલ ઈન્ડિયા ક્વોટાના વિદ્યાર્થીઓને પણ બોન્ડ નીતિ લાગુ પડશે. અન્ય રાજ્યોમાં ઓલ ઈન્ડિયા ક્વોટામાં બોન્ડ લેવામાં આવતા હોઈ, ગુજરાતમાં અત્યાર સુધી ઓલ ઈન્ડિયા ક્વોટામાં બોન્ડ નીતિ લાગુ ન હતી. સરકારે આ વર્ષથી બંને ક્વોટામાં સમાનપણે બોન્ડ નીતિ લાગુ કરવાની જાહેરાત કરી છે. આ માટે આરોગ્ય વિભાગ દ્વારા તમામ મેડિકલ કૉલેજોના ડીનને પરિપત્ર કરેલ છે.

## પેરામેડિકલ કોર્સિસમાં પ્રવેશ માટે ૪૪ હજારથી વધુનું રજિસ્ટ્રેશન વધુનું રજિસ્ટ્રેશન :

ધો. ૧૨ સાયન્સ પછીના નર્સિંગ અને ફિઝિયોથેરાપી સહિતના ૯ જેટલા પેરામેડિકલ કોર્સિસમાં પ્રવેશ માટેની ઓનલાઈન કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયાનું રજિસ્ટ્રેશન પૂર્ણ થઈ ગયું છે. આ વર્ષે ૪૪ હજારથી વધુ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયું છે. મેડિકલ પ્રવેશ માટેની નીટમાં આ વર્ષે વધુ વિદ્યાર્થી પાસ થતા રજિસ્ટ્રેશન ઘટ્યું છે.

## બ્રિટનની પાર્લામેન્ટમાં ડૉ. કુમારપાળ દેસાઈને એનાયત થનારો 'અહિંસા એવોર્ડ'

ભારત માટે આ એક ગૌરવભરી ઘટના છે, કે બ્રિટનની પાર્લામેન્ટમાં ડૉ. કુમારપાળ દેસાઈને અહિંસા એવોર્ડ મળવાનો છે. ગુજરાતની આ પ્રથમ વ્યક્તિ છે. જેમને આ એવોર્ડ મળે છે. ભારતમાંથી આ એવોર્ડ પ્રાપ્ત કરનાર આ ચોથી વ્યક્તિ છે. ડૉ. કુમારપાળ દેસાઈને ઈંગ્લેન્ડની ત્રીસથી વધુ સંસ્થાઓના સંગઠન 'જૈન ઓલ પાર્ટી પાર્લામેન્ટરી ગ્રુપ' દ્વારા આગામી તા. ૧૬-૧૧-૨૦૨૨ના રોજ ૬.૦૦ થી ૮.૦૦ દરમિયાન લંડનમાં અહિંસા એવોર્ડ એનાયત થશે.

'ઘરશાળા' શૈક્ષણિક માસિક શ્રી કુમારપાળ દેસાઈને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## વરિષ્ઠ સાહિત્યકાર મોહમ્મદ માંકડનું અવસાન

વરિષ્ઠ સાહિત્યકાર મોહમ્મદ માંકડનું તારીખ ૫-૧૧-૨૦૨૨ને શનિવારના રોજ ૯૪ વર્ષે દુઃખદ અવસાન થયું છે. તેમના સાહિત્ય સર્જનમાં, 'કેલિડોસ્કોપ', 'હાયર', 'ધુમ્મસ', 'ખેલ', 'અશ્વદોડ', 'ઝાકળના મોતી', 'સુખ એટલે', 'રાતવાસો', 'વાતવાતમાં' અને 'મોહમ્મદ માંકડની વાર્તાઓ'નો સમાવેશ થાય છે. તેમને ૨૦૦૭માં રણજિત રામ સુવર્ણચંદ્રક અને ૨૦૧૮માં સાહિત્ય ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. 'ઘરશાળા' શૈક્ષણિક માસિક પરિવાર તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ પાઠવે છે.

# સરસ્વતી નાગરિક સમાજ
# સન્માન - અભિવાદન કાર્યક્રમ

**'સરસ્વતી વિદ્યામંડળ'** સંચાલિત શાળાઓના પૂર્વ વિદ્યાર્થીઓનું સંગઠન **'સરસ્વતી નાગરિક સમાજ'**ના ઉપક્રમે તા. ૨૦-૧૧-૨૦૨૨ને રવિવારના રોજ શ્રી શાંતિકુમાર કોઠારી વિદ્યાલયમાં **'વાર્ષિક સ્નેહમિલન અને સન્માન-અભિવાદન'**નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન સારસ્વત અને સરસ્વતી વિદ્યામંડળના અધ્યક્ષ, માનવ અધિકાર આયોગ - ગુજરાત રાજયના ચેરમેન તથા ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ચીફ જસ્ટીસશ્રી રવિકુમાર ત્રિપાઠી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે સારસ્વત, જાણીતા ચાર્ટડ એકાઉન્ટન્ટ અને સરદાર પટેલ સ્મારક સોસાયટીના મેનેજીંગ ટ્રસ્ટી અને આશીર્વાદ ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રી આર.એસ. પટેલ હતા. આ ઉપરાંત સરસ્વતી વિદ્યામંડળના ટ્રસ્ટીઓ શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે (મંત્રી), શ્રી સજુભા ઝાલા (સહમંત્રી), શ્રી રાજેન્દ્રભાઈ દવે, ડૉ. મનસુખભાઈ પટેલ, શ્રી ગણેશભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત સરસ્વતી સંગીતવૃંદના સારસ્વતશ્રી ભરતભાઈ ઉપાધ્યાય, હરિદાસ ગાંધર્વ અને બીપીનભાઈ નાયક દ્વારા મંગળગીતથી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો, પૂર્વ આચાર્યો, પૂર્વ શિક્ષકો, પૂર્વ વિદ્યાર્થીઓ (સારસ્વતો) અને સરસ્વતી પરિવારના સૌ કાર્યકરોનો આવકાર અને પરિચય ઉત્સાહી અને સક્રિય સારસ્વત, પૂર્વ શિક્ષક (જે.એન.બાલિકા વિદ્યાલય) શ્રી કલ્પેશભાઈ પટેલે આપ્યો હતો.

પ્રાસંગિક પ્રવચન આપતા મંત્રીશ્રી જ્યોતીન્દ્રભાઈએ જણાવ્યું કે આજનો આ કાર્યક્રમ વિશિષ્ટ છે. સરસ્વતી વિદ્યામંડળના અધ્યક્ષસ્થાને પ્રથમવાર સારસ્વતશ્રી રવિકુમાર ત્રિપાઠીની વરણી કરવામાં આવી છે. જે સૌ સારસ્વતો માટે આનંદ અને ગૌરવનો પ્રસંગ છે. સરસ્વતી વિદ્યામંડળના સહમંત્રીશ્રી સજુભા ઝાલા જેઓ તેમના વિદ્યાર્થીકાળથી સરસ્વતી પરિવારમાં ૬૦થી પણ વધુ વર્ષોથી કાર્યરત છે. તેમનું સન્માન કરવાનો અવસર છે. તેમજ કોરોનાકાળના કપરા સમયમાં જે સારસ્વતોએ તન-મન અને ધનથી સંસ્થાને મદદ કરી છે તેમને પ્રશસ્તિપત્ર અર્પણ કરવાનો ગૌરવશાળી પ્રસંગ છે.

સરસ્વતી વિદ્યામંડળનું સંચાલન પૂર્વવિદ્યાર્થીઓ જ કરશે તેવી પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયકના સંકલ્પને આપણે ચરિતાર્થ કર્યો છે તે આપણા સૌ માટે સીમાચિહ્ન બની રહેશે. મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષશ્રીનું અભિવાદન ટ્રસ્ટીશ્રી રાજેન્દ્રભાઈ અને ટ્રસ્ટીશ્રી ગણેશભાઈ દ્વારા પુસ્તક અને શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

સહમંત્રીશ્રી સજુભા ઝાલાને શ્રી શાંતિકુમાર વિદ્યાલયની બહેનો દ્વારા અક્ષત-કુમકુમથી સન્માન વિધિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અતિથિવિશેષશ્રી આર.એસ. પટેલ સાહેબે શાલ અર્પણ કરી શ્રી સજુભાનું સન્માન કર્યું હતું. સન્માનપત્રનું વાંચન શ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ કર્યું હતું અને સન્માનપત્રનું અર્પણ કાર્યક્રમના મુખ્ય મહમાનશ્રી રવિકુમાર ત્રિપાઠી સાહેબે કર્યું હતું.

સરસ્વતી વિદ્યામંડળને પ્રેમભરી લાગણીસભર મદદ કરનાર ૨૭ સારસ્વતોને વડીલશ્રીઓના વરદ્ હસ્તે પ્રશસ્તિપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. સન્માનનો પ્રતિભાવ સહમંત્રીશ્રી સજુભા ઝાલાએ અત્યંત લાગણીસભર અભિવ્યક્તિથી આપ્યો હતો. સરસ્વતી સાથેના ૬૦ વર્ષના સંબંધોનું વિહંગાવલોન કરતાં સૌ વડીલો, પૂર્વ આચાર્યોને વંદન કર્યાં હતા. તેમજ સહકાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે શ્રી સજુભાના પરિવારના સભ્યો પણ ઉપસ્થિત રહી

કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા.

અતિથિ વિશેષશ્રી આર.એસ.પટેલ સાહેબે પ્રાસંગિક પ્રવચન કરતાં સંસ્થાના ઈતિહાસને, નિષ્ઠાને અને કાર્યપ્રણાલીને બિરદાવી હતી. મુખ્ય મહેમાન જસ્ટીસશ્રી રવિકુમાર ત્રિપાઠી સાહેબે પણ પ્રાસંગિક પ્રવચન આપી સારસ્વતોને પ્રેરણા આપી હતી.

કાર્યક્રમના અંતે સારસ્વત શ્રી અતુલભાઈ ઘાડિયાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને શ્રી શાંતિકુમાર કોઠારી વિદ્યાલયની ટીમ અને શ્રી જશીબેન શિક્ષણ સંકુલની જવાબદારી સંભાળતાં સારસ્વતશ્રી દિલીપસિંહ સોલંકીનો વિશિષ્ટ આભાર માન્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જે.એન. બાલિકાનાં શિક્ષિકા મૃણાલ ઓઝાએ કર્યું હતું.

સૌ સારસ્વતોએ બપોરનું ભોજન સાથે માણ્યું હતું.

## બાનું ઘર

ભાંડુઓના ચહેરા પર સુખ વાંચતી બા, આજે આ ઓરડામાં ત્રણેય ભાઈઓ બાની અનુભૂતિ કરી રહ્યાં.

"મોટાભાઈ, ગાઈડ તરીકે હું કેટલાય રાજા મહારાજાઓના ઈતિહાસ જાણી ચૂક્યો છું. ભારતવર્ષના અનેક ઐતિહાસિક સ્થળોનાં વર્ણનો મને મોઢે છે પણ આપણે આપણા જ ઈતિહાસથી, આપણી આવતી પેઢીને અજાણ રાખીશું તો ખૂબ મોટો અપરાધ કર્યો ગણાશે."

"હા આ મકાન માત્ર વડીલોપાર્જીત મિલકત નથી પણ આપણી પેઢીઓનો ઐતિહાસિક પુરાવો પણ છે એ ધરોહર, વેચી રોકડી કરી લેવાનું પાપ તો આવતી પેઢી સાથેનો અન્યાય છે."

"હા મોટાભાઈ, હા અનિલભાઈ. પૂર્વજોના આત્માને ઠેસ પહોંચાડવાનું પાપ આપણે કરવું નથી. ભલે થોડી વધારે મહેનત કરીશું પણ આપણે આપણી આ ખાનગી ઐતિહાસિક ધરોહરને તો હેમખેમ જ રાખવી છે. નથી વેચવી આપણે આ આપણી અંગત, આપણી પોતાની ઐતિહાસિક ધરોહર."

ત્રણે ભાઈઓએ 'બાનું ઘર' ન વેચવાનો ન માત્ર નિર્ણય કર્યો પણ ભવિષ્યમાં પણ તે યાદો જળવાઈ રહે તે હેતુથી આ મકાનને સાર્વજનિક પુસ્તકાલય તરીકે ભેટ આપી તેનું જતન કરવું અને તેનું નામ 'બાનું ઘર સાર્વજનિક પુસ્તકાલય' આપી પેઢીને અમર કરવાનું નક્કી કરી દીધું.

## સ્કૂલનો નાસ્તો

'હા જરૂર' નીતાની આંખ પણ પણ ભીની થઈ ચૂકી હતી... ડાઈનિંગ ટેબલ પર મયુર બેઠો એ જૂના અને મોટા મોટા ડબ્બામાંથી નાસ્તો નીકળ્યો, શક્કર પારા, સેવમમરા, શીંગ પાક વગરે! એક મોટી ડીશમાં મયુરને નાસ્તો અપાયો...

'મને પણ આ નાસ્તો મળી શકે?? સુકેતુએ કહ્યું અને નીતાને નવાઈ લાગી એ બોલી : 'તમને આ ભાવશે ? ફાવશે ?'

'હા, અને મજા પણ આવશે' સુકેતુ બોલ્યો અને નીતાના શરીરમાં ખુશીના દીવડા સળગી ઊઠ્યા!

તમારા વખાણ બીજા કરે એ તો સારું જ લાગે પણ સાવ અંગત વ્યક્તિ બીજાની હાજરીમાં વખાણ કરે ને ત્યારે રોમ રોમ આનંદિત થઈ ઊઠે!!

નીતા બેયને નાસ્તો પીરસતી ગઈ ને મયુર અને સુકેતુએ ભરપેટ નાસ્તો કર્યો..

ક્યારેક બેસીને વિચારજો કે જિંદગી જીવવા માટે શું જરૂરી છે?

જો હમસફર સમજદાર હોય તો સંસારરૂપી સાગર તરી જવાય છે. રૂપ ના જોશો ગુણ જોજો.

કોઈના દિલમાં વસો એજ જીવન સાચું. બાકી મસ્કા મારે ને સ્વાર્થ પૂરતો સંબંધ એ તો દુનિયાનો નિયમ છે.

આજે તમે એ સુકેતુનું વોટ્સએપ ચેક કરો ને તો ડિસ્પ્લે પિક્ચરમાં એની પત્નીનો સાદો અને સાડીવાળો એક ફોટો છે અને એનું સ્ટેટ્સ આ પ્રમાણે છે : 'માય ડિવાઈન ડ્રીમ, માય સાઉલ્સ ક્રીમ, માય નીતુ.' જિંદગી જીવવા માટે એક સાથ હમસફરનો...

ભલા માણસ હવે તો સુખની વ્યાખ્યા બદલિયે અને એક આદર્શ શિક્ષક તરીકે એવી કર્તવ્યભવાના અને ફરજ અદા કરી આપની શાળાનાં બાળકોનાં દિલમાં કાયમ ન વસી શકાય ? મજા આવશે મેં અનુભૂતિ કરી છે આપ પણ કરજો મજા આવશે.

# સરસ્વતી નાગરિક સમાજ - સારસ્વતોનું અભિવાદન


શ્રી આર. એસ. પટેલ (સીએ)


શ્રી કનૈયાલાલ દવે પરિવાર


શ્રી રાજેન્દ્રભાઈ દવે


શ્રી ગણેશભાઈ ચૌહાણ


ડો. નટવરભાઈ ઝાઝરુકિયા


શ્રી વિરેન્દ્રભાઈ તાપરિયા (સીએ)


શ્રી જિગ્નેશભાઈ પટેલ


શ્રી અતુલભાઈ ઘાડિયા (નોટરી)


ડો. ભાવેશભાઈ ઠક્કર


શ્રી દિલીપસિંહ સોલંકી


શ્રી કલ્પેશભાઈ પટેલ


શ્રી મુકેશભાઈ પડશાળા


શ્રી ઉર્વિલભાઈ કસવાલા


શ્રી પંકજભાઈ વ્યાસ


શ્રી મનીષભાઈ પટેલ

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૧૫/-● વાર્ષિક લવાજમ: રૂ.૧૫૦/-

# માનવ નિર્માણ
# ચૈતન્ય વિકાસનો પાયો

આજે સંવેદનશીલતા કુંઠિત થતી જાય છે. પરિણામે માનવી, માનવથી જ અતિ ભયભીત છે. છતાં માનવી ચેતનામાં રહેલું ચેતન તત્ત્વ પૂર્ણતા કાજે શ્રદ્ધાનું બળ છે, જે શોધે છે એ પામે છે, એવું વિજ્ઞાને સિદ્ધ કર્યું છે. યુવા પેઢી, મોબાઈલ, કમ્પ્યૂટર દ્વારા વિકાસને માર્ગે, નવી શોધ તરફ ગતિમાન છે, ત્યારે શીલ, સંસ્કાર અને શ્રમનિષ્ઠા દ્વારા વિકસીત થવાની સંભાવનાઓ, પણ વધતી જાય છે. જીવનમૂલ્યોની કેળવણીને કેન્દ્રમાં રાખી, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિસ્તારી, વિકસીએ અને યુવા પેઢીને પ્રોત્સાહિત કરીએ એ સમયની માંગ છે.

- અરવિંદ દેસાઈ



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.